ચતુર સુંદર

સ્ત્રી વિલાસ.

મનહર રસીક ગરબાવળી.

આઠ ભાગમાં.

છપાવી પ્રસિદ્ધ કરનાર

બુકસેલર.-સાકરલાલ બુલાખીદાસ.

ઠે૦ ગાંધીરોડ અમદાવાદ.

આવૃત્તિ ૬ ઠી. સને ૧૯૧૪ પ્રત ૪૦૦૦

અમદાવાદ.—પીરમસાના રોજા પાસે શ્રી સત્યસાગર પ્રિન્ટીંગ
પ્રેસમાં પટેલ પોપાભાઇ પ્રભુભાઇએ છાપ્યું

કીમત ૦-૬-૦

ચતુર સુંદર

સ્ત્રી વિલાસ.

મનહર રસીક ગરબાવળી.

આઠ ભાગમાં.

છપાવી પ્રસિદ્ધ કરનાર

બુકસેલર.-સાકરલાલ બુલાખીદાસ.

ઠે૦ રીચીરોડ અમદાવાદ.

આવૃત્તિ ૬ ઠી   સને ૧૯૧૪   પ્રત ૪૦૭૦

અમદાવાદ.—પીરમસાના રોજા પાસે શ્રી સત્યસાગર પ્રિન્ટીંગ પ્રેસમાં પટેલ પોચાભાઇ ચકુભાઇએ છાપ્યું

કીમત ૦-૬-૦

અનુક્રમણીકા.

ભાગ ૧ લો.

દયારામ કૃત લાવણી	૧૭
આશારામ કૃત દર	૧૯
શ્રી નાથજીના મહીના	૨૦
જીવન પ્રભુના મહીના	૨૧
રૂખીબાજીના મહીના	૨૪
ગોપીએની સ્તુતીના મહીના	૩૦
પતીને પરદેશ ન જવા દેવાના મહીના	૩૨
ભરથજીના મહીના	૩૫
નંદલાલના મહીના	૩૯
શ્રી કૃષ્ણના મહીના	૪૦
રાધીકાના મહીના	૪૧
બહુચરાજીના મહીના	૪૩
શોભખુશાલના મહીના	૪૪
અંબાજીના મહીના	૪૬
સીતાજીના મહીના	૪૮
લાલજીના મહીના	૫૧
વૈરાગના મહીના	૫૩
નરસિંહજી મહારાજનો મહીનો	૫૫

કૃષ્ણના દશ અવતારનો ગરબો	૫૮
અંબાજીનો ગરબો	૬૦
બહુચરાજીનો ગરબો	૬૩
ગોરમાનો ગરબો	૬૬
બાળબાળાનો ગરબો	૬૯
મુંબાઈ સુરતનો ગરબો	૭૨
વડોદરા શહેરનો ગરબો	૭૪
માહા કાળીનો ગરબો	૭૭
બહુચરાજીનો ગરબો	૭૮
રેલવે ગાડીનો ગરબો	૭૯
અમદાવાદ શહેરનું વર્ણન	૮૦

ભાગ ૨ જો.

બજરંગી હનુમાનનો ગરબો	૮૨
લાવણી ,,	૮૭
સાતવાર	૮૯
આઠવાર	૯૦
પંદર તીથીઓ ૧ લી ૭૯	૯૧
,, ૨ જી	૯૩
,, ૩ જી	૯૫
,, ૪ થી	૯૭
,, ૫ મી	૯૯
,, ૬ ઠી	૧૦૧
,, ૭ મી	૧૦૨
ભગવાનનો રાસડો.	૧૦૩

ભાગ ૩ જો.

અભીમન્યુનો ચક્રાવો	૧૦૪
વ.ધામણું	૧૧૧
શીરખાદીની ગરબી ૧ લી	૧૧૪
,, ,, ગરબી ૨ જી	૧૧૫
નરસીંહજીની ગરબી ૩ ત્રીજી	૧૧૭
રણછોડજીની ગરબી ૪ થી	૧૧૮
અંબાજીની ગરબી ૫ મી	૧૧૯
મ.ળાની ગરબી ૧ લી	૧૨૧
,, ,, ૨ જી	૧૨૨
,, ,, ૩ જી	૧૨૨
,, ,, ૪ થી	૧૨૩
પ્રેમની ગરબી ૧ લી	૧૨૩
,, ૨ જી	૧૨૪
,, ,, ૩ જી	૧૨૪
,, ,, ૪ થી	૧૨૫

ભાગ ૪ થો.

હારે ચાલો ડાકોરમાં જઇ વસીએ એ રાગની ગરબી ૧ લી	૧૨૫
હાંરે લટકાળો ગીરીવરધ.રી ૨ જી ગરબી	૧૨૬
હાંરે મારા શામ કાને મળજો ૩ જી ગરબી	૧૨૬
હાંરે જુમનાની તરે વાહાલો ૪ થી ગરબી	૧૨૭

હારે ચાલો ચતુર કોઇ લાવજો ૫ મી ગરબી	૧૨૭
હારે મોહન મળતા નથી અમને ૬ ઠી ગરબી	'૨૮
હારે વિઠ્ઠલમાં વળગો હમનેરે ૭ મી ગરબી	૧૨૮
હારે મોહની મોરલી વાગી ૮ મી ગરબી	૧૨૯
મારા મનગમતાં મહારાજ મારે ઘેર આવોરે	૧૨૯
જેનો પીયુડા પર મેર જાય ગરબી ૨ જી	૧૨૯
જાગો જુઠડા બોલા કહાન ગરબી ૩ જી	૧૩૦
મને કૃષ્ણ જોયાની કોડ સૈયર ચાલો ગરબી ૪ થી	૧૩૦
તારી મોરલીએ મહારાજ મન હરી લીધાંરે ગરબી ૫ મી	૧૩૧

ભાગ ૫ મો.

રાસ લીલાની ગરબી ૧	૧૩૨
ગરબી ૨ જી	૧૩૩
મુજને દગો દીધો નંદજીના છઇયે ગરબી ૩ જી.	૧૩૪
કાનો ક્યાં ગયોરે અલબેલો કોણ ગરબી ૪ થી	૧૩૫
હું તો ઘેલી થઇરે પેલા કાનુડાની સંગે ગરબી ૫ મી	૧૩૫
મુજને દગો કરીરે પેલો ક્યાં ગયો કાનુડો ગરબી ૬ ઠી	૧૩૬
વનમાં ભુલી પડીરે પેલો ક્યાં ગયો કાનુડો ગરબી ૭ મી	૧૩૭
વાલમ ક્યાં ગયા તારે સાચું બોલો મારા શ્યામ ગરબી ૮ મી	૧૩૯
ગીરધર લાલજીરે મારી નાવલડી સંભાળ ગરબી ૯ મી	૧૪૦
સુતારા ધરણીધર તારી વાંસળીરે લોલ ગરબી ૧૦ મી,	૧૪૦
હસવા સરખી હરીસુ મારે ગોઠડીરે ગરબી ૧૧ મી	૧૪૧

રાસ લીલાની સાખીઓ ૧૪૧
રાસ લીલા ૧૪૪
વયે અળગા અમે જાણીએરે દાણ લીલા ૨ જી ૧૪૬
આવા ગ્રેણા માણસને લાગે ઘણુંરે દાણના ૩ જી ૧૪૮
આવા કાનજી તું ક્યારનો ઘેલો થયો જે દાણલીલા ૧૪૯
દાણલીલાની સાખીઓ આહેરીઆં ગરબીઓ ૧૫૪
કુંજ ગીઓ જાવાદો અમને ૧૫૭
ઉદ્ધવના આહેરીયાં ૧૬૨

ભાગ ૬ ઠો.

દાણ લીલાની ગરબી ૧ પહેલી ૧૬૩
જગાડે મને શાને રોકો છો વાટમાં ગરબી ૨ જી ૧૬૪
વાલ કનુ ઉભા રહોને અલબેલી ગરબી ૩ જી ૧૬૫
જમીનપર જળનાં દાન રોપ્યું લે છે ગરબી ૪ થી ૧૬૫
ધણીકી દાણની રીત ઓછી કહાડી ગરબી ૫ મી ૧૬૬
હારે મારા નીર શે વનમાળી ગરબી ૬ ઠી ૧૬૭
જીરેરેની આપનો થાન ખોટ ગરબી ૮ મી ૧૬૮
સુદડાની ગરબી ૧ લી ૧૬૯
કહાન ક્યારે મારી સુંદડીના ચોર ગરબી ૨ જી ૧૭૧
કુંજ બોલ્યારે નીકળ જળથી તું બહાર ગરબી ૩ જી ૧૭૨
નંદજીની ગરબીઓ તમેરે નંદજી ગરબી ૧ લી ૧૭૨
નાખે નીરને નંદજી બોલ્યારે ગરબી ૨ જી ૧૭૩
જસોદા પુછે પીઉને પ્રમથુરે ગરબી ૩ જી ૧૭૩
મનમાં વજ વીનતા વાતો કરેરે ગરબી ૪ થી ૧૭૪

ચંદ્રાવળીની ગરબીઓ ૧ પહેલી	૧૭૪
આસો માસો શરદ પુનમની રાતજો ગરબી ૨ જી	૧૭૬
જસોદાજીના બાળ સ્વભાવની ગરબી ૩ જી	૧૭૭
હાથ વછુટી મારી મટુકી ફુટી ગરબી ૪ થી	૧૭૮
ઝુમકહાર સોહે તેડો હો રાજ ગરબી ૫ મી	૧૭૮
ગગરી ઉતારે વનમાળી ગરબી ૬ ઠી	૧૭૯
પરમેશ્વરને પુજવા વિશે ગરબી ૭ મી ૧૫૭	૧૭૯
શામળીઆ લાલ સાસુડી સંતાપે ગરબી ૮ મી	૧૮૦
ઓ જસોદાજી આવડો લાડકવાયો ગરબી ૯ મી	૧૮૧
ઓ છોગળા અંબોડો ગુથીને ગરબી ૧૦ મી	૧૮૧
તમને શું કહીયેરે કામણગાળા છો ગરબી ૧૧ મી	૧૮૨
વાર હું વાલમરે અમને અકશોમાં ગરબી ૧૨ મી	૧૮૨
આવના આવના આવનારે સ્યામ ગરબી ૧૩ મી	૧૮૩
હારે અલ્યા બાંકી ન પહેરીએ પાઘડી ગરબી ૧૪ મી	૧૮૩
હારે મારૂ સોનાનુ છે બેડુરે ગરબી ૧૫ મી.	૧૮૪
મારારે સ્વામી બોલાને વાલા ગરબી ૧૬ મી	૧૮૫
મેદી મેરી શુ કરૂ મેદી મોટા આક ગરબી ૧૭ મી.	૧૮૬
સેવા હજારી વા ઠીલગીરી સહ ગરબી ૧૮ મી	૧૮૭
ચોરના બેસણુની ગરબી ૧૯	૧૮૭
ખાતરણુની ગરબી ૨૦ મી	૧૮૭
અચ્યો મય કરેલી ગરબી ૨૧ મી	૧૮૮
સુન્દર પરનારીની પ્રિત ગરબી ૨૨ મી	૧૮૮
ગરજીરે તમને મે દીઠા ગીરધારી ગરબી ૨૩	૧૮૯
નહી મેલુરે નંદલાલ છેડલો નહી ગરબી ૨૪ મી	૧૯૦

સાળજડુ માર સાથુરે છેલ છબીલી ગરબી ૨૫ મી ૧૯૧
મને મળીઆ છે મોરારીરે પનઘટ જાતાં ગરબી ૨૬ મી ૧૯૨
અમને છમકલે શું છેડો રે છેલછબીલા ગરબી ૨૭ મી ૧૯૨

ભાગ ૭ મો.

બેહેનો પતિવ્રતા ધરમ તમે સ્વીકારજાનો ગરબો ૧૯૩
સહીયર સુખકર સંસાર વિશે ગરબો ૧૯૪
સખીયો નજ નીજ ધર્મ સદા સંભારીએ ૧૯૫
માંકડ વીશે ગરબી ૧૯૬
વાંદરાની ગરબી ૧૯૭
શાખાઓ શખશાખો ૧૯૮
ચાલ સખી શેસાણી આવો મ્હારા બાગમાં એ રાગ ૨૮૩
ઠકરાણી બાવાની ગરબી ૨૦૫
છજ બાવાની ગરબીઓ ૨૦૬
ભોડીમસતકી ૨૦૭
ગીરીધર ગાળી ૨૦૮

ભાગ આઠમો.

કંકાતરી ગીત ૧ લુ ૨૦૯
વાડીમાં રેસ છેલ મોગરો ગીત ૨૧૦
મારેરે આંગણે કુમ ચણાવો ૨૧૦
સખીએ સંજાગે નીસર્યા ૨૧૨
રઢીઆમણો શેરો ૨૧૨

મારો માંડવો મોગરે છાયો	૨૧૨
ઇચ્છા મંડન મોગરો રચાવો	૨૧૩
સુરજ ઉગ્યો રે ઢેવડીઆની ફ્ણુશી	૨૧૩
કોણુ મારા આંગણુ સમરીયારે	૨૧૪
આવો માલણુ બેસો બેસણું	૨૧૫
હારે લીલા વાંસ વઢાવો	૨૧૫
ઉગતા શુરજની રજ ખરીરે	૨૧૫
ઊચી ઊચી મેડી મારા ઘરરે	૨૧૬
ગણેસ પાટ બેસારીએ	૨૧૮
ઝીકરડી નેતરના વદ્ધમાળીરે	૨૧૯
પીરસ્યો છે પંછા ફહુને ભણુંઉ ગુજર માગીરે	૨૧૯
જીરે આજ મેતો અડદા પરવત તુતયારે	૨૨૦
શોનાના સ્થંભ હીરે જડયોરે	૨૨૦
સેરી શેરી ઘુઘરડાં વાગે	૨૨૨
સુરત શહેર વસે એક સોનેરીરે	૨૨૨
સનમુખ શ્રીજી દેખાય હો સજની સનમુખ	૨૨૩
સખીઓ ચાલો તો શ્રીજી શહેરમાંરે	૨૨૪

ભાગ બીજો.

જ્યારે રામચંદ્રજી તથા લક્ષ્મણજી વનવાસ ચાલ્યા ત્યારે સીતાજીએ કહ્યું કે હું પણ સાથે આવીશ તે સમયે રામચંદ્રજીએ કહ્યું કે તમે પીયર જાઓ અથવા અહીં રહો, તે વિષેનુ ધોળ.

(મામેરૂં મોંઘા મુલનું. એ રાગનું, પણ તેમાં એક ઢેઢ બનરતીજણે)છે

રામ લક્ષ્મણ વનમાં સીધાવતાં, સતી સીતા આવતાં સાથ;
કહે રઘુનાથ પધારો પીયર પ્યારી.
નહી તો અહીં રહો સાસરાના રાજમાં હેતે હળીમળી સાસુ સંગાથ
નહી તો જોડી હાથ; પધારો ૧
અમે વસ્તીમાં નહી વસીએ વીનતા, અમે કરશું જઇ વનવાસ;
તમો પામો ત્રાસ, પધારો.
સાથે રથ કે ઘોડું નવ રાખીએ, નહી રાખીએ દાસી કે દાસ
કોઇ અમ પાસ પધારો ૨
તમે કોઇનો પંથ કાપ્યો નહીં, ચરણે ચાલવાથી પામો થાક
ચીટી ખેંચે નાક પધારો
અમ વનફળ ખાઇ ખુશીમાં રહેશું કોઇ દીવસે તો કેવળ શાક
વીના લુણ પાક. પધારો ૩
વનમાં નથી મંદીર મળીયા, નથી પહેડવા કાજ પલંક
રંગીત નવ રંગ. પધારો
કરશું ઘાસ કે પાનની ઝુપડી, સુવા સાથરો, તે ખુચે અંગ;
એમાં શો ઉમંગ પધારો ૪

વનમાં હીરના ચીરતો નહી મળે, વનમાં નહી મળે ફરતાં ફુલેલ
કે તેલ ફુલેલ. પધારો
વનમાં નહી મળે સાહેલીઓ, કંશો કે સંગે ખાંતથી ખેલ
ઉમંગ ભરેલ. પધારો ૫
ઉષ્ણકાળે વાસે ઉના વાયરા, એવું દેખને થાસો ઉદાસ;
જ્યારે જેઠ માસ. પધારો
વરસે મેઘને ઝબકશે વીજળી, તેરે દાણે તો તરૂ તળે વાસ.
નહી છત્ર પાસ. પધારો
વનમાં ધાતકી રહે તે રાક્ષસ ઘણાં; ત્યારે તરફરે બહુ ચોર;
બચે નહી ઢોર. પધારો
મોટા પરવત દેખીને માનની તને નજરે જોયા નહી જાય;
દીઠે ખાવા ધાય. પધારો ૭
તમે રાજ કન્યા કાયા કોમળી વનવાસમાં દુઃખ ન વેઠાય;
કાયા કરમાય પધારો
ઘરમાં અંધારૂં દેખી ડરો ઘણું. નથી નીસરીયા ઘરબાર;
છો નાજુક નાર પધારો ૮
તમે છોટી ઉમર વરસ સોળના નથી સંકટ વેઠયા લગાર;
તમે કોઇ વાર. પધારો
સાસુ સાસને ખીચર થયાં નથી તમને મેળવવા ઇચ્છે છે માય
હોશે ચિત્ત થાય. પધારો ૯
રાજા જનકજી તમને ઝંખે ઘણા, તેના સંદેશા આવે સદાય
તેડાં પાછા જાય. પધારો

ભાત ભાતનાં ભોજન ભાવતાં તમને મોકલશે મહીપાળ;
પુરાવીને થાળ. પધારો ૧૦
અમે અવધે ફરી જ્યારે આવશું, લેશું સ્નેહે તમારી સંભાળ;
ત્યારે તત્કાળ. પધારો
રૂડી મીથીલાપુરી મન માનતી, તેમાં પામસો પરમ વિરામ;
છે બાગનું કામ. પધારો ૧૧
ગોરી તમને ગમે તેમ હું કરૂં. એમ દલપતરામનો શ્યામ;
કહે રાજા રામ. પધારો ૧૨

પછી સીતાજી બોલ્યા પોળ

રાગ ઉપર પ્રમાણે.

એવું સાંભળી કહે, સુણો સુંદર સ્વામ સુજાણ;
પ્યારા મારા પ્રાણ, સાથે રાખો સ્નેહથી.
જુદાં કરવાની વાત વાલા કહો, તે તો બોલ લાગે તીખા બાણ;
રઘુકુળ ભાણ. સાથે રાખો ૧
સ્વામી જ્યાં તમે ત્યાં ઘર માહરૂં તમથી વેગળો તે પરદેશ;
હું જાણું હમેશ. સાથો રાખો.
સ્વામી તમે સુખી તો સુખ માહરે, તમે દુઃખી તો દુઃખ મારે દેહ;
એમાં શો સંદેહ. સાથે રાખો.૨
જે નાર પરણ્યા પછી રહે પીયરમાં અવતાર બળ્યો ધીક એહ
મુવા જેવી તેહ, સાથે રાખો
સ્વામી તમ વિના મંદીર મળીયાં, ભાસે પરવત મોટા સમાન;
વસ્તી તો વેરાન. સાથે રાખો ૩

મહારનમાં ભરી વસ્તી ભાસતે, જ્યારે પામીશ દરશન દાન;
કૃપાના નીધાન. સાથે રાખો
સાસુ સસરાને માત પીતા સઉ, ભલે જીવો કરો ક્રોડ રાજ;
મને મહારાજ. સાથે રાખો ૪
સ્વામી શું કરૂં બાઇ ભોજાઇને, સ્વામી શું કરૂં સૈયર સમાન;
થતું નથી કાજ. સાથે રાખો
સાંચુ સગપણ જગતમાં સ્વામી તણું બીજો સ્વારથી સઘળો સંસાર;
કુટુંબ પરીવાર. સાથે રાખો ૫
મારા લાડ પલાણ તમે લાલજી, બીજો નથી આંસુ લોનાર.
કે એક આધાર. સાથે રાખો
પ્યારી પ્રાણ થકી જો જુદી રહે, તો હું તમથી જુદી પડી છેક;
જીવું તજી ટેક. સાથે રાખો ૬
જેને ક્ષીર જળથી જુદી પડી માછલી. રાખે દુખમાં કરી વિવેક;
જીવે પણ એક; સાથે રાખો
તમે સુખના સાગર રહો વેગળા. પછી શું કરૂં રાજ ને પાટ
હવેલી ઠાઠ. સાથે રાખો ૭
મને હીરના ચીર ગમે નહી, મને ન ગમે ઘરેણાના ઘાટ;
મહાડો ઉચાટ. સાથે રાખો
હું તો તમને દીઠે દેખતી, અણ દીઠ તે આંધળી ભીત;
જનમની એ રીત. સાથે રાખો ૮
મેં તો સ્નેહ તોડ્યા સહુ લોકથી, બાંધી તમ સંગે પુરણ પ્રીત;
ચોરાયું જે ચીત. સાથે રાખો

જેમનું જીવન તમથી જુદા પડી, હોય ગીધપીધના પકવાન,
તે ઝીમનાં નીશાન. સાથે રાખો ૯
કરીએ ભોજન તમ સંગે આવશો, હોય કેવળ શાક કે પાન;
તે મેવા સમાન. સાથે રાખો
પડશે તડકા ને તાપ વનવાસના તે તો જાણીશ ચંદ્ર પ્રકાશ;
રહી તમ પાસ. સાથે રાખો ૧૦
સુજને મેલી જો વન પધારશો, આવી મળવાની ધરશો ન આશ
નીરખે પમું નાશ. સાથે રાખો
કરતાં વાત ઢળી પડી ધરણીએ, નારી જાનકી બહુને નીરાશ;
કહે મેલી સ્વાસ સાથે રાખો ૧૧
દયા કરો દેવ દશરથતનયના, સતી સીતાને દેખી ઉદાસ;
જતાં વનવાસ, સાથે રાખો સ્નેહથી ૧૨

રામચંદ્રજીએ સીતાને કાગળ લખ્યો તેનું ધ્યાન.

મામેરૂ મોંઘા મુલનું—એ રાગનું.

સ્વસ્તશ્રી પુરી લંકાં સોહામણી,
જ્યાં રાજે છે જનક કુમારી; પ્રીતમ લખે પ્યારીને,
રહો અખંડ એવાતણા તમ તણા,
એવી આશીષ વાંચો હમારી પ્રીતમ લખે પ્યારીને.
મોરી દેવના જોગે જુદાં પડ્યાં,
પણ પ્રાણ મારા તુજ પાસ- પ્રીતમ લખે પ્યારીને
એવું ભાખ્ય જગાચે કે જંગલે,
રહું તમ વીના અધીક ઉદાસ; લખે પ્યારીને. ૨

તારો સ્નેહ ઘડીએ ઘડી સાંભરે,
તારો ભાવ ભુલ્યો કેમ જાય; પ્રીતમ લખે પ્યારીને.
તારા હેતથી હૃદયું ભરાય છે.
તે તો ખણુથી ન લખાય; પ્રીતમ લખે પ્યારીને. ૩
મારે અરથે તમે બાળપણુ થકી,
તજ્યો સઘળો પીયર પરીવાર પ્રીતમ લખે પ્યારીને.
મારાં લેશ વચન નહી લોપયાં,
નથી કોપીયાં, કદીએ લગાર; પ્રીતમ લખે પ્યારીને. ૪
તારી નમ્રતા અમ્રતથી ગળી;
વળી શોભીતો શાંત સ્વભાવ પ્રીતમ લખે પ્યારીને.
જેથી મનની ઉદારી તુરત મટે;
તારા બોલનો એવો બનાવ, પ્રીતમ લખે પ્યારીને. ૫
ગોરાંદે તારા ગુણ કેમ વીસરે,
કેમ વીસરે વીલાપ ભર્યાં વેણ, પ્રીતમ લખે પ્યારીને.
હેતે હસતું વદન તારૂં વીનતા,
મારા નીરખવા તલખે છે નેણ; પ્રીતમ લખે પ્યારીને. ૬
દિવસે તુજ વીના દીલમાં ગોઠે નહી;
પીવું પાણી કે જમવું અનાજ; પ્રીતમ લખે પ્યારીને.
રાતે રોઇને આંખો રાતી થઇ,
લોક પુછે તો આવે છે લાજ; પ્રીતમ લખે પ્યારીને. ૭
ગોરી મનમાં ધીરજ ધરી રાખવી,
કાલે આવશે આમની પીંજેસ; પ્રીતમ લખે પ્યારીને.

જેથી રીઝે આપણને જગતપતી,
એવો અહોનીશ કરવો યેત્ન; પ્રીતમ લખે પ્યારીને ૮
જે જે વૃદ્ધ પાડોશણો શુભ છે;
તેને પ્રીતીથી કહેજો પ્રણામ; પ્રીતમ લખે પ્યારીને.
વીજા પણ મારા મીત્ર પતીઅંને,
કહેજો જરૂરનું હોય જે કામ; પ્રીતમ લખે પ્યારીને. ૯
જોઇતી વસ્તુ જરૂર મંગાવજો,
કશી વાતે મુંઝાશો ન મન; પ્રીતમ લખે પ્યારીને.
કાલે દેખીશું દીવસ આનંદતા,
જાશે વીસારી દુઃખ ભર્યા દીન; પ્રીતમ લખે પ્યારીને. ૧૦
જે જે પ્યારી તમારી સાહેલીયો.
તેને પણ મારા કહેજો જુહાર, પ્રીતમ લખે પ્યારીને.
સાસુ સસરાની આશીશે સુંદરીને.
મલશું ભામની ને ભરથાર; પ્રીતમ લખે પ્યારીને. ૧૧
વધે સ્નેહને સંપ સૂરજ સાખે.
તેવી તનમન રાખજો ટેવ; પ્રીતમ લખે પ્યારીને.
અમે થોડી અવધે હવે આવશું,
એમ દલપતરામનો દેવ; પ્રીતમ લખે પ્યાર ને. ૧૨

સુંદર સ્ત્રી વિલાસ
મનોહર ગરબાવળી.

ભાગ ૧ લો.

ઇચ્છારામ કૃત લાવણી.

ચાલો જઈયે દરશન કરવા, ડાકોરમાં ઠાકોર બીરાજે છે,
દીનોનાથ દયાળા દામોદર, દરશનથી દુખ ભાગે છે. ટેક
પહેલું દુઃખ બ્રહ્માનું ભાગ્યું શંખાસુરને મારીને
શંખનારાયણ બેટમાં બેઠા, વેદ લાવ્યા ચાર વાળીને
કચ્છપ રૂપે સાગર મથીઓ, ચૌદ રત્ન બહાર કાઢીને;
અમૃત તો અમરોને પાયું. વળી પાયું વિષ ધારીને
વરાહ રૂપે પૃથ્વિ લાવ્યા, આદ્ય નિરંજન આજે છે; દી,
પ્રહ્લાદજીની પ્રતિ પાળવા, નરહર નરસીહ રૂપ ધર્યું

હીરણ્યાકશ્યપુ નખે વધેર્યો. વિધિનું વાચક સફળ કર્યું;
વામન રૂપે બળીને ચાંપ્યો ઇંદ્રરાયનું કાજ કર્યું,
છબીલોજી છડીદાર થૈ ઉભા બળિ રાજાનું ભાગ્ય ભર્યું
ફરશી ગ્રહી નક્ષત્રી કીધી જમ્દ ટુકણ બીરાજે છે. ટી.
અનેક દુઃખ દેવતાનાં ભાગ્યાં, રાજા રાવણ મારીને;
વીભીષણને લંકા આપી, પથરાં પાળજ તારીને.
કૃષ્ણ સ્વરૂપે કંસને માર્યો, ગોકુળમાં ગૌ ચારીને;
મોરલીમા મહા મોહ પમાડયા, વ્રજ લોક નર નારીને.
બુદ્ધ રૂપે જગન્નાથજી, જલમગ જોત બીરાજે છે ટી.
અકળકળા નવખંડમાં વ્યાપી ઘટઘટમાં તમો રમી રહ્યા;
ડાકોરમાં ઠાકોર બીરાજ્યા બોડાણાપર કરી દયા.
ગંગા બાઇના ગુણ વધાર્યા. સવા વાલથી ઓછા થયા
ભક્તિ જાણી સારંગપાણી. ગુગળી પાછા ઘેર ગયા.
માંખણીઓ આરો છે સારો લીંબડો મીઠો લાગે છે; ટી.
ઉંચુ દેવળ ઉંચુ શીખર, ધોળી ધજા ફરફરે;
જે દરવાજે નોબત વાજે, રત્નાગર ત્યાં ગરગરે;
ગોમતી તીરે સંગમ તીરે, સંઘ આવી ત્યાં પડાવ પડે
આઠે દહાડે શુક્રવારે, વાલમનો વરઘોડો ચડે
રણછોડ રસીયો સોમાવસીયો, સોને માથે ગાજે છે ટી;
ઉત્તર દક્ષિણ પુર્વ પશ્ચિમના, લોક દરશને આવે છે;

મોટા મોટા સંઘવી થઈને, સંઘ ડાકોરમાં લાવે છે
મર્ણનું નીરખું હઈડે હરખું, રૂપ ઉપર જાઉ બલીહારી
શંખ ચક્રને પદ્મ બીરાજે, ગદા ધરી છે ગીરધારી;
સાકર માખણ તુળશીની માળા,રાય રણછોડને ચડ.વે છે દી.

આશારામ કૃત પદ

તારી ભક્તિ બોડાણાને ભાવીરે, રણછોડ રંગીલા.
જમણા હાંથમાં તુળશી વાવીરે, રણછોડ રંગીલા.
છઠે માસે તે ઠેઠ ચઢાંવીરે, રણછોડ રંગીલા.
મહા મજલો કીધો મધરાતેરે, રણછોડ રંગીલા
આવ્યા બોડાણાની સાથરે, રણછોડ રંગીલા
દેશ ગુજરાતમાં કરી દયારે, રણછોડ રંગીલા
પાલો ઉમરેઠ આવીને રહ્યારે, રણછોડ રંગીલા.
ત્યાંતો પગલાં પુજાયછેતાશરે, રણછોડ રંગીલા.
તમ વીના તે લાગે સહુ ખાંરારે. રણછોડ રંગીલા;
તાંતો પ્રગટ પારખું કીધુરે, રણછોડ રંગીલા;
આખા લીમડાંમાં એક ડાળ મીઠુરે, રણછોડ રંગીલા
સઉને દરસન થાય છે સારારે, રણછોડ રંગીલા;
જાણ્ય થઈ કાબાને લાગે ખારાંરે, રણછોડ રંગીલા.
લાલ લેવાને આવ્યા કાબારે, રણછોડ રંગીલા.

કાબા દોડાને ભગત થાય આભારે, રણછોડ રંગીલા,
આશારામને આશરે તારોરે રણછોડ રંગીલા,
કલા તારીરે પાર ઉતારોરે રણછોડ રંગીલા.

શ્રી નાથજીના મહીના.

કારતક માસેરે કહાનજી, મુકી પરદેશ;
હું છું નારીને નાંનડી. જોબન બાળેરે વેશ;
ગોકુળ આવો શ્રી નાથજી; ગો૦ ૧
માગશર માસેરે માવજી; વશીયા સામીરે તેડ;
પિંજર લાગ્યા ઝરવા, આંખે આંસુડાની રેલ; ગો૦ ૨
પોષ માસેરે દેહડી, તોય સ્નેહ ન વિસરાય;
આડા હેમાળો ઉલટો, તેથી કંપેરે કાય. ગો૦ ૩
માહ માસેરે સેજડી, બીજી વેરણ રાત;
પેહર માહરે ઘેર નહીં. કેમ જાય દીવસ મહારાજ ગો૦૪
ફાગણ પુલયોરે ફુલડે ફુલ્યા કેસર કેરાં ઝાડ;
તેના છટાવું છાંટણા, ઉડે અબીલ ગુલાલ, ગો૦ ૫
ચૈત્ર ચંપે મોરીઓ, મોરી અરાડે ભાર;
આવલ લાવેરે મોગરા કાચી કળાનો હાર ગો૦ ૬
વૈશાખેરે વન વેડીયાં, વેડી આંબલીયાની શાખ;
રસ ઘોળાવુંરે વાટકી; જમીએ કોની સંગાથ. ગો૦ ૭
જેઠ જાણ્યુંરે આવશે; ના આવ્યા શ્યામ શરીર;

બપૈયારે પીઉપીઉ કરે, મારે હૈયે નવ રહે ધીર, ગે૦ ૮
અસાડરે સુન ઉલટયો, માથે ચડયોરે ઘટ ઘોર;
વીજલડીરે ચમકા કરે, બોલેમધુરા શા મોર ગે૦ ૯
શ્રાવણ વરસ્યોરે સરવડે, નદીએ નીર અપાર;
કોયલડીરે ટહુકા કરે, બેસી આંબલીયાની ડાળ ગે૦ ૧૦
ભાદરવોરે ભલે ગાજીયો, વરશે મુશળધાર
પીયુજી મારા મધુપુરમાં ચાલે સોકલડી અપાર; ગે૦ ૧૧
આસોમાસે દીવાલડી, આવ્યા શામ શરીર
થાળ ભરૂરે મોતીડે, વધાવું સુભદ્રાના વીર. ગે૦ ૧૨
બારે માસ પુરા થયા કહે છે કાવરે કર જોડ,
ગાય તેના પુરજો કોડ શ્રી રણછોડ. ગે૦ ૧૩

જીવણ પ્રાણના મહિના

રથ આવ્યા અક્રુરના, ઉતર્યા નંદ દરબાર;
શણગાર ભરે છે સુંદરી, વળી જુએ છે વાટ
રથ જોડીને માધવ ચાલ્યારે મથુરાંના તે મારગ ઝાલ્યારે;
વહાલો ડોકવાળી જુએરે. નેણ ભરીને રાધીકા રૂએરે.
મારા તે પણના બેલીરે, શું જાઓછો માયા મેલીરે.
જીવણ પ્રાણજો આત્મારામ છે. ટેક ૧
કારતક મહીને કંથ સીધાવ્યા, રહી ન શકે નારી;
અંતરજામી નથી અજાણ્યા હંસ ઉડયા રહી હારી;

મેતો શંભુજીનીસેવા ન કીધીરે, મેલીથાપણુ ઓળવીલીધીરે
જીવન પ્રાણુછો. આત્મારામ છો. ૨.
માગશર મહીને મેલી ગયા, જઈ બેઠા જગદીશ;
કોઇ શંદેશો લાવે સ્યામનો, તેને ચરણુ નમાવું શીશ
તેને ચરણે નમાવું શીશરે, કોઇ દેખાડો જગદીશરે.
હું બનાવું રસોઇ બત્રીશરે. જીવણુ પ્રાણુછોઆત્મારામછો ૨.
પોષ મહીનાની પ્રીતડી, જોબનની જંજાળ;
જમણ હતા તે જમી ગયા, ઠાલા મેલ્યા થાળ;
હરીએ ઠાલા મેલ્યા થાળરે, એવી જોબન તણી જંજાળરે;
બઇઓ સુખે ભજો શ્રી ગોપાળરે.જીવનપ્રાણુછોઆત્મારામ ૩
મહા મહીનાની ટાઢડી, અતી રાતે અંધકાળ,
આચનલોચન વહીગયા હરીને લશ્કર બંધાવું પાર
મહા વેહુની તે વેદના થાયરે, હુંથી એકલડી ન રહેવાયરે
મારી થરથર કંપે કાયરે, જીવણુપ્રાણુછો આત્મારામ છો ૪
ફાગણ ફુલ્યો ફુલડે રમતા રાધવરાય;
આ શું ફુલી સુંદરી, હરી તજી ગયા જમણી બાંહ્ય
વહાલે સોગઠો ગોપીયો માંયરે, કાનુડાને કાંઇ ન કહેવાયરે;
વહાલો મુકી ગયા વનમાંયરે જીવણુપ્રાણુછો આત્મારામ ૫
ચૈતર ચંપો મોરીયો પોંપળ આવ્યાં પાન,
નાચ્યો નાગર નાવલો, મને તેનું લાગ્યું છે તાન

મને તેનુ લાગ્યું છે તાનરે, મને હરી ભજ્યાની હામરે
કોઈ દેખાડો શ્રી શામરે, જીવણપ્રાણછો આત્મારામ છો ૭
સંદેશાકે આયા વાયરા, સુખનું ઉઠયુ નુર;
તાપ પડે તનડું તપે, હરી મેલી થયા છે દુર.
એવો આવ્યો છે માથે ઊન્હાળોરે, એવો કપટિકાનુડો કાળો.રે
મને મુકી ગયો મોરલી વાળોરે જીવણ પ્રાણ છો
જેઠે જાણ્યું આવશે વેગે વીઠલરાય
ચંદન ઘોળુ વાડકે, વિંઝણે ઢોળુ વાય.
હરીને વિંઝણે હો વાયરે મારિ ઘડિ પલક જુગ જાયરે,
મારા કાળજામાં કાંઇ કાંઇ થાશરે. જીવણ પ્રાણ છો ૮
અશાડ ચમકે વીજળિ ઘન ગરજે ઘનગોર:
આંસુડે ભીંજાય મારિ ચુંદડિ, નાટડા બોલે મોર.
એવા મીઠડા બોલે મોરરે, કરે બપઈયા કલોલરે
મારૂં જાગે જોબનનું જોરરે, જીવણ પ્રાણ છો.
શ્રાવણ વરસે સરવડે, નહાવુ નીરમળ નિર;
પહેર્યાં પીતાંબર પોતીયાં, ઓઢણ આછાં ચીર;
હરિ ઓઢણ આછાં ચિરરેઃ આપણ નાહાતાં જમના તીર
એવી રિતે ઢાંક્યાં શરિરરે જીવણપ્રાણછો આત્મા ૧૦
ભાદરવો ભલો ગાજીયો, પણ નાવ્યા બળવિર,
ચીર હતા તે હરી ગયા મારૂં શાને ઢાંકુ શરીર,

મારી પોચે નજર નહી નાંખીરે, વ્હાલેભરવાડનીગતરાખીરે
સામળીએ ન જેયું ઝાંખીરે, જીવણપ્રાણછો આતમા. ૨૧
આસો માસ ભલો આવીયો, સોની પુર આસ,
તોરણ બાંધ્યા ટોડલે, એમ ગાય હરીજન દાસ.
ઘેર ઘેર મંગળ ગાયરે, ત્યાં થેઇ થેઇકાર થાયરે!
શ્રોતા વકતા સંકટ જાયરે,જીવણપ્રાણછો આત્મારામછો૨૨

રસીયાજીનો મહિનો રાગ ગરબી.

શ્રી ગુરૂદેવને વલ્લભને ચરણે લાગુરે રસિયાજી.
તેર માસ હરી ગુણ આવામતી માગુ હો રંગ રસિયાજી ૧
કારતક માસે કેમ ગયા છો મુકીરે, રસીયાજી,
પ્રાણજીવન પ્રભુ શી વાતે હું ચુકી હો રંગ રસિયાજી ૨
ચુકી તોપણ દાશી દોષ સમાવેરે રસિયાજી;
મારા રુમજો મનમાં કાંઇ લાવો રંગ રસિયાજી, ૩
અબળા જન અમો અવગુણ કેરી ખાણરે રસીયાજી;
તોપણ નાથ નીભાવો ઝલોં પ્રાણ હો રંગ રસીયાજી. ૪
જેવી તેવી કિંકરી કહાવું તમારીરે રસિયાજી;
દાસ દયાના પ્રિતમ લ્યો શુધ મારી હો રંગ રસિયાજી ૫
માગશર માશે મળવા મન અકળાયરે રસિયાજી;
પ્રીત તણી પીડા કંઇએ ન કહેવાય હો રંગ રસિયાજી, ૬
મીઠડું સીઠડું પણ અંતર લાગેરે રસિયાજી,

કાળજુ છેદી કંદ્રપના સરવાઘે હો રંગ રસિયાજી, ૭
વીરહ વિકળ થઈ કળ ન પડે નીશ દીનરે રસિયાજી;
તાંલાવેલી લાગી માહારે તન હો રંગ રસિયાજી, ૮
દુખ દાવાનળ પ્રગટયો કેમ રહેવાયે રસિયાજી,
ધીરજ રાખુ પણ કહાં લગી રહેવાય હો રંગ રસિયાજી ૯
નીશ્ચે પ્રણ જશે તલપી હવે મારેરે રસિયાજી
દાસ દયાના પ્રેતમ પ્રાણ બચાવો હો રંગ રસિયાજી ૧૦
પોશ માશે રોશ રૂદેથી મુકધારે, રસિયાજી;
અબળાના આધારે અવસર ચુકયા હો રંગ રસિયાજી ૧૧
ઘણું શું કહીએ સમજી લેજોરે રસિયાજી;
વીજોગ પામે અતર દંડ કાંઇ દેજો હો રંગ રસિયાજી ૧૨
બીને દુઃખ નહિ પતી જો શત્રે મારેરે રસીયાજી
તેથી કષ્ટ ઘણુ તે મન ઉતારે હો રંગ રસિયાજી ૧૩
એક અરકું હવે તે હું કહીયેરે રસિયાજી
ચતુર શીરોમણુચતુરાનું દુઃખલહીયે હો રંગ રસીયાજી ૧૪
આ જોબનમાં આવાં સુખને માણોરે રસીયાજી;
દાસ દયાના પ્રિતમજી તક જાણો હો રસીયાજી; ૧૫
મહા મસે તો મારા સમ ઘેર આવોરે રસિયાજી;
આ રતમાં દંપતી લે સુખ લહાવો રંગ રસીયાજી. ૧૬
પ્રથમ અમો એમાં કાંઇએ નવ લેહેતારે રસીયાજી

શીખની સમજાવી શું મ્હેલાં વેહેતાં હો રંગ રસીયાજી૧૭
વ્હાલા મદને વ્હેરશું વાળ્યું આવુ રે રસીયાજી
અવડું શીદ કર્યું જ્યારે નોતું જાવું હો રંગ રસીયાજી ૧૮
પ્રેમ પંથમાં કંટો કપટી ન સારો રે રસીયાજી, .
પ્રથમ થકી પોંખી હવે શું મારો હો રંગ રસિયાજી ૧
વીરહ વન્હીન ધીકું છું નીસ દહાડો રે રસિયાજી.
દાસ દયા પ્રીતમજી મુને કહાડો હો રંગ રસીયાજી ૨૦
ફાગણ કેસુ ફુલ્યાં હું કરમાણું રે રસિયાજી
આ વનમાળી પીયુ સિરશું નપુરૂપાણીહોરંગરસિયાજી ૨
વસંત રૂતુ તો સહુને વહાલી લાગે રે રસિયાજી
તેમ પાંખે મને બાણ હૃદેમાં વાગે હો રંગ રસિયાજી ૨૨
અબીલ ગુલાલને કેસરના રંગે ગોળી રે રસીયાજી
વિલાસ સુખ નવ લીધુ મુજ ઉર હોળી હોરંગરસિયાજી,૨૩
સુખની રૂતુ શોકયની સંગે સોહીયે રે રસિયજી;
દુસકલટ રેવું તો રમારે જોઇએ, હો રંગ રસિયાજી ૨૪
પ્રથમ થકી પ્રભુ શે નવ નાંખ્યાં મારી રે રસિયાજી
દાસ દયાંના પ્રિતમ આ ગતી ધારી હો રંગરસિયાજી ૨૫
અત્રે ચંદ્ર કીરણ સહુને સુખકારી રે રસીયાજી;
એકધડાને લાગે તેહ કટારી હો રંગ રસીયાજી, ૨૬
સુખકારી હતા તે સહુ દુખ દેછે રે રસીયાજી;

જોઇજોઇ સંભારીસુખ આંસુ વહેછેહો રંગ રસીયાજી ૨૭
કુરે કોય શું કરમ તણો એ દોષરે રસિયાજી
ગો હરખણુ દેષ હોય રંગ રસિયાજી. ૨૮
આ દહાડા કર્યાં મુકયા હતા સંતાડીરે રસિયાજી;
જોબન અવસર આવો આપ્યોહદાડી હો રંગ રસીયાજી૨૯
તમો કહેતાં તે અમો માનતા સાચુ રે રસીયાજી
દાસ દયાના પ્રીતમ કીધું કાચુ હો રંગ રસિયાજી ૩૦
વૈશાખે વ્રજ સુનું સઘળું દીશેરે રસીયાજીઃ
જન ઝાઝા પણ કોને મન જઈહીશે હો રંગરસિયાજી ૩૧
સરવે સરોવર સુકાં ચાતક લેખેરે રસીયાજી,
ચંદ્ર વિના જેમ ચકોર ઉજ્જડ દેખેહોરંગરસિયાજી ૩૨
વાત્યુ હોય તે એ સાચું પરમાણે રસીયાજી.
મીઠ પ્રભુતાની શું વંઝા જાણે હો રંગ રસિયાજી. ૩૩
વિરહ વેદના ઘણી કઠણ બહુ દુખથીરે રસિયાજી,
વેડે તે જાણે ન કહેવાય અમુકથી હો રંગ રસિયાજી ૩૪
સ્નેહ તણો ઘા મલમ થકી ન રૂઝાયરે રસિયાજી,
દાસ દયાના પ્રિતમથી સુખ થાય હો રંગ રસિયાજી ૩૫
જેઠ માસે તો સહુ સરોવર સુકાં રહેછેરે રસીયાજી,
મુજ લોચન ધારા નવ સુકી વહેછે હો રંગ રસિયાજી ૩૬
ગ્રીષ્મઋતુને તાપે તન અકળાયરે રસીયાજી;

પવન ઝુલાવાથી તે ક્ષય સમાય હો રંગ રસિયાજી ૩૭
ગ્રીષ્મતાપન દીપ વાયુથી વાધેરે રસીયાજી
વિરહવન્હી આ પવને વૃદ્ધિ પામે હો રંગ રસીયાજી ૩૮
પય ઉભરાતું તે છાંટે નીર સમાયરે રસીયાજી.
તાતું તેલ બળે જળ ભડકો થાય હો રંગ રસિયાજી ૩૯
પ્રેમ પાવકની પીડ સહુ દુઃખથી બળિરે રસિયાજી,
દાસ દયાના પ્રીતમ તમને છળગીહો રંગ રસિયાજી ૪૦
અસાડ માસે અતી ઉડુ દુઃખ લાલેરંગસીયાજી;
પંખીડા પણ મળિને માળા ઘાલે હો રંગ રસિયાજી ૪૧
કોને કહીયેને કહી અહેખાં ઠરિએરે રસિયાજી
અંતર આગે ઢાંકયા ધીકિ મરિએ હો રંગ રસિયાજી ૪૨
કીડો કાષ્ટ જયમ ખોખું કરે ખાઈ બાધું રંગ રસિયાજી
તેમ વિરહ કીડે કાળજું કરી ખાધુંહોરંગ રસિયાજી ૪૩
ઉપર તન સારૂ સહુ કોઈ દેખેરે રસિયાજી
ભીતર ભડકો આણુ પોતાનો પેખે હો રંગ રસિયાજી, ૪૪
જે જાણે તે સુખ કહે એ વાતરે રસિયાજી:
દાસ દયાના પ્રીતમ દુઃખ બહુ ખાત હો રંગરસિયાજી ૪૫
શ્રાવણ માસ સરકટ વરસ્યો મેહ રે રસિયાજી,
પાવસરૂતુ શોભા થઈ મનભાવન હો રસિયાજી ૪૬
વૃક્ષે વળગી વેલ છું, નવ છેડિરે રસિયાજી

દાઇવે મારિ એરૂ તે નાંખી તોડી હો રંગ રસિયાજી, ૪૭
એક દીવસ આપણુ ત્યાં વાતે વળત્યારે રસિયાજી
ઘન વરસ્યો ભીજ્યા પણુ નથયાંઅળગાંહોરંગરસિયાજી ૪૮
મેં પળસીત સહેવાઈ નહિ ઘણું કાપીરે રસિયાજી
ત્યારે તમે મુજને લઈ રહીયા શ્યાંપીહોરંગરસીયાજી ૪૯
સંભારિ તે સુખ કાળજડુ ફાટેરે રસિયાજી
દાસ દયાના પ્રીતમ શામાટે વિસારિ હો રગ રસિયા જી ૫૦
ભાદરવે ભડ વરસે ચપળા ચમકેરે રસિયાજી
એક સમે હું આવિ પાયલ ઝમકે હો રંગરેસિયાજી ૫૧
હું બીનિ સુણિ ઘન વરસ્યો આકાસેરે રસિયાજી,
પીતાંબર હોઢાડી લીધી પાસે હો રંગ રસિયાજી, ૫૨
અવણું સુખ કાંઈ પ્રગટ નથી કહેવાતુરે રસિયાજી
વિકલ પણુ કાંઇ કહુછુ નથીરહેવાતુ હો રંગરસીયાજી ૫૩
પાલવ પાથરિ કાલા વાલા કરિનેરે રસિયાજી
પગે લાગી કહુછુ ફરિ ફરિને હો રસિયાજી ૫૪
વિરહ દુખ નથી સેહેવાતુ હવે આવોરે રસિયાજી;
દાસ દયના પ્રિતમ શું તલસાવો હો રંગ રસિયાજી ૫૫
આશ્વિન આવ્યો સવ માસ સુખકારિરે રસિયાજી
વામ આંખલડિ ફરકે છે કાંઇ ન્હારિ હો રંગ રસિયારે ૫૬
રાસ રમવાનિ રૂતુ આવિ તમો જાણોરે રસિયાજી

લાલ બીહારિ લીલાનાં સુખ માણ્યા હો રંગ રસિયાજી ૫૭
શારદ પુનમનિ નિશે પુરણ શશિ પ્રગટયોરે રસિયાજી,
તમથી રમતાં સુખ દુખ મહારાં મટમેહોરંગરસિયાજી ૫૮
કરૂણાનિધી છો માટે કરૂણા કરશોરે રસિયાજી
વાહાલાંનિ વિનતી હૃદેમાં ધરશોહોરંગ રસિયાજી ૫૯
આનંદ ઉપન્યો ઉરમાં વાલમ વસિયારે રશિયાજી
દાસ દયાના પ્રિતમજી મુને મળિયા હો રંગ રસિયાજી ૬૦
પુરૂષોત્તમ માસે આશા તમારિરે રસિયાજી
પુરવ પુન્યે થશે જુઓ મનવિચારિ હો રંગ રસિયાજી ૬૧
આતુર જન સંતોષો કરિ સનમાનરે રસિયાજી
અંમ્રત પાઈ આપો જીવતદાન હો રંગ રસિયાજી ૬૨
આ એક માસતો પુન્યદાનનો દહાડોરે રસિયાજી
પ્રભુ પધારોનિ સેવિ કરૂ કર ટાહાડો હો રંગ રસિયાજી ૬૩
અવર દેવ સેવ્યાનિ શ્રદ્ધા છે નહિરે રસિયાજી
પુરૂશોત્તમ પરણિને અવર ઘટે નહિ હો રંગ રસિયાજી ૬૪
પ્રાણ જશે તો યે તમવિના નહિભજીયેરે રસીયાજી
દાસ દયાના સ્વામી એમ સમજીયે હો રંગ રસિયાજી ૬૫

ગોપિઓનિ સ્તુતીનાં મહિના.

(કારતકે કાજળને તજીયુ એ રાગ)

કારતકે કોટી કલ્પના કરિએ ગોકુળિઆમાં ઘેલાં થઈ ફરિએ

સુખ દુઃખ સર્વ સહિ રહિએ. ઓધવ મારિ સ્તુતી કહેજો ને
દુઃખરે મારૂ દીલ મધે લેજો. ઓધવ ૧
માગસરે મેણાં લિધા માથે, જીવણજીએ વચન આપ્યાં હાથે
કે રજનિરમીશું તમારિ સાથે ઓધવ મારી સ્તુતીકહેજો ૨
પોષે તો ધીરજ મન ધરિએ, કહોતો ઝાલાવિખડાપીઈમરિયે
જીવણ વિના જીવીને શું કરિએ, ઓધવ મારિસ્તુતીકહેજો ૩
માહેતો પ્રીતી તોડિ મારી વાલે મારે કુબજા કરિ નારિ
આસુ કીધુ મોહન મોરારી, ઓધવ મારી ૪
ફાગણ ફીકર કરૂં મનમાં, દીવસ રાત તપે તનમાં
વછુટી જેમ હરણી ફરે વનમાં. ઓધવ મારિ૦ ૫
ચઈતરે ચિત હરે ચાળા, મુકિ ચાલ્યા મોરલિ વાળા
દરશન તમે દોનિ નંદલાલા ઓધવ મારિ૦ ૬
વઈશાખે વનમાં કોયલ બોલે, તેથી મારાં ત્રણુ તન ડોલે
જોબન મારૂ જાય છે જકજોલે ઓધવ મારિ ૭
જેઠે તો જળ ભરિયાં નેણું, બંધ ન મારા હરિવરને કેણું
ખટકે વાલા નાથ તણું મેણું ઓધવ મારિ ૮
અષાડે તો ઇંદ્ર ધારે વરસે પીઉ વિના મન મારૂ તલસે
મોહનવર મેહેર હવે કરશે ઓધવ મારિ ૯
શ્રાવણ સાંભળ સહેલી, નમેરા તો નાથ થયા મેલી

ગોકુળિયામાં થઈને ફરૂ ઘેલિ ઓધવ મારિ ૧૦
ભ.દરેવે ભુધર બેઠા હમને આજ હવે શું કહિયે તમને
વાયદા કરિ વાહ્યા અમને. ઓધવ મારિ૦ ૧૧
આસો મારો આવિ દીવાળિ, ગેરરે આવ્યા મોહન મોરારિ
હળિમળિ સઉ સખી દચોતાળિ ઓધવ મારિ ૧૨
બારે માસે રાગે તો કરિયા, દાસરણછોડના સ્વામી મળિયા
તેથી મારાં જનમ મરણ ટળિયાં ઓધવ મારિ ૧૩

પતીને પરદેશ ન જવા દેવા વીશેના મહીના.

(ઓધવજી સંદેશો કહેજો સ્યામને એ રાગ)

કારતક મહિને અબળા કહે છે કંથને,
હવે શીઆળો આવ્યો સ્વામીનાથજો
હીમાળુ વા વાયોરે હલકિ ટાઢમાં
શું શોધો પરદેશ જવાનો સાથજો.
એ મહીને નવ જઈએ પીઉ પરદેશમાં ૧
માગર મહીને હોંશ ઘણી મન માંહરે,
રશીઆ સંગ રમ્યાની માજમ રાતજો;
ઘુંઘટડો કાડીરે ઘર આગળ ફરૂં.
પીયુ મેલો પરદેશ જવાની વાતજો
એ મહીને નવ જઈએ પીઉ પરદેશમાં ૨
પોસે જે અબળાને પીઉડ પરહ.રી,

તે નારીનાં પુરણ્ મળીયાં પાપજો
સાસરીએ રહીને તે શાં સુખ ભોગવે
મેયરમાં નવ ગોઠે માને બાપજો
એ મહીને નવ જાઇએ પીઉ પરદેશમાં ૩
માહા મહીને નવ કરીએ નાથ મુસાફ્રરી,
ઘણા સાટે જવ લાવો ખોરી જારજો
વહેંચીને જમશુ રે મારા વાલમા
જરૂર નહી જાવા દેઉ ઘરથી બહારજો
એ મહીને નવ જઇએ પીઉ પરદેશમાં. ૪
ફાગ રમે ફાગણમાં નરને નારીયો,
ઘેર ઘેર નોતમ કૌતક નવલા થાય જો;
જે નારીનો નાવલીઓ નાશીગયો,
કહો તેણે કેમ નજરે જોયું જાયજો.
એ મહીને નવ જઇએ પીઉ પરદેસમાં. ૫
ચઇતરમાં ચતુરને પંથ ન ચાલણ,
જો ઘેર નારી સારી ચતુર સુજાણજો;
વાહાલપણે વચનેરે પીઉને વશ કરે,
નીરખ્યું તે પડયું રહે પરીઆણજો.
એ મહીને નવ જઇએ પીઉ પરદેશમાં. ૬
વાવલીયા વાયા તે પીયુ વઇશાખના.

રજ ઉડને માણેક મેલું થાય જો;
નથનીનું મોતીરે હીરો હારનો,
કહો પરહાથે તે કયમ પીર્યા જાયજો.
એ મહીને નવ જઇયે પીઉ પરદેશમાં. ૭
જેઠ તો પરદેશ જાવું દોહલું,
ઘામ ધીખાને લાય જેવી લુ વાય જો,
કોમળ છે કાયારે મારા કંથની,
વણુ શીચ્યાં જેમ ફુલડીયાં કરમાયજો.
એ મહીને નવ જઈએ પીઉ પરદેશમાં. ૮
અંબરઘન છીયોરે માસ અષાડમાં,
મો.ર બોલોને મેહ વરસે મુશળ ધારજો
ફ્યશને કાદવરે મચી છે મેદની
પંખી માળા ગાલે ડારો ઠારજો;
એ મહીને નવ જઇએ પીઉ પરદેશમાં ૯
શ્રાવણમાં શીવ પુજીને સુખ માગીએ,
વાલાનો નવ થાજો કદી વિજોગજો,
ઉમીઆના સ્વામીજી આપો એટલું.
સાસુના જાયાનો વીરયે સંજોગજો.
એ મહીને નવ જઈએ પીઉ પરદેશમાં. ૧૦
ભાદરવો ભરજોબનનો ફરી નહી મળે,

વહી જશે જેમ નદીઓ કેરાં નીરજો;
એવારે દીવસ એળે નવ કહાડીએ,
વાત વીચારી જુઓ નચુંદના વીરજો.
એ મહીને નવ જઇએ પીઉ પરદેશમાં. ૧૧
આસોના દીવસ તો અત્તિ રળીઆમણા,
ખાવું પીવું કરવા નવલા ખેલજો;
ભેગાં બેસી જમીએ રમીએ સોગટે
છાતીમાં બીડીને રાખું છેલજો.
એ મહીને નવ જઇએ પીઉ પરદેશમાં, ૧૨
માસ અધીક અધીક પણુ શું કીજીએ
રોહો જોડીને નેણુ સંગાથે નેણુજો;
જેમ ન કુટે પાચ બીલોરનો,
દાસ દયાના પ્રીતમ જાણુ પ્રવિણુજો;
એ મહીને નવ જઇએ પીઉ પરદેશમાં. ૧૩

ભરથજીના મહિના ચાલ લાવણી.

ચઇતર પીછલે પાક રામનોમીકો જન્મ લીયા,
અવધપુરી સુખધાગ સખી મીલ મંગળચાર કીયા
ખબર જબ દશરથને પાઈરે, ખબર૦
હેતદાન ગજરાજ ગૌદીન થોડેકી બીઆઇ

સભા સબ કુશનસે છાઇ,
કરમ લેખ ના માટે કરી કોઇ લાખ ન ચતુરાઈ. માસ ૧
લાગતહી વઇશાખ કૈકે બાવરી કરહારી.
ધીક જીવન ધીકાર ભયા જહ તુમસે મા તારી,
દુઃખ તુમ નગરીકો દીનોરે
તીન લોકકે નમ રાક્ષ તીને બનબાસી કીનો,
કુમત એસી બન આઈ, કરમ૦ માસ. ૨
જેઠ પંચ મીલ કહે, ભરથકુ ગાદી બેઠારો;
ભરત ધરત કાનપર હાથ પંચ નેરી ગરદન મત મારો
સરે નહી એ બાતન કાજા, હમતો હરિકે દાશ રામ
અજોધ્યા કે રાજા.
બાત એ સબકે મન ભાઇ. કરમ૦ માસ ૩
અષાડ આસારામ મીલનકી, મનમે લાગ રહી,
કોઈ રામ બન મોહી બતાવો ભરથ બાત કહી;
નગર કે નર ઓર સબ નારિ રથ ટોલે ગજરાજ સાજ
સજ ભરથ સંગ તૈયારી.
નદી જેમ સાગરકુ ધાઈ, કરમ૦ માસ. ૪
શ્રાવણ શીગબેરે પુર પહોંચે ભીડભઈ ભારી;
મીલન જોર કટક દળ સાજો લડનેકી ત્યારી,
ભરથસે પુછ કરાર કરો, રામ શીયાકે રાજ નીકટ તુમ.

અંગા•તીર મરે,
અગર જબ ભરથને પાઇ, કરમ૦ માસ૦ ૫
બાદો બીલ બાંથસે ભેટે, ભકિત જાની મનમે,
કંદસુળ ફુલફલ ભરતશે ભેટ કરે બનમે
ભરથને આગે કર લીને, ભરથ રાજ ગુરૂ બશી પ્રાગમે
જાય હરેસહીને
પ્રાગકી દુનીઆ ઉઠ ધાઇ, કરમ૦ માસ ૬
કુવારકીએ બ્રીજ માહરા મુની પુછે કુસલાય;
હો કરજોડ પ્રકરમા કરે કઉસલ્યા માતાય
હમારો ઓવાન સુકુળ ભાત ઇતની બાત સુન મુની સબ
આસુરમાહ દીઓ
ભરતકુ માન સરાતાઇ કરમ૦ માસ. ૭
કારંતીક કુચ પ્રાગસે કીયો, ચીત્રકોટ આયે
અંગ ભમુત માથેપર જટા, રામ લક્ષમણ દોઉભાઇ
ભરથ શીર ચરણો પે લાયે, ચરણ ઉઠાયે હીરદેશે લગાયે
નેન નીર બહાયે; માસ ૮
સીંઘાશન બેઠે રઘુરાય સમજાવે;
અગહન વારંમવાર ભરથકું રઘુવર સમજાવે
જાવ અજોધ્યા રાજ કરો તુમ મુની સબ સુખ પાવે;
ભરથ તુમ લોટ જાવ ભાઇ બારાવરસેમીત જાયગે તે પીછે

હુમ આઇ, ભરથસે એસી સમજાઇ કરમ૦ માસ ૯
પોસે આશા રામ મીલનકુ, જુર ગઇ(ભીર ઘની
ગુરૂ વશીષ્ઠ મુની સમજાવે, કહે અપની અપની,
બીનતી બોત બાત કીની રામ કંપાપતી ચરણ ખરાવું
ભારથકુ દીની.
ભરત તુમ લોટ જાવ ભાઇ. કરમ૦ મારા ૧૦
મહા મનાયે માન ગયે હે, જલે લગે ... રામ
જનેકપુરકુ બનખ પોહોચે ભરત અજોધ્યા ગામ.
ખરાવું ગાદી ધરદીની, રામચંદ્રસે અધીક તપસ્યા
ભારથકે કીની.
બડાઇ ચેઢીસેપાઇ. કરમ૦ માસ ૧૧
ફાગણસે સીતા હરીકે રાવણકુલ વધકીનો;
લંકા માર મરઠ કરડારી રાજ વીભીક્ષણકુ દીનો;
લોટકે અજોધ્યા આયે શીવ સનકાદીક યાગ મુની સબ
દરશનકુ પાએ;
ગાદી બેઠે રઘુરાઇ કરમ૦ માસ ૧૨
જબે શક્ર અધીક મહીના આગ હુન ગઢન પડે;
લાલદાસ બાંસ બરોલી કે રામ રામ ઓચરે,
ભરતકી ચેઢી બારા માસી ગાવે સુને સુનાવે તરે.
કૃટે જમકી ફાંસી.

બેહમે એસી લખ આઈ, કરમ લેપ નામીટ૰ માસ૧૩

નંદલાલના મહીના.

આવોને નંદલાલ રમવા આવોરે
નીરભે થયા છો નાથ, રમવા આવોનેરે ટેક
કારતક તો તે કહ્યેરે કાહાડવો ભર દરીએ જેમ જહાજ
માગસર મહીને મારગડે મેલી હવે અમારૂ કોણ છે બેલી
ગીરધર વીના થઈ ઘેલી, રમવા આવોનેરે.
પોષ માસે જીરણ માણુ તજ્યુછું, લોકડીઆવીલાજલોપુંછુ.
પોષ માસે સંસાર તાજ કરૂંછુ, રમવા આવોનેરે ૩
માહા [illegible]ને મદરીયારે સુનાં હરી વિના આસનીયાં સુનાં
વાહાલા વિના જાય છે જોબનીયાં રમવા આવોનેરે ૪
ફાગણે ફુમફુગતીરે હોળી અબીલ ગુલાલે ભરાવુંરે ઝોળી;
વહાલા વીના ખેલે નણુ હોળી, રમવા આવોનેરે ૫
ચૈતરે મને ચિંતરે લાગી સુની સેંજલડીમાંઝબકીનેજાગી
વાહાલાની લેહે મને લાગી રમવા આવોનેરે
વઈશાખે વાવલીયારે વાય, આંખ ઉઘાડી ચોદશ જોયા
આંસુ પાલવડે લેહ્યાં, રમવા આવોનેરે ૭
જેઠ માસે જગજીવન આવે પણુ સરવે વધામણી લાવે,
વહાલો મારો કોઈ ન કહાને રમવા આવોનેરે. ૮

અષાડે હું અબળા નારી, મોહન હરીએ પુર છે ભારી,
પીયુનાં વચનને વીસારી, રમવા આવોનેરે ૯
શ્રાવણ તો સરવડીએ વરસે, નદીએ નીર ઘણેરાંરે છળશે;
વહાલો મારા શી રીતે ઉતરશે. રમવા આવોનેરે.
ભાદરવો ભર દરીએરે ગાજે, નીલાં વન નવ પલ્લવછાજે;
વહાલો મારો કાંઇ ન લાજે, રમવા આવોનેરે ૧૧
આસો માસે દેવ દીવાળી, લોક વણે સહુ સેવ સુંવાળી,
વહાલા વિના તે જમે કોણ વાળી રમવા આવોનેરે ૧૨

શ્રી કૃષ્ણના મહીના.

કારતકે કુબ્જા ગયા મેલી, મારે ઘેર આવો વનમાળી
કુબજા કેમકે ગમે કાળી. આવો હરી રાસ રમો વહાલા ૧
માગશર મારગડે રમતાં ભેગાં બેશી ભોજનીયાં જમતા
હવે હરી કેમ નથી ગમતાં. આવો હરી૦ ૨
પોસે સોમ પડવા અમને તીકમજી શું કહીએ તમને;
દીલાસ સારે દીધા ચમને. આવો હરિ ૩
માઘે માહા અંધારી રાતો કુલાંએ ખાટયો;
વહાલે લીધી મથુરાની વાટગે, આવોહરી૦ ૪
ફાગણે ફેરા ફરે હોળી, પહેરયા ચરણને ગોળી
સુંદડી મારી કેસરમાં રોળી. આવો હરિ. ૫

ચૈતરે ચિંત કરે ગાળા મધુવન મોરલીઓવાળા;
દરશન દો ઠાકોર તિરથવાળા, આવો હરિ૦ ૫
વશાખે વાતલડી જોતી, ઉભી રહી ઘુંઘટડે રોતી;
પાલવડે આંસુડાં લોતી,
જેઠે જગજીવન આથે, વધામની સહુ લોકો ક્હાવે,
ક્હાલો મારો કશુએ નવ ક્હાવે. આવો હરિ૦ ૮
અષાડે સબળા રહી આંખી, વહાલે મારે ભરજોબન રાખી;
વિચારો તે વાત થશે વાંકી. આવો હરિ૦ ૯
શ્રાવણ તો સરવડીએ વરસે, નદીએ નીરઝરણાં ફળશે,
વહાલો મારો શી રીતે ઉતરશે. આવો હરિ૦ ૧૦
ભાદરવો ભલીપેરે ગાજે; વહાલા થઇ વિહ્વળ તમ કાજે,
વહાલો મારો જરીએ ના લાજે, આવો હરી૦ ૧૧
આસો માસે આવી દીવાળી, શેવ વણુ કે સુંવાળી;
વહાલા વીના આ શી દીવાળી. આવો હરી૦ ૧૨

રાધિકાના મહીના

ક્હાને અમો કારતક કેમ જાસે, કે વનનો મોરલો કુણુ લાગે
કે મહીનો હાલી કુણ થાશે, કે જુગમાં જવાશે પાણી.
કે માગશરે મન મારૂં મળીયું કે ગોપીઆ ભાવ થકી ટળીયું
કે જેમ લુણ પાણીમાં ભળાયું કે જુમના૦ ૨

કે પોશે શોશ પડયા અમને. વહાલા મારા શું નમીએ તમને.
કે દીલાસા દીધા તે અમને, કે જુમનાં૦ ૩
કે માઘે મકર તણે માતે કે ફુલડીયાં વેરતી ખાંતે;
કે વાલાજી મારા મથુરાંની વાટે. કે જુમનાં૦ ૪
કે ફાગણે ફેરા ફરે હોળી, કે આછા અરણાને ચોળી;
કે ચુંદડી કેસરમાં રોળી, કે જુમનાં૦ ૫
કે ચેતરે ચતુરા ચિત ધરતી, વહાલાજીના ગુણ ગાતી ફરતી;
કે તોયે મારે વહાલે કીધી નરતી, કે જુમનાં૦ ૬
કે વઈશાખે વાયા વાવડીયા કે ઘેર પધારો વાલડીયા.
કે ફુધડે ધોડ્ડ તાતા પાવડીયા. જુમનાં૦ ૭
જેઠે જગજીવન આવ્યા, કે સઉ લોક વધામણી લાવ્યા;
વાહાલાજી મારા કશું એ ના લાયા કે જુમનાં૦ ૮
અષાડે અબળા થઈ આખી, વહાલે મારે અરજોણન રાખી;
વીચારે હવે વાત થશે તાજી, કે જુમનાં૦ ૯
શ્રાવણ સરવડીએ વરશે, કે નદ નદીએ ઘણા ટળશે;
કે કાયલડી ટહૂકલીઆ કરશે, કે જુમનાં૦ ૧૦
ભાદરે ભલીપેરે ગાજે, અંબર [illegible] વીજળી ગાજે
તેતો મારા [illegible] દીલમાં દાઝે જુમનાં૦ ૧૧
આશો [illegible], કે [illegible];
કે વહાલા વિના [illegible] કે જુમનાં૦ ૧૨

કે સખાના હાથે શોનાની ચુડી, રમતી દીશે તે રૂડી;
દુઃખરે સરવે ગયાં છે બુડી. કે જુમના૦ ૧૬

બહુચરાજીના મહીના,

અંતર ચીત ઘણું વાધુ, નમી બહુચર આરાધુ,
મન મારૂં ગોખે જઇ લાગ્યું, શેવોને શંખલપુર રાણી. ૧
વઇશાખે વાવલીયા વાયા, માજીના ઘઢ વળે આવ્યા;
અંબાજીની મોટી છે માયા, શેવોને. ૩
જેઠ તો જુગતી છે સારા, હરીહર બ્રહ્મ કી વારી;
ગોખ ઉપર જાઉં બલીહારી. શેવોને. ૩
અષાડે મેઘ ઘણું ગાજે. છત્ર શીવ બહુચરરે છાંજે;
ચોપલીયાં તો અદભુત વાજે શેવોને ૪
શ્રાવણ સરવડીએ વરસ્યો, માજીને ભજશો તો તરશો
નીકર તમે અથડાતાં મરશો; શેવોને ૫
ભાદરવો ભલીપરે ગાજ્યો શેવકને સનમુખે થાજ્યો.
બુડતાં બાવલસું સાહાજ્યો, શેવોને ૬
આશો માસે આવી દીવાળી, આવ્યાં છે અંબાને ફળ;
ગરબે રમે મોટાં માહાકાળી, શેવોને ૭
કારતકે કોયલડી બોલે, ના આવે માજીને તોલે;
તે જોતાં ત્રીભોવન ડોલે, શેવોને. ૮

માગસર માનસરોવર નાહે, ચાચર આવી ગરબા તો ગાયે
સેવકની મા કરજો સાહે, શેવે.ને ૯
પોસે પીત ઘણી છારી, પાંડવ લીધા ઉગારી
કૌરવ સરવે ગયા હારી. શેવે ને ૧૦
માહે તે મને નથી ગમતું, મન મારૂં રહે છે ભમતું
મન મારૂં માજીમાં રમતું. શેવાને ૧૧
ફાગણે ફેરા ફરતી હોળી, પહેર્યાં માએ ચરણાંને ચોળી
કેસર બહુ છાંટ્યાં છે ઘોળી શેવોને. ૧૨
બાર માસ પુરણ તો કીધા; દઈતને દંડ ભલા દીધા,
દેવતા સહુ ઉગારી લીધા. શેવોને ૧૩
આસો વદ બીજે બુધવારે; બારે માસ થયા નીરધારેરે
વલ્લવની કરજો મા સાહાયે. શેવોને ૧૪

શોભણદાસના મહીના

કારતકે કોડામણુ રે, શીબી પુનમ કેરો ચંદ્ર વાલા;
રાધા કરે હરીની વિનતીરે, ચરણે રાખો ગોવિંદ વાલા ૧
માગશરે મેલી ગયારે. પીઉ ગયા પરદેશ વાલા;
ભર જોબનમાં નાથનીરે, અબળા બાળેવેશે વાલા ૨
પોશ માસે પુજામણીરે, સાંભળ સહીયર વાત વાલા,
શ્રીકૃષ્ણ ચાલ્યા દ્વારકારે, સોળસેં ગોપીઓનો નાથ વાલા ૩
મહા મહીને મન મારૂંરે, ચીતડું વ્યાકુળ થાય વાલા

શમણાં આવ્યાં શ્રી રામનારે દીઠા જાદવરાય વાલા
ફાગણ માસે ફરકીયાંરે વાગે છે તાલ મરદંગ વાલા;
મધુરીથી વગાડે બાલો વાંસળીરે, હેળી ખેલે ગોવિંદવાલા ૫
ચઇતરે ચિંતામણરે નાઠ્યો નવલખ હાર વાલા
કોઇ લાવે પીઉની વધામણીરે, આપુ એકાવળ હાર વાલા ૬
વૈશાકે વન વેડીયાંરે; વેડી છે દાડમ દ્રાક્ષ વાલા
કોગલડી ટઉકા કરેરે. સરવે લાગે એનો સાદ વાલા ૭
જેઠ મહીનાના રવી તપેરે, જેવા ઉનાળાના તાપ વાલા;
લંકામાં જવાળા પરજળેરે, ઉભા રહો રઘુનાથ વાલા. ૮
અશાડ માસ ભલે ઉલટ્યારે થાયે વીજળીઓના વેગ વાલા
ભાંરે ઉલટી ભેની વાદળીરે, વરસ્યા વારે મેઘ વાલા ૯
શ્રાવણ વરશે સરવડીં, નદીએ વીરમળ નીર વાલા;
ભીંજે તે રાતી પદમણીરે, ભીંજાય દક્ષણી ચીર વાલા ૧૦
ભાદરવો ભલે ગાજીઓરે, શીતળ થયાં શરીર વાલા
ગોરાદે ભીંજામાં ઘર આંગણેરે પીઉટ ભીંજાય પરદેશવાલા ૧૧
આસો માસે દીવાલડીરે સુંદરી સજે શણગાર વાલા
લેલાવટ ટીલડી સોહામણીરે કંઠે એકાવળ હાર વાલા ૧૨
બારે માશે પુરા થયારે, આવેલો અધીક માસ વાલા
ગાય શીખે ને સાંભળેરે વિનવે શોભાગ્યદાસ વાલા ૧૩

અંબાજીના મહીના;

કારતક માસે કરૂણા કરો મુજ માતરે મા અંબાજી
અલબેલી અંબા સાંભળ મારી વાતરે મા અંબાજી ૧
તારા દરશનની મને મોટી અંબા આશારે મા અંબાજી
આ અહોનીશ કરજો વાર ફદીએ વાસ મા અંબાજી
માગશર માસે મન મળવા અકળાયરે મા અંબાજી
તારી ઈચ્છા કરતાં અંબા દીન વહી જાયરે મા અંબાજી ૩
દીન વહી જાયને આશા મુજને મોટીરે મા અંબાજી
તારા રંગમંડપમાં હું નવ આવી લોટીરે મા અંબાજી ૪
પોશ માશે મુજને મળવા સોશરે મા અંબાજી
મુજ રાક ઉપર શો ધરવો માજી રોશરે મા અંબાજી ૫
રોશ ન ધરીએ તમે દેવી છો દયાળરે મા અંબાજી
જેનું નામ ધરાવે શેવકજન પ્રતિપાળરે મા અંબાજી ૬
માહા મહીને કાંઈકવરત સાંભળ્યા તમારારે મા અંબાજી
મા શું જુઓ છો કુડાં કરમ અમારાંરે મા અંબાજી ૭
કુડાં કરમની કરણી છે અજ્ઞાનરે મા અંબાજી
તારા દરશનનું મને મોટું અંબા ધ્યાનરે મા અંબાજી ૮
ફાગણ માસે ફરી ફરી ઉલટે અંગરે મા અંબાજી
રંગ ભર્યાં મનડાં નવ કરશો ભંગરે મા અંબાજી ૯
ભંગ ન કરશો તનડું અમારૂં તલખેરે મા અંબાજી

ચીત અમારૂ ચરણે આવી અટકેરે મા અંબાજી ૧૦
ચઇતર મહીને ચીતા મુજને લાગીરે મા અંબાજી
જનસ ધરી નવ નીરખ્યાં અંબા માજીરે મા અંબાજી ૧૧
નવ નિરખ્યાં મેં અંબા અકળ સ્વરૂપરે મા અંબાજી
મા વળતાં કયાંથી દેખીશ માનાં રૂપરે મા અંબાજી ૧૨
વઇશાખ મહીને વરસ જાય હેડુ નાઠીરે મા અંબાજી
મા હવે વળતી વેળા રહી છે માઠીરે મા અંબાજી ૧૩
વેળા મોડી થાયે મોડું હુશુરે મા અંબાજી
વળતી કયાંથી દેખીશ માનાં મુખરે મા અંબાજી ૧૪
જેઠ માશે મુજને તેડા ઠેઠરે મા અંબાજી
નહી તેડા તો જીવણુ જાશે વેઠરે મા અંબાજી ૧૫
વેઠ થાશેને મીથ્યા થશે જનમરે મા અંબાજી
ભાગ્ય નથી પણુ ઓછાં મારાં કરમરે મા અંબ.જી ૧૬
અષાડ માસે અટક ન ધરીયે માતરે મા અંબાજી
તારા દરસન માટે તલસે મારૂ મનરે મા અંબાજી ૧૭
તન તલસે ને દયા ન આવે મારીરે મા અંબાંજી
મા દયાળુ દીલડી શું મુકો છો કાઢીરે મા અંબાજી ૧૮
શ્રાવણ માસે સંઘ ભરાય બહુ ભારીરે મા અંબાજી
મા ઇચ્છા હોય તે આવે તમારે પાસરે મા અંબાજી ૧૯
મા સંઘ ભરાયને સઉને ઇચ્છા થાયરે મા અંબાજી

મા પાપી હોય તે નીશ્ચે પાવન થાયરેમા અંબાજી
ભાદરવાથાં સીહને મન ભમ.વોરે મા અંબાજી
તારા કુકલલ દરશન આવી તાપ સમાવોરે મા અંબાજી ૨૧
તાપ સમાવી સીતળ કરજો છાંયરે મા અંબાજી
શીશ નમાવતાં પ્રાચીત પ્રલે થાયરે મા અંબાજી ૨૨
આસો માસે અરજ સાંભળો વેહેલીરે મા અંબાજી
મા આરાસુરમાં કરો આનંદની હેલીરે મા અંબાજી ૨૩
હેળી કરીને પુરા મનની આશરે મા અંબાજી
શેવકજનને તેડા તમારી પાસરે મા અંબાજી ૨૪
માસ બારે પુણ્ય કીધા માતરે મા અંબાજી
મા વીશામપરી વીશ્વાસ ન હરશો માતરે મા અંબાજી ૨૫
તેરમો મહીનો પુરશોતમ કહેવાયરે મા અંબાજી
મા હરી પ્રતાપે પુરૂષોતમ સહુ ચાહરે મા અંબાજી ૨૬
આરાસુરમાં નીત આનંદ થાયરે મા અંબાજી
કરજોડીને બાપુ શેવક ગાયરે મા અંબાજી ૨૭

સીતાજીના મહિના રાગ સાખીઓ.

મારા શામ સુંદર શ્રી રામરે, કેને આશરે રહીએ.
મારા પલ પલ માની પ્રણામરે, લાલના સંગ લઇએ.
ઘર બાર અલગ ઘનશ્યામરે મારા સમ નવ જાઇએ, ટેક.

કારતક કેમ કરી કાઢીએ, જુગ જેવી પળ જાય,
તાગથી જેમ તોડીએ, પણ મળવાને મન અકળાયરે મા.૧
જોબન દરીઆ ઘુઘવે, પીયુ દેશાવર દુર,
અણુજાણ્યા અનુભવી, તે શું નીરનું જાણે નુરરે. મા ૨
માગશરે ઘેર વીજોગણી, પીયુ પરદેશ પ્રયાણ;
ખવાયે અળગુ ખેળીયું જેના પરવશ પડીયા પ્રાણરે મા૩
જળથી જુદી માછલી, રાખો કરી વીવેક,
વારૂ મારા વાલમા, એવા પ્રાણ ન રહે પલ એકરે. મા. ૪
પોસે પ્રીતમ પ્રીતડી, વીરહ બાણ વા વાહાય;
એ ગાયલનો અંત નહી, એનું તન તરફડીયાં ખાયરેમા ૫
ખાવુ પીવું ખેલવું, ઓઢણુ ને પેરણુ અંગ;
બોલવું ચાલવું બેસવું, એને પોઢવું ન ગમે પલંગ મા ૬
માગે મન તલશે ઘણું ઝુરે વીજોગણુ નાર;
લક્ષ વીંછીની વેદના, ઉપજે ચીતમાં અનેક વીચારરે. મા૭
ફાગણુ હોળી ફાલતી, ફાગ રમે સઉ કોય;
એક હોળી મારે આંગણે બીજી હૈયે હોળી મારે હોય.મા૮
ભીતરમાં ભડકા બળે, વહી ઝાળ;
વલખાં મારે વીષવીષે, જેને ડસીઓવીરહવ્યાધીવ્યાળ મા૯
ચઇતર ચકોર ચીતની, શશી વીદેશી શામ;
ભરજોબનમાં એકલી, એનો રાજ્યા ઉપર જેમ રામ. મા૧૦

સુભાગીઆં જે સાસરા, સજોડ સ્નેહ સહીત
કેયમ કરી વસીએ એકલાં; જાણી જોયા જનમનીએરીવ૧૧
વા વાયા જ્યં શાખના, આંખે આવી શાખ.
ભેગી ભમે વીદેશમાં ચાંય હૃદય બળી બળી ખાખરેમા૧૨
સુગાને સ્વપ્નું થયું, મનમાં રહી મુઝાય;
પ્રીતીનું તો પારખું જે જીભે કહ્યું નહી જાય મા ૧૩
જેઠ તણા તડકા પડે, લાય જેવી લુ વાય;
સુના મંદીર માળીયાં, સુની સેજડી ખાવા ધાય. મા. ૧૪
જાય ન રજની દીન જાતા, રોતા ગયે દીન ન જાય
વીરહ દુખ મહાદેવના, એતે નજરે જોઈ કેમ જાય:મા. ૧૫
અશાડ ઝબકે દામની, ઘન ગરજે મનમાંય,
બપઇયા પીઉ પીઉ કરે, સુણી વિરહેણી૦યાકુળ થાયમા૧૬
દેવ દાનવ પશુ પક્ષી, માનવ તો કોણ માત્ર
જીવતાં પ્રેમ વીજોગીયું, વિરહ વિરહીજન ગાય. મા. ૧૭
શ્રાવણ વરસે શ્રદવડે, નદીએ આવે નીર;
લીલી ભુમી ભાસે ભલી. ગાજે તરૂવર ગોર ગંભીર.મા,૧૮
ઘોર અંધારી રાતડી, ઝરમળ વરશે મેહ;
આંખેથી આંસુ ઢળે. જેનો સ્વામી ગયો તજી સ્નેહ મા.૧૯
ભાદરવો ગાજે ભલો, રાજવી સહુ વધભોગ
સંગમાં રહીવ રોગ એ જેને વાહાલાનોથાયવીજોગ.મા. ૨૦

ચંપા ચંપેલી મોગરા; નવપલ્વ વન વહાય,
વીરહણી જાત જવાસીઓ, તેતો શોશે સુકાઈ જાય.મા. ૨૧
આસો આવ્યાં નોરતાં, રમે જમે નરનાર;
દીવસ દીવાળી દોહલા તેતો જાણે જગત કીરતાર.મા. ૨૨
દંપતી અંગ ઉમંગમાં, ગાનતાન ગીત રંગ,
અંગરામ અદભુત થયા, જયજયકાર જણાવે અનંગ.મા૨૩
મનમોહન અધીક માસથી, થયા પ્રભુ પરસન;
સંગ સીતા જેમ રાખીયાં, તેમ ટળે વિરહવ્યાધીદનરે.મા૨૪

લાલજીના મહીના.

લાલજી કારતક મહીને રથ જાદવરાયે જોતરયા;
ઓ લાલ વહેલા આવજો હોલાલ. ૧
લાલજી માગખર મહીને મેહેલી મથુરાં ગયા,
ઓ લાલ વેહેલા આવજો હો લા ૨
લાલજી પોષ મહીને પોપટ બેઠો પાંજ,
ઓ લાલ વેહેલ. આવજો હો લાલ. ૩
લાલજી માંહા મહીનાની શેજલડી સુની પડી,
ઓ લાલ વેહેલા આવજો હો લાલ ૪
લાલજી ફાગણ મહીને વેરણ્યો વેરીઓ,
ઓ લાલ વેહેલા આવજો હો લાલ ૫
લાલજી ચૈત્ર મહીને ચતુરભુજ ચાલ્યા [illegible],

ઓ લાલ વેહેલા આવજો હો લાલ ૬

લાલજી વૈશાખ મહીને વાય હીંડોળા ઝુલતા,

ઓ લાલ વહેલા આવજો હો લાલ ૭

લાલજી જેઠ મહીને જુગજીવન ઘેર આવીયા,

ઓ લાલ વેહેલા આવજો હો લાલ, ૮

લાલજી અશાડ મહીને અબળાને સુખ આપજો,

ઓ લાલ વેહેલા આવજો હો લાલ ૯

લાલજી શ્રાવણ મહીને શરવડેથી વરશીઓ,

ઓ લાલ વહેલા આવજો હો લાલ ૧૦

લાલજી ભાદરવો તો ભલી પેહેરે ગાજીયો

ઓ લાલ વહેલા આવજો હો લાલ, ૧૧

લાલજી આસો માસે દિવાળી ભલે આવીયાં

ઓ લાલ વહેલા આવજો હો લાલ ૧૨

લાલજી ફુલવાડીમાં રંગી લીલમ લાંકડાં,

ઓ લાલ વહેલા આવજો હો લાલ. ૧૩

લાલજી તેનીરે ઘડાવું નવરંગ પાવડીઓ,

ઓ લાલ વેહેલા આવજો હો લાલ ૧૪

લાલજી પાવડીઓ પેહેરીને માહરા મોહોલે આવજો,

ઓ લાલ વહેલા આવજો હો લાલ. ૧૫

લાલજી પાવડીએથી રડયા ખડયા તો ભલે પડયા

ઓ લાલ વેહેલા આવજો હો લાલ. ૧૬
લાલજી બળતી ઝળતી બોલું છું પણ ગણી ખમા;
ઓ લાલ વેહેલા આવજો હો લાલ ૧૭

વઇરાગના મહીના.

કારતક આવ્યો ઓ સખી. સજીયો શોળ શણગાર
ઓઢવાને નવરંગ ચુંદડી, કંઠે એકાવળ હાર
હવે તો ઘરમાં નથી ગોઠતું જાણે લેઉ વઇરાગ ટેક;
માગશરે મેલી ગયા મનમાં ન આણી મેર
મેલી કરી મથુરાં ગયા કુબજા શું કીધી લેહેર ૧
કો હરી કેમ રહુ એકલી, મારે. શો અપરાધ;
હવે તો ઘરમાં નથી ગોઠતું, જાણે લઉં વઇરાગ ૨
પોસ મહીનાની પુનમે સમણાં આવ્યાં સાર;
શોળે શણગાર પ્રભુ મેં ધર્યા ના આવ્યા દીનદયાળ ૩
કો હરી રહું એકલી મારો શો અપરાધ
હવે તો ઘરમાં નથી ગોઠતું જાણે લો વૈરાગ. ૪
માહા મહીનાની સેજમાં. આવી વેરણ રાત;
હયડે મારા વીસરી રમશું કોની સંગાથ ૫
કો હરી કેમ રહુ એકલી મારો શો અપરાધ
હવે તો ઘરમા નથી ગોઠતું જાણે લઉ વઇરાગ ૬

ફાગણ ફુલ્યો ફુલડે, વનમાં કેસર સાગ
કસ્તુરીનાં છાંટણાં, ઉડે છે અબીલ ગુલાલ ૭
કો હરી કેમ રહુ એકલી, મારો શો અપરાધ
હવે તો ઘરમાં નથી ગોઠતું જાણું લઉ વઇરાગ ૮
ચઇતર ચંપો મોરીયો; મોરી જે દાડમ દ્રાખ;
કોયલડી ટોકા કરે, ભમર કરે ગુંજાર ૯
કો હરી કેમ રહુ એકલી, મારો શો અપરાધ.
હવે તો ઘરમાં નથી ગોઠતું જાણું લઉ વઇરાગ ૧૦
વઇશાખે વાયાં વાદળાં, તપે રાધાજીનું તન;
રાધા બોલડાં લઈ રહયાં, નથી બોલ્યાનું મન. ૧૧
કો હરી કેમ રહુ એકલી, મારો શો અપરાધ;
હવે તો ઘરમાં નથી ગોઠતું જાણું લઉ વઇરાગ ૧૨
જેઠ મહીને જદુરાયજી છુટી રાધાજીની વેણ;
રાધા બોલડાં લઇ રડયાં, નથી બોલ્યાનુ મન ૧૩
કો હરી કેમ રહુ એકલી, મારો શો અપરાધ
હવે તો ઘરમાં નથી ગોઠતુ જાણું લઉ વઇરાગ. ૧૪
અષાડ આવી ઉલટયો મેવલે માંડી છે મોર;
ગોરી ભીંજાય ઘર આંગણે પીઉ ભીજાય પરદેશ ૧૫
કો હરી કેમ રહુ એકલી. મારો શો અપરાધ
હવે તો ઘરમાં નથી ગોઠતું જાણું લઉ વઇરાગ. ૧૬

શ્રાવણ વરસ્યો સરવડે, નદીએ નીરમળ નીર;
સુપનાંતરમાં દેખીઆં હરી હળધરના વીર ૧૭
કો હરી કેમ રહુ એકલી, મારો શો અપરાધ,
હવે તો ઘરમાં નથી ગોઠતુ જાણે લઉ વઇરાગ. ૧૮
ભાદરવો ભલે આવીયો, ઘણો વરસ્યો છે મેઘ,
વીજળડી ચમકાર કરે, ચોદસ ચાલ્યા નીર ૧૯
કો હરી કેમ રહુ એકલી, મારો શો અપરાધ;
હવે તો ઘરમાં નથી ગોઠતું, જાણે લઉ વઇરાગ; ૨૦
આસો માસે નવ રાતડી, નવ દહાડા નવ રાત;
સઉ ગોપીઓ ટોળે મળી, માંડવલી મંગળ ગાય. ૨૧
કો હરી કેમ રહુ એકલી મારો શો ખપરાય
હવે તો ગરમાં નથી ગોઠતુ જાણે લઉ વઇરાગ ૨૨

નરસિંહજી મહારાજાનો ગરબો.

ગણુપતી સરસ્વતીને સમરૂં, બેઉ કર જોર;
નરસિંહજીનોગરબો ગાતા, કોઇમાંદેશોખોડનરહરી લટકાળા
ઘણી મહેર કરો મહારાજ, ગુણનીધી છોગાળા. ટેક ૧
વહારીપુરે દરવાજે જાતાં, જમણા હાથની ઓળ:
રાજેશ્વર શીવાજીના સામી, નરસિંહજીની પોળ નર. ૨
શહેર તણી છે શી કહું શોભા, વર્ણું બસે છે અઢાર:

નરસિંહજીના રાજમાં કોઇને દુઃખ નહીં તલભાર.
ટોપીવાળુીઆ નાણાવટીને, આંખી શરણ્યા સાર
આ ઓળમાં બહુ છે વસ્તી સુડગરને કંસાર ૪
પુર્વ દિશાએ અષ્ટ ભુજાને, ઉત્તર બહુચર ગાજે;
પશ્ચિમમાં તો પીર વસે છે દક્ષિણ હનુમંત બીરાજે, ૫
ચાર દિશાએ જબરી ચોકી, બીજા દેવ અપાર.
શહેર વચ્ચે નરસિંહજી ગાજે, સઉ શતરૂનો ભાર ૬
સીંહસન આસન ઉપર, અલબેલા બીરાજે,
મંદિરની શી કહું શોભા, નીત્ય ચોઘડીઆં વાજે ૭
પીતાંબર જરકશી વાઘા પાઘ કલંકી પટકો;
મોર મુગટને કાને કુંડળ. જોઇ ચીતમાં લાગે ચટકો ૮
હીમ હીરાને માણેક મોતી શોભાનો નહીં પાર.
આભુષણની શોભા દેખી, મન કરે વિચાર. ૯
નીતનીત શોભા નવતમ નેણે, જોતાં પહોંચે આધરે
જમણે હાથે જોત દીવાની, અખડ બારે માસ. ૧૦
નરસિંહજીની નીતી કહીયે, ત્રણ લોકથી ઝાઝી;
ઘીનાં કાંટા ગેર ભર્યા પણ નરસિંહ લોટપર રાજી. ૧૧
સમે આરતી શોભે કેવી આનંદ સરખુ થાય
ઘંટની ઘડિઆળો વાગે, આન ગુણીજન ગાય ૧૨
દશરાને દિવસે વહાલો, અંબાડીમાં બીરાજે;

અપરાવતીની શોભા દેખી, કામ કોટીક તો લાજે ૧૩
આસો ચઉદશને દીવાળીએ, આનંદ ઓચ્છવ થાયરે;
શ્રાવણ માસની શું કહું શોભા, એ વરણવી ન જાય. ૧૪
શ્રાવણ વદી ત્રીજને દહાડે, કાજળીનો મહીમાય;
પાછલી રાતે હીંડોળા ઘરા છુટી જાય. ૧૫
કારતક માસની શોભા કહીએ, પ્રભુનું લગ્નજ થાય,
શુદ ચઉદશની દીવીયો જોતાં; માત્ર નરમ થઈ જાય. ૧૬
ચઉદશની તો દીવીઓને, પુનમનો વરઘોડો;
તુલશી વાડીએ દરશન કરવા. સજન સહુકો દોડો ૧૭
ચારે માસે ચમર ઢાળોને, બહુ બોલે છડીદાર
ખમા સહુ મુખથી કહે છે, શોભાનો નહીં પાર ૧૮
ઇંદ્રાદીકને નારદ સરવે. અંતરીક્ષ જોવા આવે;
ધન ભાણાભાઈ ભાગ્ય તારૂં, નીત્ય લાડ લડાવું ૧૯
ધન તાત ધન માતા તારી. ધન તારો અવતાર;
નીત્ય પ્રભુને લાડ લડાવે, ભાગ્ય તણો નહીં પાર. ૨૦
પરણાવીને પાછા વાળ્યાને, આવ્યા રાજ અવાસ
તરેહ તરેહની આતસબાજી ઉડે પ્રભુ ી ૨૧
ત્યાંથી પ્રભુ આગળ પધાર્યા; આવ્યા મંદીર મોઝાર
દેવ સર્વ વિમાને બેસી, કરે પુષ્પ વૃષ્ટીઅપાર ૨૨
મંદીર સામી શોભા કેવી, દીપમાળની શોભે.

પોળ મધે મદન મોહનજી, દરશને મન લોભે ૨૩

દયા કરીને દરશન દેજો, અંગમાં ઉલટ આણી રે;
કષ્ટ મારાં સહુ કાપી નાંખો, દાસ પોતાનો જાણી. ૨૪

રંક પર તો રીસ ન કરવી, મહેર કરો માહારાજ;
ગાંડો ઘેલો દાસ તમારો બાંય ગ્રહ્યાની લાજ ૨૫

નરસિંહજીનો ગરબો ગાયા, સુણજો સહુ નર નાર;
બેઉ કરજોડી શીવલાલ કહે, પ્રભુ ઉતારો ભવપાર, ૨૬

શ્રી કૃષ્ણના દશ અવતારનો ગરબો.

મારા કૃષ્ણજીરે લોલ, કૃષ્ણ તે કંઠ કેરૂ ઝુમણુંરે લોલ;
હરી હઈયા કેરો હારરે મારા વાલારે કૃષ્ણ વગાડે રૂડી
વાંસરીરે લોલ ટેક.

મારા કૃષ્ણજીરે લોલ પહેલે રૂપે કાનજી રે લાલ
ધર્યો મચ્છતણો અવતાર મારા વાલારે મચ્છેસમુદ્રગળીયોરે
સાર્યો તે સંખાસુર દૈત મારા વાલારે કૃષ્ણજી ૧

મારા કૃષ્ણજીરે લોલ બીજે તે રૂપે કાનજીરે લોલ
ધર્યો કચ્છ તણો અવતાર મારા વાલારે
કચ્છે સમુદ્ર મથન કર્યોરે લોલ મેરૂને રચઈયોમારા વાલારે
સમુદ્રની ગોલી કરી રે લાલ ઘુમે ગોપીનો નાથમારાવાલારે

શેષનાગનાં નેત્રાં કર્યાં રે લોલ કહાડયાં તે ચઉદરતન મારા
વાલા રે કૃષ્ણજી૦ ૨

મારા કૃષ્ણજીરે લોલ ત્રીજેને રૂપે કાનજી રે લોલ
ધર્યો વારાહ તણો, અવતાર મારા વાલારે
પૃથ્વી લઈ દાઢ ઉપર ધરીરે લોલ પેઠોતેચંપ પાતાળ મારા
વાલારે કૃષ્ણજી૦ ૩

મારા કૃષ્ણજી રે લોલ, ચોથેતે રૂપે કાનજી રે લોલ
ધર્યો નરસિંહ તણો અવતાર મારા વાલા રે
સ્થંભ ફાડીને પ્રગટ થયા રે લોલ, માર્યો તે હીરણાતે કંશ
કઈત મારા વાલારે ઉગાર્યો પ્રહેલાદ ભક્તનેરે લોલ
હેવા ભકતવત્સળ છો નાથ મારા વાલારે કૃષ્ણજી ૪
મારા કૃષ્ણજીરે લોલ પાંચમેતે રૂપે કાનજી રે લાલ
ધર્યો વામન તણો અવતાર મારા વાલારે
ત્રણ ડગલા પૃથ્વી ભરીરે લોલ બળી ચાંપ્યો પાતાળ મારા
વાલા રે કૃષ્ણજી૦ ૫

મારા કૃષ્ણજીરે લોલ છઠેતે રૂપે કાનજીરે લોલ
ધર્યો ફરશુરામનો અવતાર મારા વાલારે ફરશી તે લીધી
હાથમાં રે લોલ છેદ્યાં ક્ષત્રીયોના શીષ મારા વાલારે
જમની હાથે હણી રે લોલ, વાળ્યાં પીતાનાવેરમારાવાલારે.
કૃષ્ણજી. ૬

મારા કૃશ્ણજીરે લોલ સાતમેતે રૂપે કાનજી રે લોલ
ધર્યો રામચંદ્રનો અવતાર, મારા વાલારે સીતા લેઇ વન
નીસર્યો રે લોલ સેતુ બાંધ્યો છે પહાણ મારાવાલારે રણમાં
માં તે રાવણ રોળીયો રે લોલ. આપ્યાં વીભીષણ રાજ
મારા વાલારે કૃશ્ણજી. ૭
મારા કૃશ્ણજી રે લોલ આઠમેતે રૂપે કહાનજીરે લોલ
ધર્યો કૃશ્નતણો અવતાર મારા વાલારે મથુરામાં હરી
પ્રગટીયા રે લોલ, ગોકુળ કીધો છે વાસ મારા વાલરે
માર્યો તે મામા કંસને રે ગોપી લડાવ્યા લાડ માર લાલારે
માતા પીતા છોડાવીયારે લોલ આપ્યાં ઉગ્રસેનને રાજ,
મારા વાલારે કૃશ્ણજી. ૮
મારા કૃશ્ણજીરે લોલ નવમેતે રૂપે કાનજી રે લોલધર્યોબુદ્ધ
તણો અવતાર મારાવાલારે, જપમાળાં કરમાં ધરી રે
લોલ લીધું છે મુનિવ્રત મારા વાલારે કૃશ્ણજી. ૯
મારાં કૃશ્ણ રે લોલ દશમેતે રૂપે કાનજી રે લોલ ધર્યો
કલંકી અવતાર મારા વાલારે ત્રણ પગલેઘોડે હીડરેલોલ
પૃથ્વી તો રસાતાળ મારા વાલારે કૃશ્ણજી. ૧૦
મારા કૃશ્ણરે લોલ ગાય શીખે ને સાંભળે રે લોલ પામે
તે વઇકુંઠ વાસ મારા વાલા રેમહેતો નરસઇવીનવેરે લોલ
રાખો ચરણ કમળનિ પાસ વાલારે. કૃશ્ણજી ૧૧

અંબાજીમાતાનો ગરબો

(ગોરમાનો ગરબો રાગ)

હું તો ગણપતલાગુ પાયકે ગાઉં ગરબો આરાસુરી તણોરે લોલ
આરાસુરમાં બેઠી માતકે મહિમા અતી ઘણોરે લોલ, ૧
માને પાસે આવે લોકકે દુર બહુ દેશથી રે લોલ
આવે બાળ જોબનને વૃદ્ધકે અતી ઘણું હેતથી, રે લોલ ૨
માજી દીવસમાં ત્રણ રૂપકે ધરે અતી સોભતાં રે લોલ
જોબન બાળ અને વળી વૃદ્ધકે આયુધ ઓપતાં લોલ. ૩
માને છત્ર સોનાનું છાજે કે રત્ન જડેલ છે રે લોલ
ફરતી હીરાની કોરકે છત્ર અમુલ્ય છે રે લોલ ૪
કેશરી ઉપર બેઠી માંતકે સહુ આયુધ ધરીરે લોલ
કોટી સુરજ ઝંખા થાય કે લલાટે આંડ કરી રે લોલ ૫
માને શોભીતા શણગાર કે શોભા શી કહું રે લોલ
મને શેષ ન પામે પારકે હું તે શું લહું રે લોલ ૬
માને કંઠે એકાવળ હાર કે શોભે અતી ઘણુંરે લોલ
માને બાંહે બાજુબંધ કે ચુડો સોનાતણોરે લોલ ૭
હીરા રત્નતણી કંકણીઓ કે ચુનીઓ મહીઅતીઘણીરે લોલ
સાચા મોતીના ગુજબંધ કે મધ્યે છે મણીરે લોલ. ૮
માને કાને કલાપુલ કે નાકે વાળી શોભતી રે લોલ
માને સેંથા પુર્યો અનુપ કે કામણી ઓપતીરે લોલ ૯

મ.ને હશે આંગળી વેઠ તે ઝાંઝર ઝમઝમે રે લોલ;
કહાં ઝાંબી ને તે.ડા કે ઝાંઝર ઝમ ઝમે રે લોલ ૧૦
માને અણીઓ ચોળીને ચીર કે ઓઢી ચુંદડી રે લોલ
માના ચોક વચે સહુ નાર કે ફરે કુંડડી રે લોલ ૧૧
માને ઘીની બળે છે જ્યોત રવી શોભીયો રે લોલ;
માનુ તેજ જોઈ મન માંહે તું તો લોભીયો રે લોલ ૧૨
માના દરશનથી દુઃખ જાય કે પાપ સહુ બળે રે લોલ
શું કહુ મંડપની શોભાય કે સુખમાં અમી ઝરે રે લોલ૧૩
માને માનસરોવર સાર કે માંહી અમૃત ભર્યું રે લોલ
તેમાં જે કોઈ જઈને નાહ્ય કે તેનુ કામ સર્યું રે લોલ૧૪
શું કહું સ્થાનકની સોભાય કે કામ મીનાતણું રે લોલ
માનો પુનમ સંઘ ભરાય કે શું વરણુન કરૂં રે લોલ ૧૫
ફરતી બંગલાને બેઠાં અતી ઘણી ઓપતી રે લોલ.
માનો સનમુખ છે એક વાવ્ય સુંદર શોભતી રે લોલ ૧૬
ત્યાંથી ચાલ્યા ઉત્તર માંહ્ય કે મંદીર બાગ છે રે લોલ
શું કહુ આરાસુનીર શોભાય કેરચના અથાગ રે લોલ ૧૭
માને સુરીજન મુનીજન સેવે કે બ્રહ્મા ધ્યાન ધરે રે લોલ
મ.ને નીશદીન સનમુખ કે સ્તુતી કરે રે લોલ ૧૮
માનો ગરબો જે કો ગાય કે નીત્ય પાઠ કરે રે લોલ
કોટીક પાપ પ્રલય થાય કે તે સહેજે તરે રે લોલ ...૧૯
માજી સેવક [illegible] કરુણા [illegible] રે લોલ [illegible]

માજી દીન શેવકની વીનતી કે ઉરમાં લીજીએ રે લોલ૨૦
માજી ગુણ ગાવા નીશદીન કે બુદ્ધિ આપજો રે લોલ
સુણી રણછોડદાસની વીનતી કે શરણે રાખજો રે લોલ ૨૧

બહુચરાજીમાતાનો ગરબો.

સરસ્વતી માતને વિનવું, કરજોડી કહું છું હાંહારે કરજો
મેહેર કરો તુજ દાસને તમ શરણે રહું છું હાંહાંરે તમ ૧
સેહેર તે ચિરજ ક્ષેત્રના સોભા છે સારી; હાંહાં
વરણ અઢાર વાસો વસે વરહી છે ભારી હાંહાં ૨
ધર્મરાજ ગાયકવાડનું લાગે છે સારૂં હાંહાં
સહુવશે સુખચેનમાં જોઇ મન દીસે મારૂ હાંહાં ૩
ઇનસાફ કરે એ રીતથી નહીં વાહલો વેરી; હાંહાં
બ્રાહ્મણ સહુ આશીશ દીયે ફરે સેરી ગેરી. હાંહાં૦ ૪
સહુને સુખ આ રાજમાં છે સોસો ઘણેરૂં; હાંહાં
પ્રભુ અખંડ રાખ આ રાજને શું કહું ઝાઝેરૂં હાંહાં૦ ૫
બ્રાહ્મણને લહુ પ્રેમથી દે દાન અતીશી, હાંહાં
શ્રાવણ અધીક માસમાં નવ કરવા દે હિંસા* હાંહાં૦ ૬
સદા વાસ એ રાજમાં પ્રભુ આપો હમને હાંહાં
સેહેરમાં સ્થાનક દેવનાં સોભા શી કહીએ, હાંહાં ૭

---

* શ્રાવણને અધીક માસીમાં મહુલાવારાવ ગાયકવાડહિંસા કરવા દેતા નહી,

એક એકથી અતી ઓપતા જોઇ વિસ્મે થઇએ, હાંહાં
ચુંવાળથી બહુચર માવડી ત્યાં આવી રહ્યાં છે, હાંહાં૦ ૮
સુખ આપે દુખ કાપીને બહુ કઇ ગયાં છે હાંહાં ૯
સેહેર સમીપે સ્થાન છે માનુ ઉત્ર દશાએ હાંહાં
દીવસના નવ વાગતાં સોભા બહુ થાએ હાંહાં ૧૦
ધુપ દીપે થાય આરતી સહુ દરશને આવે હાંહાં
ઘણાકને નીમ છે. કંઇ આવે ભાવે હાંહાં૦ ૧૧
બહુ લોકને એમ છે દરશન નવ થાયે હાંહાં
તે દીવસ અપ્રવાસ કરે ને અન્ન ન ખાયે હાંહાં૦ ૧૨
એવો નીયમ રાખી ને જે દરસને આવે હાંહાં
માજી ચીંતા રાખીને પુરે અસા ભાવે હાંહાં
શણગાર માના શોભીતા રચના છે મારી હાંહાં
હીરા રત્નતે હેમના માંહી ચુનીઓ ભારી; હાંહાં ૧૪
કંઠે એકાવળહાર આરંપીઓ દીસતો રૂડો હાંહાં
બાહે બાજુબંધ બેરખા માંહીસોનાનો ચુડો હાંહાં. ૧૫
હેમ રત્નનો કાંગની માંહી ચુની યોઝળકે હાંહ
ખરા મોતીના ઝળચવા માંહી લીલમ લટકે હાંહાં ૧૬
કાને કળફુલ શોભીતાં નાકે છે વાળી હાંહાં
મોતીની બાંધી દામણી મડી મણીઓ ભારી હાંહાં
આંગળીએ વેંઢ વીંટીયો છલે ઘુઘરી ઘમકે હાંહાં

પાયે તે ટલ્લા કાણીચો તોડા ઝાંઝર ઝમકે હાંહાં. ૧૮
જગ મોતિનુ કાપડુ લલાટે ટીકડી ચોડી. હાંહા
પાંચ પટાનો ઘાઘરાને સાડી કસબી ઓઢી. હાંહાં. ૧૯
પાછળ બાંધ્યો ગોફણો મહી ઘુઘરી ઝાઝી હાંહાં,
આયુધ શણગાર સરવે સજી બેઠાં છો માજી. હાંહાં. ૨૦
જોતો બે ઘીની બળે જો રવી સોપ શોભે. હાંહાં
તેજ જોઈ મઈયાતણું મારૂ મનડુ લોભે, હાંહાં ૨૧
તેજ ન મળે ત્રણ લોકમાં રવી ઝાંખો થાયે હાંહાં
અકળ સ્વરૂપ બીંબ પ્રકાશીયુ બહુચરી માયે હાંહાં ૨૨
વીરક્ષાત્રમાં વાશો વસ્યાં સહુ સુણજો સુણજો કાનેહાંહાં
બહુ લાવે વધામણી મસ માનતા માને. હાંહાં ૨૩
દુખ કાપી સુખ આપો છો મા દીનદયાળ હાંહાં
વિશ્વની રક્ષા કરો મા બહુચરી બાળી. હાંહાં ૨૪
સેવક પોતાનો જાણીને મા રાખે પાસે. હાંહાં
અરજ સાંભળી તેમની મા પુરજો આશે હાંહાં ૨૫
દીન સેવકની વીનતી રૂદીયામાં ધરજો હાંહાં
ભીડ પડે ત્યાં બહુચરી આવી સંકટ હરજો. હાંહાં ૨૬
ગરબો શીખી સાંભળી નીત પાઠ કરશે. હાંહાં
કોટીક પાપ પ્રલે થઈ તે સેજમાં તરશે. હાંહાં ૨૭
રણછોડદાસ તેહ વીનવે બેઉ કરજોડી. હાંહાં

સાહાય કરો મુજ દાસને બુદ્ધિને થેડી હાંહાં ૨૮
ભુલ ચુક હો માહારી તે માફ કરજો, હાંહાં
વિનતી સુણી આ દાસની તે કાને ધરજો હાંહાં ૨૯
વાસ તે વિરક્ષેત્રમાં શવપરામાં રહું છું. હાંહાં
રાત દીવસ રક્ષા કરો કર જોડી કહું છું હાંહાં ૩૦

ગોરમાનો ગરબો.

ગોરમા ગણુપત લાગુ પાય કે, વીધાત્રાને વીનવુ રે લોલ
ગોરમા ઘરડોને ભરથાર કે, આપો શું મંનરે લોલ
ગોરમા ધીક ધીક અવતાર કે, શું કહું તનેરે લોલ;
ગોરમા રણુ સંબંધી મુજ તાત કે, મામારી પાપણીરે લોલ
ગોરમા સંસાર કીધો સરપ કે. સેજે થઇ સાપણીરે લોલ
ગોરમા હું કહું છું નાનું બાળકે, પીઉ ઉટીઓરે લોલ,
ગોરમા દીઠે પડે છે ફ્રાળ કે, મુરખ છે બુઢીઓરે લોલ
ગોરમા માફ થયુ જોબન કે પીઉ ઘરડો થયોરે લોલ
ગોરમા હું કરૂ કોકીલ શબ્દ કે પીઉ તો સુઇ રહ્યોરે લોલ
ગોરમા મને થયાં વરસ સોળ કે પીઉને એશી થયારેલોલ
ગોરમા દીઠે જાણું જક્ષ કે બુધ સઘળી ગઇરે લોલ
ગોરમા શીયાળાની નાર કે સરદ શોહામણીરે લોલ;
ગોરમા વરધ પીયુથી જાત કે દીસે બીહામણીરે લોલ
ગોરમા રજની રમવા ઇચ્છુ કે આંજી આંખડીરે લોલ

ગોરમા ચેન કરતો બોલે કે કરગ્રહી લાકડીરે લોલ,
ગોરમા શિયાળાની રાત કે સ્વાદ હોય અતી ઘણુંરે લોલ
ગોરમા રજની વિતી એક કે, આજ મા આંખડીરે લોલ
ગોરમા કંટક તમને ખડકે કે, કોહ્યા કેમ સરેરે લોલ;
ગોરમા પીઉની ઘરડી જાત કે, અરથ કયાંથી સરેરે લોલ
ગોરમા દુરગળ મારો કંથ કે, દીન જાય દોહ્યલારે લોલ
ગોરમા વિજ્યા દિન કે. સહુ શણગાર સજેરે લોલ;
ગોરમા મારો ઘરડો કંથ કે, ધીક અવતારને લોલ
ગોરમા સહુને મન દીવાળી કે, મારે મન હુતાસણીરેલોલ
ગોરમા મારા કરમના ભોગ કે હું નિસાસણીરે લોલ
ગોરમા દિવસ નવ દેખું જાણું દવ બળેરે લોલ
ગોરમા મુજ સરખો પુરૂષ દેખું કે, મન મારૂ બળેરેલોલ
ગોરમા મારા કાળા કેશ કે, એના ધોળા થયારે લોલ
ગોરમા હું થઈ જોબન વેશ કે, તન મારૂ બળેરેલોલ.
ગોરમા મોઢે આવે લાળ કે, નેત્રે નીર ઝરેરે લોલ;
ગોરમા હું નારંગી જેવી કે, તન મારૂ બળેરે લોલ
ગોરમા સેજ બીછાવે પુરૂષ કે, તે દેખી ડરેરે લોલ
ગોરમા સાસ ઉડરસને પીડ કે, ઉધો ચુવેરે લોલ;
ગોરમા આભુષણ પહેરૂ અંગ કે વસ્ત્ર બહુભાતભાતનારેલોલ
ગોરમા મીથ્યા થયો અવતાર કે અબી જાતમારે લોલ

ગોરમા શુ આપો અવતાર કે નાગરી નાતમારે લોલ
ગોરમા સુખ ન પામી એક કે, દુખ બહુ ભાતનારે લોલ
ગોરમા જેને જોબન કંથ કે પુન્ય કીધાં હશેરે લોલ
ગોરમા મેં કીધાં બહુ પાપ કે; હુ વૃદ્ધની વહુરે લોલ,
ગોરમા ઓરીયોનવિત્યો એક કે અધરણીનિ રીતનોરે લોલ
ગોરમા પુરૂષ ન દીઠો એક કે પુરિ પ્રીતનોરે લોલ
ગોરમા શીવજી પુજા સહાયકે પામુ જોબન ગણીરે લોલ
ગોરમા મન મારૂ વ્યાકુળ કે, એનું કેમ બળ્યુરે લોલ
ગોરમા હું થઇ જોબન વેશ કે, એનું કામ ગળ્યુરે લોલ
ગોરમા કામી દેજો કંથ કે, ભય લાગે સહુરે લોલ,
ગોરમા નહોતી સાસુ નણંદ કે તો જીવતી હહુરે લોલ
ગોરમા પેહજી આવે ઘેર કે હુ ભમતી ફરૂરે લોલ;
ગોરમા લાવ્યાં એકજ વસ્ત્ર કે હું તો શું કરૂરે લોલ,
ગોરમા દુઃખતાં વાગ્યાં ઝાડ કે મુકયાંપાળવારે લોલ
ગોરમા હું સંપુરણ કુંભ કે મારી બાળવેરે લોલ
ગોરમા લોક સાથે કરૂ હોશ કે મા મારી વારતીરે લો
ગોરમા જમતા દેતી ફાંસી કે વીખ દેઈ મારતીરે લોલ
ગોરમા પોહોંચ્યા બહાર કે જાણે થઇ સતીરે લોલ
ગોરમા હવે મરૂ સત્યકે જે કરમની ગતીરે લોલ
ગોરમા કરૂ શું એક કે જે કરમ તણી રતીરે લોલ

ગોરમ કરજોડી લાગુ પાય કે સમરથ દેજો પતીરે લોલ
ગોરમા વિનતી કરૂ છું એક આજ મુકી આંબળોરે લોલ,
ગોરમા સઉને દેજો જોડ કે માતા કરૂણા કરીરે લોલ,
ગોરમા કામી દેજો કંથ કે વલ્લભ કહે કરગરીરે લોલ,

બાળ લીલાનો ગરબો.

કુંવરને વારોને વ્રજ રાણી ટેક.

સરે વજરનાર મળીને આવી શ્રી જશોદાજી પાસેરે,
લાડકવાયો પુત્ર કરયો કેમ, વસીએ ગોકુળ ગામ કુંવર ૧
એક કહે ભરવા જાઉં ત્યારે ઘરમા પેસે ગીરધારીરે
આનશો નહી પણ માડી કહુ તમે, સાભળો ગતી મ.રી ૨
છાંનુ સંતાડયું હોય જે મારૂ તે ક્ષણ શોધી કહાડેરે
પોહોંચે નહી તો પીઢા માંડેને તેથી ન પહોંચેતો પાડે.૩
ત્યાં માતાજી એમ બોલ્યા તમે ચતુર થઇ કાં ચુકોરે
જયાં એની દ્રષ્ટે પડે નહી વસ્તુ ત્યાં અંધારે મુકો ૪
જશોદા શું વીનતી કહે વાણી, મુકી જોયુ અંધારા માહેરે
એની શી ચીંતા થાય અજવાળુ જઈ ઉભી રહે જ્યાંય ૫
કૃશ્ણ મામા એનીપેર બોલ્યાં ઘેલી ગોપી શીદ શોચે
મહી માખણ ઉંચુ શીકે ત્યાં બાળક ના પહોંચે ૬
તવ બોલી એક બાળા આવો, હું શીકાની અત દેખાડુરે

શાણું સુતનાં જુઓ પરાક્રમ, થાય અંતર ટાઢું. ૭
લાકડી લઉ ઉખલપર ચઢીને; શીકેથી લઇ સહુ ખાયરે,
સખાને આપે તેથી વધે તો માંકલડાંને પાય. ૮
માતા કહે એ બળથી પહોંચે, એવુ ઊંચુ તમે બાંધોરે,
નકી તણુ મુખ વસ્ત્રે બાંધી સોયે દોકડે સાંધો. ૯
હજુ તમો પણ લક્ષણ લાડકવાયાના ન જાણો માતાંરે
ઘરમાં ગરીબ એ બારણુ બીજે વીતે તે જાણુ વાત ૧૦
એક સખીને ખાંધે ચડીને અતી ઉંચુ પણ ચાખેરે.
તેથી ન ફાવે તો દોણી કરે કાણી, ધાર તળે મુખ રાખે.૧
ત્યાં માતાજી કહે બાળકને હું કઇ રીતે ખોળુરેં,
મહી માખણ મુકી મજુસમા દોની ત્રિયા તમે તાહે ૧૨
એક કહે માડી કહે તો થાય છે બમણુ જાનરે
ખાવા ન પામે ત્યારે બીજી દે ગાળો ભાગે પાત્ર બહુકાન
કંઇ ન ચાલે તો છોડે વાછરડાં વેળા વના ધવરાવેરે;
સુતા બાળકને જઇને જગાડે ચુંટીઓ દેઇ રડાવે ૧૪
એવું સુણીને કહે શાણીજી ઈશ શીખામણ બાઇરે,
મંદીરમાં પેઠો દેખો તો લાવજો એને સાહી ૧૫
અરે માત મેં એક દીવસ તો સંતાઇ આવતો હેર્યોરે;
પેઠી સદનમાં ખાવા વળગ્યો જટને ગેયો. ૧
મેં કહ્યુ ચોર આજ આવ્યો હાવે નહી જાવા દેઉ નડીયરે

મરડી મુછ એણે કહ્યું મુજને.હું જઈશતું જોઈ રહીશ ૧૭
ફરી ફળા એયતો ફરી ભરયુ મુખ એટલે જાઈમે આવ્યોરે,
કર્યો કોગળો મારી આંખમાં હુ ચોળવા રહીએ ચાલ્યો ૧૮
એક કહે મેં આવ્યો તો આજ તોપણએનવગાં ચોરે
તોડી મુજમુકતાફળમાળા;હું વીણવા રહી વહાલોનાઠો ૧૯
એટલામાં એક અબળા આવી, કહ્યું જુઓ ગાલીરે.
છેડો ઉપાડે તો પુત્ર પોતાનો લજવાણી પડી ઠાલી, ૨૦
એવે જશોદાજી બોલ્યા હાવાં સાચાં સહુ હોશોરે
મારો વાળો મારા ઘરમાં પોઢચો; આવશે જાગીનેજોશો ૨૧
એવું કહેતાં પ્રભુ આંગણે આવ્યા, નીંદ્રામાંથી ઉઠીરે
જશોમતી કહે જુઓ આ મારો બાળક યુવતીતમેસર્વજુઠી
એમ કટાક્ષ કરી લહુ કામની સામુ શ્રી કૃશ્ણે જોયુરે
લોટ પોટ થઈ ગઈ સહુ લલના, પ્રીતમાં મન પરોવ્યુ ૨૩
સામા સામા લોચન મળતાં કરી સમસ્યા છાનીરે;
સરવે કહ્યું આવજો મારે મંદીર મોહને લીધુ માની ૨૪
ગોપી ગોવીંદની મત ન્યારી, શું જાણે સંસારરે;
હેયે હેતને વઢે વદનથી કોણ લહે તેનો પાર ૨૫
શીખે સાંભળેને ગાવે ગરબો શ્રી કૃસ્ણ બાળ ચરીત્રરે
કહે દો પ્રભુ પ્રસન થાયને, પાવન થાય પવિત્રરે. ૨૬

મુંબાઇ સુરતનો ગરગો.

સારૂ સારૂ સુરત શેહેર મુંબાઇ અલબેલી
માંહી બાલાજીની મહેર મુંબાઇ અલબેલી
સાત માળની મેડી ચણાવી માંહી બેઠા શેઠાણીરે
આકર મેહેતા નજરે ચાલે, વાણીઆની બઇયર રાણી મું. ૧
મુંબઇ રાણી સહુ ઠકરાણી ભરે બેડે ન પાણીરે
કાપડીયા તો પાઓી આપે, પીયે પાણી શેઠાણી ૨
મુંબાઇમાં ટલીાં સાંકળા કાંહલીનો નહી પારરે,
મુંબાઇ શહેરના શાહુકારોને દેવાળાની શી વાર. ૩
સુરતની તો સાડીઓને ઉપર કસણી કોરરે
મુંબાઇ શહેરમાં કાપડીયાને કોઇમા દેશો ખોડ ૪
મુંબાઇ શહેરમાં ઘણી ગાડીઓ બગીઓનો નહી પારરે
સાંજ ફજર સઉ ફરવા નીકળે. વાડી લઇ બહાર ૫
મુંબાઇની તો મારકીટમાં સુખડીયો વેચાયરે
તેથી દીવનો હલવો સારો, સઉ લેવા મન ચહાય ૬
મુંબાઇ તો સરવે સુખ પણ ત્રણ પાંતીનું દુઃખ,
ભાડુ મોઘું બળતણ મોઘું બંદર જાવું મુખ્ય. ૭
મુંબાઇનાં પાનબીડામાં સોપારીનો કટકો,
સાઠ વરસની ગરઠી ગાડર તોય ન મુકે ટટકો ૮

અમદાવાદી હરામજાદી, ખંભાતી ગોઝારી,
વડોદરાંની વાંકી નારી સુરતની બલીહારી. ૯

વડોદરા શહેરનો ગરબો,

ધન ધનરે વડોદરૂ શેહેર રૂપે રંગીલું.
રૂપે રંગે છેલ છબીલું, અલબેલું અપારરે,
વડોદરાનું વર્ણ કરતાં, સુણજો નરને નાર, ૧
બહારપરાની વસ્તી ભારે શોભાનો નહી પારરે,
વીનવતામાં વરષજ વીતે પરાં બાર બજારૂ રૂપે ૨
આકૃતપર અડાણિયુ ને કાલુપરમાં અઙપાનુ
ફોગટીયા સઙ ફતેપરામાં દેવાળીયાનું ઠેકાણું રૂપે ૩
સરશીયાની પાળજ ઉપર જેઠીના અખાડો,
અહુજા અલબેલી ઉભાં પાછળ ગોસાઇવાડો, રૂપે ૪
સરસનાથ છે સામી પોળે વાઘડા વાડિ ત્યાંયરે,
અજબ તળાવતી પાળે થઈને ચાલ્યાં અબડમાં જાય રૂપે ૫
લાલ દરવાજે બંબાખાનું વાંદરીયો બુરજ,
મીયાં મહમદનિ વાડનિ વાડિ જાણુ ઝળકિ રહયો સુરજ ૬
હાથીયા ખાણુને દરવાજે કાંઇ હઠીલો હનમાનરે,
સમ તળાવનિ પાળ ઉપર રામેશ્વર ભગવાન રૂપે ૭
પાણીય દરવાજે થઇને સીધાવીએ જવાયરે,
અજારાજાના દરવાજા સામી ચોખંડી કહેવાયરે. રૂપે ૮

મરઘા બારએ થઇને ચાલ્યા કાજરે,
લકડપીઠું મદન ઝાંપો ગોસાઇજી મહારાજ રૂપે ૯
શીધનાથના દરશન કીધાં આવી ઉચી પોળરે
ચોરને બેઠા ગરદન મારે મેસાણા ભાગોળ. રૂપે ૧૦
બહુ પરૂ છે બાલાજીનું ડાંકીયુ બજારરે;
ચકર કુઇને ઝાંપે રૂઠો. લાંલ નામ સરદાર રૂપે ૧૧
આનંદચરામાં આવીયાંને સઉપરાને ઝાંપે
દાન દક્ષણા રૂડી થાએ ગણુપતરાવ ત્યાં આપે. રૂપે ૧૨
ઉભી બજારની શોભા સારી આવી ખારી વાયરે;
સત્યરૂપ છે રંગે રૂડુ સુરસાગર તળાવ રૂપે ૧૩
વડી વાડી બીનાકારે નાગરવાડો વિક્ષાતરે;
આદીતવારે દરશન કીજે બેઠી સહુચર માત. રૂપે ૧૪
ઉભે ચોટે લીમડી બજારે રૂડી શોભા થાયરે
મદંગ વાગે નારી નીચે ઝીણુ કંઠે ગાય. રૂપે ૧૫
નીજામપુરૂ ભુતડીને ઝાંપે રેકડીયા હનુમાનરે
સુરસાગર ગોગાટને દરવાજે ગાજછે કમાન. રૂપે ૧૬
શેહેરની ત્યારે રચના દીઠી શોભાનો નહી પારરે
હાથીઘોડા પાલખીઓ વાંકડીયા અશ્વાર, રૂપે ૧૭
ચાર દીસાના ચારે ચઉટાં વચે માંડવી ચોકરે.
ઉચા મેહેલ મેડીને અટારી છજા જરૂખાને ગોખ રૂપે ૧૮

માંડવીછે કમાન ચોપાસ, ચતુર કને વેપારે,
કાછીઆ દુકાનો માંડે, ઉભી હાથી લાર. રૂપે ૧૯
ચાપટ જેવા ચારે રસ્તા સરખા સરખી એ.
પાણીને દરવાજે બેઠા વાઘ કરે કલ્લોલ. રૂપે ૨૦
રાજે તળાવની સુંદર શોભા જોતામાં મન મોહેરે.
નારી સઉ જળ ભરવા જાએ નઉત્તમ રચના હોય રૂપે ૨૧
સગપરા દરવાજો કહીએ જાયુ છે સનમુખરે;
પરમેશ્વરનાં દરશન કરતાં જાય જનમનાં દુખ રૂપે ૨૨
લેહેરીપુરાની લેહેર સહુથી શોભા છે ભરપુરરે,
સુરસાગર રતનાંયર જેવું વાગે બહુ રણતુર. રૂપે ૨૩
ચોથા દરવાજે ચાંપાનેરી શરસીયાની વાટરે,
વિસ્તારીને વર્ણન કરીં ચોક પોળને હાટે, રૂપે ૨૪
નગર નીરખ્યું મન હરખ્યું પ્રભુ થાય પ્રસનરે;
નરસીહજીની પોળમાં નરહરીનાં દરશન, ૨૫
રાજ રાજે રણછોડજીને મહાલક્ષ્મી તુજ માતરે
ગોરધનનાથ બળદેવજી ચાલો સુંદરીનાથ. ૨૬
બલઅતખાનું જનાનખાનું દીવાનખાનું પાસરે;
ધરમતણી તો ધ્વજા ફરે છે ઉંચા મેહેલ અવાસ ૨૭
ઘણી કારીગરી કચેરીમાં જાત જાતના રંગરે;
નઉત્તમ નારી નાચ કરે છે, કોમળ તેના અંગ. ૨૮

તરેહવારનું ટોરખાનું ગોવીંદરાવનો મેહેલરે;
ગાયકવાડના રાજ આગળ શોભા સઘળી સેહેલ ૨૯
દાદા સાહેબ ને નાનાસાહેબ બાપાસાહેબ મહારાજરે
જીવજોને અખંડ રહો આ રાજ ૩૦
લાડ મોડ શ્રીઘોડ નાગર દશા વીશા વણીકરે;
સોની સાળવી સુતાર છીંપા દરજી ઠીકાઠીક ૩૧
પુના સુતારા મુંબઈ જોયું પુર્વ પશ્ચિમ દેશરે,
ઉદરમાં ઉદેપુર જોયુ પૃથ્વીના નકશા ૩૨
બુંદીકોટ દીઠું દીલી ને ગડ ગીરનાર ગીરનારરે
સુરતને અમદાવાદ જોયું; કડણુ કિલ્લો ધાર ૩૩
બલીહારી હું વડોદરાને, ધનધન નરને નારરે;
વીરક્ષેત્ર જેણે જોયુ નહી, તેનો એળો ગયો અવતર ૩૪
વાંકી નારી વડોદરાની, મહારાજાને રાંકરે;
મૃગ્યાનેણીને વરણાગીતી, વળીઓ આડો રાંક ૩૫
શાહુકારોની દુકાને ભારે, ધરમ તણો અવતારરે;
ખુશાળચંદ શામળ બેહેચર, લલુભાઈ શાહુકાર. ૩૬
રતનજી કાનદાસ કહીએ, બાંધી પુનમની પાળરે
હરીભક્તિનો મહીમા મોટો, બીજા ગાઉ મેરાલ
રંગીલો જે ગરબો ગાશે. રંગીલા નરનારરે
રંગીલા તો લાહાણિઓ લાવે રંગભેર શોભા થાય ૩૮

સંવત ઓગણીસ પાંચમા ને સતરશે સીનેરરે;
નવરાત્રીમાં વર્ણન કીધું, વડોદરૂ જે શેહેરઃ ૩૯
રૂપે સહુ ક વને કરૂં વિનંતી, કોઈમાં હશો ખોડરે;
વડોદરાની રક્ષા કરજો રેવા ને રણછોડ ૪૦
ભગવત વાણી સાચી જાણી, મનમાં આણો ભાવરે,
વડોદરાનો ગરબો ગાતાં સહુજન સુખીયા થાય; ૪૧
ચીજબાની મન ગમતી કરવા, જાય શોખી જન;
મસ્તુબાગનો બંગલો જાણે ઇંદ્રનું ઇંદ્રાસન. ૪૨

મહાકાળીનો ગરબો.

મા તું પાવાની પટરાણી કે, કાળિ કારકરે લોલ
મા તારે ડુંગરડે ચડવું તે અતી ઘણું દોહલુરે લોલ,
મા તારી પ્રદક્ષણા કરવી કે, વરણુન શું કરૂંરે લોલ,
વિશ્વાસે તપ કરવા બેઠાં કે; દેવ મુ નં થયારે લોલ;
આવું રૂડું ચકડું ચાંપાનેર કે, ચઉટે ચઉદ બજારે લોલ
ત્યાં કાંઇ આતાતાં ગરબાકે માજી આવીઆરે લોલ;
રાજજીએ છેહલો સાહયો હાથ કે, માજી પ્ર ન્ન થયાંરે લોલ
માગ્ય માગ્ય ઘોડાની ઘોડાર કે, હાથી ઝુલતારે લોલ
માગ્ય માગ્ય કુટુંબ કુશળ ક્ષેમ કે, જંજાળઅતીઘણીરેલોલ
માગ્ય માગ્ય દક્ષીણુ સરખા દેશ કે, કિલ્લા અતી ઘણુરેલોલ

માગ્ય માગ્ય ગુજરાત સરખી ગાદી કે ભદ્ર બેસણુંરે લોલ
માગ્ય માગ્ય નવેખંડનાં રાજ્ય કે, ચાંદ્રા સુર્ય તપેરે લોલ
માગુ માગુ એટલુ વરદાન કે, મારે મોહોલે પધારીયેરેલોલ
ફટ ફટ પાવન રાજન કે; એતેશું માગીયુંરે લોલ
આજથી છઠેને છ માસે કે મુળ જશેરે લોલ,
એમ કહી માતા થયાં અલોપ કે, પાવોહાથધશીરહયારલોલ,
મુગલેચડાવી છે ફોજ કે, પાવાગઢ ઘેરીયોરે લોલ,
દરવાજે ઉભા દીવાન કે, કોઇને પુછીયુંરે લોલ
રાજાજીએ ખોદાવીયું તમામ કે, પાણી નવ નિસર્યુંરે લોલ
સુગર ખોદાવીયુ તળાવ કે, જલ દુધે ભર્યું લોલ.
માજીનો એવો છે મહિમાય કે, કવિ નવ કહી શકેરે લોલ

બહુચરાજીનો ગરબો.

બલીહારી બહુચર માત જોવાને જઇયે. ટેક

જોવા જઈએ સુખીયાં થઇયે, આરાસુરમાં રહીયેરે;
આરાસુરમાં અંબા બીરાજે, પાવાગઢ માહાકાળી. જોવા. ૧
માને પારે હવન થાયને, ચીર ચુંદડી હોમાય;
બ્રાહ્મણ બેઠો વેદ ભણે છે માનુની મંગળ ગાય, જોવા ૨
માને પારે જે કોઈ જાશે, તેની પુરે આશ;
કરજોડી જન વલ્લભ કહે મા, હું છું તારો દાસ. જોવા ૩

રેલવે ગાડીનો ગરબો.

ગાડી આવી ગુજરાત, અગનકેરી ગાડી આવી;
ગાડી આવી હિંદુસ્તાન, અગન કેરી ગાડીરે આવી
પાણી છાંટે ઠામોઠામ, છાંટતાં તો ચાળા કરે છે;
દીવા બળે સારી રાત, સીપાઈઓ તો ચોકી કરે છે. ૧

સાખી.

સરસ્વતી સ્વામીને વિનવુ ગણપત લાગુ પાય,
ટોપીવાળા તારા રાજમાં તારૂં કાંકરીયું ફરી બંધાય
અગનકેરી ગાડીરે આવી. ૨
ગાંડી તારાં બેશણાં ઈંદ્ર તણાં વૈમાન
આંકડે આંકડા મેળવ્યા તેના ઘડનારા ચતુરસુજાંણ
અગનકેરી ગાડીરે આવી ૩
ગાડિ આવિ ઘંટ વાગીયો, ટીકીટ કરવા જાય
ઘડિ એકનો વિલંબ પડે તો તો ટીકીટ વિના અથડાય,
અગનકેરી ગાડીરે આવિ ૪
સ્ટેશન આવે ગણાં. બરફી પેંડા વેચાય;
મોટાં ઘરની શેઠાણીઓ, તો ગાડીમાં ખાય.
અગનકેરી ગાડીરે આવી ૫
સ્ટેશન ઉચાં ગણાં, દુર થકી દેખાય;

બાગ વચે એક બંગલો, તેની શોભાનો નહી પાર
અગનકેરી ગાડીરે આવી ૬

અમદાવાદની દીકરી; મુંબાઇ તેનું મોસાળ;
સુરત તેનું સાસરૂ તેનો સાંજે સંદેશો જાય.
અગનકેરી ગાડીરે આવી ૭

અમદાવાદ શહેરનું વર્ણન,

લાવ લાવ સખી એક કાગળ લખીએ હરીનેરે એ રાગ

અમદાવાદ નામે આજ શેહેર છે ૧
રાજા કુંપની કેરૂં રાજ, પ્રજાને ૨ચ
ચોટા વચ્ચે માણેકચોક શોભા છે સારી,
વસે લક્ષપાત બહુ લોક, વડા વેપારી.
નદી સાબરમતી વહે નીર સેહેર સમીપે,
દેવતાઓનાં તેને તીર દેવળ દીપે ૩
એવી જુગતીઓ જોતાં અનેક મન લાગે મીઠું,
પણ અચરત મોટું એક દ્રષ્ટિ દીઠું. ૪
તીથી તેરસ પહેલે પક્ષ અસાડી આવે;
તારે ગોર પુજાનો લક્ષ છોડીઓ લાવે ૫
દીન પાંચ લગી એક મન મોળું જમેછે;
મોટો હર્ષ ધરીને મન, રોજ રમેછે ૬
પુજે વાવી જવેરા ઘેર ગોર રીઝાવો

જએ પ્રીતે બહુ પેર, નદીએ નાહાવારે; ૭
અન્યો અન્ય કરે ઉજમાત નડારૂં બકેછે,
ગઇ ગોરપુજાની વાત, છાકી છેકેછે, ૮
જેવી હોય હોળીની પેર. એથી અતીશેરે:
બોલે ભકવાની પુત્રીયો પેર દુષ્ટતા, દીસેરે ૯
તેના માત પીતાને ભ્રાત; પુરા થશે પાજી,
જયારે સાંભળતા હશે વાત, થતાં હશે રાજી, ૧૦
કોઇ સાહેબ એવી વાતે, દેખે એવી રીતે;
તેના માત પીતાની જાત, પુછેછે પ્રીતેરે; ૧૧
તારે કેવી વધે છે લાજ, બક્ષે સાબાશી;
એવી નીરલજ લોકો આજ, શહેરના વાશીરે. ૧૨
કરૂ વીનતી સમાચાર શ્રવણે ધરજો;
તેનાં નામ લખી સરવ પત્ર, જાહેર કરજોરે. ૧૩
ઘણી નીહાના લખજે શ્લોક, દેખાડજે નીત,
જેથી લાજ પામે તે લોક, તજે તે રીતરે. ૧૪
હવે કહું છું જોડીને હાથ વીવેકીને ભમવા,
એવી નીર્લજ છોકરીયોસાં હોય, ન જાવું રમવારે ૧૫
લઇ ગોરપુજાનું નામ. કામ એ કરવું,
મોટું પાપ કરે એ ઠામ. દીલમાં ડરવું. ૧૬
ધરી બેઠો હરખ મનમાંહી ત્ન દીન જે દી,

ઘણું કુટવાં રેવાનું કાંહી ન કરવું તેહી. ૧૭
છોટપણુમાં પડે જે ટેવ ટળે નહી ટાળી,
માટે નીતી શીખે તતખેવ બોલો સંભાળી. ૧૮
કદી પુરીએ નહી કોઇ કામ, સાહેદી જુઠી;
લઇએ પરમેશ્વરનું નામ, પ્રભાતે ઉઠી; ૧૯
પછી માત પીતાની સેવ કોડે કીજે,
જેથી દલપતરામનો દેવ, દીલમાં રીઝે. ૨૦

ભાગ બીજો.

બજરંગી હનુમાનનો ગરબો.

અંજનીનો જાયો હનુમાનરે, સમરૂ બજરંગી;
એને ચઢે છે તેલ સીંદુરરે, સમરૂ બજરંગી,
મારા રામ તણા રખવાળરે સમરૂ બજરંગી.

સાખી.

શનીવારે કરૂં તમારી સ્થાપના, ને સોમે કરૂં ભોવન
કપુરે ઉતારૂ તમારી આરતીરે, એવાસકળસ્વરૂપહનુમાન. ૧
માતાજીનાં વચન સાંભળીને, બાપના પાળવા બોલ.
અજોધાનું રાજ મુકી રામલક્ષમણેરે; ભોગવીયાં વનવાસ. ૨

રામે રથ જોડીઆને, સીતાને લીધા સાથ;
વનમાં વનફુળ પહેરીયાંરે સાથે ચાલ્યા છે લક્ષમણવીર. ૩
વનમાં જઈ મઢી કરીને ત્યાં પુર્યો છે વાસ;
લક્ષમણ સરીખા બંધવા નહી મળેરે તમને ફળનુ લાવી
આપનાર કોણ, ૪
રામ ગોડે તલાવડીને લક્ષમણ બાંધે પાળ,
સોના કેરે ઘડુલેરે સીતા ડમરોને મરવો બાન. ૫
સીતાની વાડીમાં ડમરોને મૃગનેરે, ચરી ચરી જાય;
કાલે મરાવું પેલા મૃગનેરે મારાં કાચાં વનફળ ખાય, ૬
મૃગ મારી કારમોને તેની પડવું છાલ.
તેનો સીવડાવું કંચવોરે, હું તો હીંડું ચમકતી ચાલ. ૭
મરીચી મૃગ થઈને આવીયાને, રણીને લાગી રાડ;
રામજીરે, કંચુ કાંચળડી સીવડાવો, ૮
સુતર ભરેલો કંચવોરે. ચાંબડાની શી રઢ;
આપણા સ્વાર્થને કારણેરે, પેલા પશુના શીદ લેવા પ્રાણ. ૯
સીતાં કહે હું નહી પીયેરીને નહી માને મોશાળ;
નથી માહારે કંથ કયાગરાને,મારામનનીતે કોણપુરે આશ.૧૦
ભાથામાંથી બાણ કાઢીયાને, રામજીએ લીધા હાથ;
મૃગ મરતાં પોકારીઓરે, ધાજો ધાજો લક્ષમણ વીર. ૧૨
સીતા કહે તમે સાંભળોને બોલાવે તમ વીર;

લક્ષમણ કહે ખોટી વાત છેરે, કંઈ કપટ જેવી વાતરે ૧૩
કપટ છે તમ દીલડાં વીશે ને, હું સમજી આ વાર;
ભીડ પડી બંધવને વનવીશેરે; તમે બેઠા કારે વિચાર. ૧૪
કુદ્રતી મુજપર તમ તણીને, તેમાં નહીં સંદેહ
જાણ્યા તમને લક્ષમણ દીયરારે, આવાંપાપ તમારાંઆજ૧૫
સીતાનાં વચન વાગ્યાં રૂદે વિષેને, ચઢી લક્ષમણને રીસ;
વાડીને ફરતી ચોકી મુકીનેરે, આવ્યાં ત્યાંથી તેતો જાય૧૬
ધુપ પડે ધરતી તપેરે, જોગી ઉભો બહાર;
સત્ય પાળવાતે કારણેરે, ભીક્ષા આપોહો રામ કેરી નાર૧૭
આપવી હોય તો આપો મનેરે નીકર મુંખે કહો નાર
વાર થાય મનેરે ઘણીરે, મારો સંગ કેદારનાથનો જાય ૧૮
ઉચી મેડી આકાશમાંને, નીચાં સરોવર ઘાંટ
સીતાને રાવણ હરી ગયોરે, પછી મઢીમાં ઉડેછે કાગ. ૧૯
રાવણને જોઈ સીતા સતીરે, કરતાં ઘણો વિલાપ;
ન કહેવાનાવચનલક્ષમણનેકહ્યાંરે,લીધુંપાપ માથે અમાપ. ૨૦
સત વધની સત બાંધવો ને સતનો ચાલનહાર
આગળ બુદ્ધી સાની પોચી નહીરે, ઘણા કર્યા તીરસ્કાર. ૨૧
નીચ બુધી સ્ત્રિ જાતનિ, નહીં મનમાં કાંઇ વિચાર;
પોતાના સ્વાર્થને કારણેરે. કરે પુરૂષને ખુવાર. ૨૨
મૃગ મારિ રામ આવિઆને, આડો ઉતર્યો સાપ

આ મારા બંધવારે, આજે વિપ્રીત દીસે કાજરે. ૨૩
ધનુષ મેલ્યા હુંકડાંને, બાણુજ મેલ્યાં બહાર,
ઓ મારા સગુણ બાંધવારે થઇ સકળનીજ નારરે. ૨૪
મેં જાણું લક્ષમણ રણીકલો, તે સારાં કરશે કામ,
ના માર્યો વનમાં મૃગલોરે, નવ રાખી સકળ વીજનારરે૨૫
કુવા ઢાંકણ ઢાંકણુંને, ખેતર ઢાંકણ વાડ;
બાપનું ઢાંકણ બેટડોરે, ઘરનું તે ઢાંકણ નારરે. ૨૬
રામ રૂવે લક્ષમણ રીઝવેને, ના રોશો મારા વીર,
બીજી પરણાવીશું સુંદરરે,તેનું નામધરાવીશું શીતાનારેર૭
જળ જળ કમળ ના નીપજે, વન વન ચંદન નવ હોય,
સીતા સીતા એક છે રે, એવી ઘેર ઘેર સીતાનારહોય ૨૮
રામ રૂવે લક્ષમણ રૂવેતે, રૂવે પંખી જન,
ના રૂવે હનુમાનએકલારે; એમનેસીતાલાવ્યાની ઘણીહામર૯
રામે બીડા આપીઆને હનુમાને લીધા હાથ;
આજ્ઞા હોયતો ઉડીયેરે તેડી લઇ આવું સીતા માતરે સ૦૩૦
ત્યાંથી હનુમાન ઉઠીયાને, પડયા લંકાની માંય
જોયા ચોરાશીચઉટાંને જોયાં બાવન બજારપછી જોયું રાજ
દેરૂ રાજરે. સમ૦ ૩૧
જોઇ રાવણુની રાણીયો ને જોયા રાવણુના મેહેલ;
જોઇ રાવણુની મેડીયોરે પછી આવ્યા તે વાડી મહાય ૩૨

વાડીમાં જઈ વનફળ લાવતાતે તેનાં કરતા આહાર;
લીલુીવાડી સુકી કરીરે પછી દીઠાં છે સીતા માયરે સ૦૩૩
ક્યાંથી તમે અહી આવીયાને, શું છે તમારૂં નામ;
કોણે તમને મોકલ્યારે અહીં શું છે તમારે કામરે ગ૦૩૪
રામે અમને મોકલ્યાને: હનુમાન મારૂ નામ;
પંચવટીથી અમે આવીયારે. મારે શોધ લેવાનું કામરે ૩૫
આગળ દરીઓ જળ ભરીઓને ત્યાં રાક્ષસનો ભોય
શી રીતે તમે આવીયારે સાથી પહોંચી તમારી હામરે. ૩૬
સાત સમુદર સુકા કરૂને રાક્ષસનો વાળુ કેર;
આજ્ઞા હોય તો ઉડીએરે લઈ જાવુ માતાજી ઘેરરે ૩૭
વળી સઘળુ ઉજ્જડ કરીને, લગાડું લંકામાં લાહાય,
અસ આદી કુંવર મારીયારે. વરતાવ્યો લંકામાં વાસરે ૩૮
ત્યાંથી હનુમાન ઉડીયાને આવ્યા રામજી પાસ.
રામને સમાચાર આપીયારે કુશળ છે સીતા માતરે સ૦ ૩૯
ત્યાંથી રામ ચાલીયાને આવ્યાં લંકાની માંહ્ય,
પથર કેરી પાર બાંધીનેરે સેન ઉતાર્યું પેલી પારરે સ૦૪૦
લંકાગઢ રામ પહોંચીયાને, રાવણને થઇ છે જાણ
ઇંદ્રજીત યુધ્ધે ચઢયોરે: ત્યારે લક્ષ્મણને મુરછા થાયરે ૪૧
કડવી હોજો લીંમડીને, શીતળ હોજો છાયા
બાંધવ હોય બોલકારે પણ અંતે સહાય પોતાની બાયરે૪૨

સુખમાં સાંભળે સુંદરીને દુઃખમા સાંભળે રામ;
વનમાં સાંભળે બંધવારે મારીભાગી તે જમણા હાથનીબાંહ
નવ મહીના ઉદરમાં રાખીઆને નવ જાણી માની વાત,
બાળપણામાં જેની મા મરેરે, તેને ચોદશના વાયમાવાયરે
દુઃખના બેલી બંધવાને. માડી જાયા વીર;
તેની તોલે કાંઇ ન હોયરે એતો સુખ દુઃખમાં સાથેરે ૪૫

લાવણી.

અજોધા નગરથી ચાલવું તેની ચાલ દો જન ભાઈરે:
એકતો મારી જોડ ખંડીત થાય એ દીન રોહલા કેમજાય
લક્ષમણ જાગ્યને હોજીરે બંધવ બોલજો એકવાર.
માય વીનાસુનિ બેટડિને ભાઇ વીના સુની બેનરે
એરા ગોળ વીના મોળો કંસાર તેનો સુનો થયો સંસાર
આવ્યાતા ત્રણ જણાને જઇશું એકાંએકરો
માતા તે થારી પુછસે ત્યારે શો ઉતર દઇશું. ૯૦૪૮
ચઉદ વરસ વન વિષે રહ્યા નવ જાણી સુખદુખની વાતરે
અંતે મને દગો કરીને તમે ચાલ્યા ગયા મુજ ભ્રાત ૪૯
બ્રહ્મચરીત્ર વૃત તમે પાળીયુને તજી નીંદ્રાને આહારરે
રાત દીવસ ચોકી કરી હમ તણી, રહી ઘર બાહાર ૯૦૫૦
પુત્ર વિના પરીવાર સુનો સ્રી વિના સુના ઘરબાર,

આંસુ વિના મેલ નહી કોઇની મીત્ર વિના સો વિચાર ૫૧
ભરથ શત્રુઘન મને પુછશે કયાં ગયો લક્ષમણ ભાઇરે
આવિ વાત તમારી સાંભળીને રોશે સુમીત્રા માઈ, સ૦ ૫૨
ઉઠો બંધવ વાર થાય છે, મારવો રાવણ રાય;
પછી જાઇએ અવધપુર વિષે સાથે લઈ સીતાય સ૦ ૫૩
રામના વિલાપ જોઈને રૂવે સેન્યા તમામ
ધનવંતરી વઇદે ઉપાય શોધીનેરે, દીધાં હનુમાનનેઆજ્ઞારે
હનુમંત મન હીમત ધરીને દ્રોણાગળ લેવા જાય
પલક એકમા પાછા આવીયારે,કેવળી લક્ષમણની મુરછાય
કુંભકરણ ઇંદ્રજીતને માર્યા બહુ ગળીયા કુમાર
જમાઇ મરાયા સઘળા રાવણનારે પછી રાય કરે વિચારરે
અહી મહી મીત્ર પોતા તણાને તેડાવ્યો રાવણ સાર
રામ લક્ષમણને ચોરી જધારે, મહીકાવતી નીરધારરે સ૦૫૭
પ્રભાતે શોધ કીધી સેનામાંને. નવ દિઠા લક્ષમણ રામ
સેન્યા રોવા લાગી બધી બાંધીઓરેએતો ગયાછેપેલિપાર૫૦
હનુમાને પગલા કહાડિયાંને આવ્યાં સમુદ્ર તીર
મકર ધ્વજને ત્યાં બંધીઓરે એતો ગયાછે પેલી પાર. સ
દેવી દેશમાં પેસિને ત્યાં દેવી ગયા તતખેવ,
રામ લક્ષમણ ત્યાં આવિયારે તેમણે કિધી છે હનુમંતસેવરે;
અહિ રાવણનુ મોત સાધીને તેને પણ માર્યો હાર

શબરીને વરદાન આપીયોરે પછીઆવ્યાં તે લંકામોઝાર
લંકામાં યુદ્ધ કરીને છેદયાં રાવણના દશ શીશ,
અસુરનો અંત આણીયોરે, પછી હરખ ધામ્યાજુગદીશરે ૬૪
રાણી કીધી મંદોદરીને, આપ્યું વિભીક્ષણને રાજ,
સીતા લઈ રામ સંચર્યારે, આવ્યા અજોધ્યા મોઝારસ૦ ૬૩
માતાએ મોતીડે વધાવીઆને, હઈડે હરખ ન માય :
મોતી કેરા ચોક પુરીયારે, સીતાનઉતમ ત્યાં થાયરે સ૦ ૬૫
છોડાવી અધરમ નગર તણુંને, ટાળ્યા સજાના દુઃખ;
લાડ પાળ્યાં માતા તણાંરે લવલેશ રાખી નવ ભુખરે, સ૦ ૬૫
રૂડો ગરબો બજરંગી તણોને વાંચો નીત્ય નરનાર
હનુમંત કરો પ્રતાપથીરે, છૂટો કહે ઉતરો ભવપારરે; ૬૭

સાત વાર,

આદીતે આનંદ સઈયર કહું છુંરે,
મારે ગીરધરશું ઘરવાસ વ્રજમાં રહું છુંરે;
સોમે પામ્યા સુખ શીવજી ફળીઆરે,
આ નંદજીનો લાલ મુજને મળીઆરે
આ મંગળે મને હેત હરીશુ લાગ્યુ,
આ હૃદયકમળનું બાણુ હઈયે વાગ્યુ;
આ બુધ આવ્યો બુધ લેવા જઈયે,

આ છાના કરીએ સેજ વહાલાં થઈએ.
બ્રહ્મરૂપી ગુરૂ પ્રતાપ સુખ છે સહુને,
આ સખી ગણો આનંદ રાધા વહુનેરે
શુકરના સરવ બોલ સહુને ગમતારે,
એ લેતા તાળો હાથ રજની રમતા.
આ શનીશ્વરે સંદેશો હરીને કહાવ્યોરે.
આ જોગ બન્યો છે આજ રમવા આવે રે,
તેનો વૈકુંટ વાસજ થાય દેવ મોરારીરે.

આઠ વાર.

(કારતકે કાજળને દીજીયુ એ રાગ)

આદીતે અકળ કળા તારી, જાણુ રે હું તો વદનકમળવારી;
ત્રીકમજીરે હું તો છું તારી, આવોને ઘેર જસોમતીના જાયા;
મને તારી લાગી છે માયા. આવોને ટેક ૧
સોમે તો શોભે શોહાગી, મને તારી લેહે લાગી;
કટારી કાળજડે લાગી. આવોને ૨
મંગળે તો મન વીચાર કરીએ ધીરજ તો કઈ પેર ધરીએ;
દીવસ રાત રોઈ રોઈને મરીએ, આવોને ૩
બુધે તો બુદ્ધિ વિચારો, દુ:ખરે મારૂં દીલ મધે ધારો
મને તો વિરહાગ્નિમાં શીદ બાળો આવોને ૪

ગુરૂવારે ધુણ ગાઉં તારાં અવગુણ શા છે હમારા;
આંખે વહે છે આંસુની ધારા આવોને ૫
શુકરે શું કરીએ હેલી નમેરા તો નાથ ગયા મેલી;
હવે મારૂં કોણ થશે બેલી. આવોને ૬
શનીવારે શામળીઓ આવ્યા થાળ ભરી મોતીડે વધાવ્યાં;
ગોપીના સુખસાગર ફરયા; આવોને ૭
સાતે વાર સમજીને ગાશે, તેના સહુ દુઃખ દરિદ્ર જાશે;
કવિ કહે સુખ સંપત થાશે. આવોને ૮

પંદર તિથીઓ.

પડવે આવી પકડો મારી બાંયરે, છોગાળા એ રાગ.
પડવે પ્રિતમ પ્રીત તજી કેમ ચાલ્યારે, ગીરધારી.
માનીતી કુબજાને મોહોલે માહાલ્યારે; શો ગીરધારી ૧
બીજે બંસીવટમાં વાટયુ જોતીરે, ગીરધારી,
કો મખે મથુરાં વાટ પુછી લેતીરે. હો ગીરધારી ૨
ત્રીજે ત્રીકમ તન માગં તરફડતાંરે ગીરધારી
ગોકુળીઆમાં ગેલાં ગેલાં ફરતાંરે. હો ગીરધારી; ૩
ચોથે ચતુરભુજ શરણે રાખોરે ગિરધારી;
ટરી સુખ દુઃખ કેરી વાત અમસું ભાંખોરે, હો ગીરધારી૪
પાંચમે પુરૂષોતમ કેમ વીસારીરે. ગીરધારી

પ્રિત કરી કેમ મુકી વ્રજજની નારીરે, હો ગિરધારિ ૫
છ ને દીન છોગાળો જો આવેરે, ગિ.
વાંસલડિના શબ્દે વન બોલાવેરે હો ગિ. ૬
સાતમ વિણુ, નવ ગમતુ. ગિ.
રહે મનડું મારૂ હરિવર પાછળ ભમતુ, હો ગિ, ૭
આઠમે અલબેલા અંતરજામી, ગિ
ક્યા હાથિની સંભાળ ગરૂડગામી, હો ગિ, ૮
નોમે નૌતમ ખેલ કરે વ્રજવાસિરે ગિ.
ન ગોઠે ગોવિંદ ખેલ રહ્યુ ઉદાસિરે હો ગિ.
દશરાને દીન સરવ સજે શણગાર, ગિ.
પણ હરિ વીણુ લાગે આગ તણા અંધાર, હો ગિ
એકાદશિને ઓધવ તે નવ ગમતો, ગિ.
અલબેલો કામાગની રહે છે દામતો, હો ગિ. ૧૧
બારશે બહુ નિધથી ખેલે ગિ.
શા કારણે મુકિ ગયા મને ગોવાળારે હો ગિ. ૧૨
તેરશે આ તનડુ કુટથી જાયેર, ગિ.
મોહન વિનાતો મંદીર ખાવા ધાય, હો ગિ ૧૩
ચઉદશે ચીંતામાં ગઈ છું ચુકી. ગિ.
માત પીતાનિ લજ્જા મેતો મુકિ, હો ગિ. ૧૪
પુનમને દીન પુરણ પ્રગટે ચંદ, ગિ

પણ સામળિયા વિણુ કરૂં અતી આક્રંદ, હો ગિ ૧૫.
આ પંદર તીથિ હરિ વિયોગ દુખનિ ગાશે, ગિ
ગોવરધનનો સ્વામી ત્રરસત થાશે, હો ગિ. ૧૬

પંદર તીથીઓ.

પડવાનિ પણ પ્રિત ગટમટ ભુલી,
મારા હરિ વિના એક વાત સરવે ભુનિરે ૧
બીજે બાળે વેશ રહિ છું બાળિ.
આ ઘરમાં કેમ રહેવાય વાગે તાળિ. ૨
ત્રિજે ત્રિભોવનરાય મંદીર પધારો,
હરિ આવોને આપણે ઘેર હેત વધારો,
ચોથે ચંચળ નાર ચતુરા ચાલે,
પેલો વડોદરાનો વઈદ દુખડાં ટાળે, ૪
પાંચમના પડદા હરીશુ રાખ્યા,
મારે પ્રેમરસ પીયા કાજ હરી રસ ચાખ્યા, ૫
છઠ્ઠીના લખીયા લેખ તે કેમ ટળશે.
મારે પેલા ભવની પ્રીત આવી મળશે. ૬
સાતમના સંતાપ હરીશું અમને,
આ શું કહીએ મહારાજ લાજ નહી તમને ૭
આઠમે ઓચ્છવ થાય હરી હોય હેલી,

મારે સોળે ગોપીઓનો સાથ રમવા વે.ી. ૮
નોમે નમેરા નાથ નગણા ન થઇએ,
આ ગોકુળીયું મેલી મથુરા ન જઇએ. ૯
દશમે દિનરાત દેહી મારી દાઝે,
ઘેર નાવલીયો રીસાય તે ઘણું સાલે. ૧૦
એકાદશીના વ્રત મારે કરવાં,
શ્રી જગનાથજીના ધ્યાન મારે કરવાં, ૧૧
દ્વાદશીને દહાડે દરશન અમને દેજો,
મારા સામળીયા ભગવાન સનમુખ રહેજો. ૧૨
તેરશના તો તન અમારા તુટયા;
આ હરી હરી કરતાં હોઠ હમારાં સુકા. ૧૩
ચઉદશે તો ચતુર નર શું વાહાયા,
ઘેર રાધા સરખી નાર શું રીસાયાં. ૧૪
પુનમે તો પંદર તથી થઇ કહાવે,
મુને સેજડીએ સુતાં નીંદ્રા ન આવે, ૧૫

પંદર તીથીઓ.

હરી હઠ મેલ ને રાધે, મેરી સંગ બોલને રાધે
અબોલા બોલાને રાધે, ઘુંઘટડા ખોલને રાધે
રહ્યા મેરા માનને, રાધે,

પડવે મોરી સાહેલડી પીયુજી વાડીએ જાય;
પીયુજી લાવે દાડમ ગોરી છોલેને પિયુજી ખાય
હરી હઠ મેલોને રાધે. ૧
બીજે મોરી સાહેલડી, બાળોજ ઉગ્યો ચંદ;
દાડમ કેરે દાતડે, ગોરી આ માંડયો ફંદ;
હરિ હઠ મેલને રાધે, ૨
ત્રીજે મોરી સાહેલડી, તરીઆજ વારોવાર:
આ શું ભુલી સુંદરી, ભુલી કંકુને કાજળ સાર,
હરી હઠ મેલને રાધે. ૩
ચોથે ચમકતી મેં સુણી જોબન બાળે વેશ
ભર જોબનમાં એકલી, જેના પીયુ ગયા પરદેશ;
હરી હઠ મેલને રાધે,
પાંચમે મોરી સાહેલડી પંથ પલંગ કંથ દુર
ભર જોબનમાં એકલી મારૂં જોબન જાય ભરપુર;
હરી હઠ મેલને રાધે ૫
છઠે મોરી સાહેલડી, છઠીજ વારોવાર;
પરદેથી રાજ પધારશે, આપણુ બેસીશું હારોહાર;
હરી હઠ મેલને રાધે ૬
સાતમે મોરી સાહેલડી સાતેજ કિધાં સ્નેહ;
ચોમાસાની રત ચિકણિ, ઝીણા ઝરમર વરસે મેહ·

હરી હઠ મેલને રાધે.

આઠમે મોરિ સાહેલડી, આઠજ જોડાજોડ,
પરદેશી રાજ પધારસે. આપણે બેસિશું મોઢામોઢ;
હરિ હઠ મેલને રાધે ૮

નોમે મેરિ સાહેલડિ, નવલાજ પહેરૂં ચિર;
દીપક લેઇ મેહડે ચડું; મારે નયણે વછુટયાં નુર
હરિ હઠ મેલને રાધે. ૯

દશમે મોરી સાહેલડિ દશરા પુજવા જાયા
પુજ્યા તે પાર પામીયા, મારાં રાયજાદા ભરથાર
હરિ હઠ મેલને રાધે. ૧૦

અગિઆરસે મોરિ સાહેલડિ મેં કિધી શીવરાત
રણછોડીએ ઉઠી પ્રાર્થના કરૂં મને કૃષ્ણ જોવાની ઘણી આંત
હરિ હઠ મેલને રાધે ૧૧

બારશે મોરિ સાહેલડિ, બારજ બાંધ્યા બંધ:
કસનારા નર કશી ગયા, એ તો કદીએ ન છુટે બંધ
હરિ હઠ મેલને રાધે. ૧૨

તેરશે મોરિ સાહેલડિ વાદળ વાપ્યો રંગ
ઓસડની ગોળિ એક છે, મને ડશિયા કૃષ્ણ ભોરંગ
હરિ હઠ મેલને રાધે. ૧૩

ચઉદશે મોરિ સાહેલડિ, પાસા લિધા હાથ;

મેં જાણ્યું પડશે પાધરા, એ તો પડીયા છે બારેવાટ;
હરી હઠ મેલને રાધે ૧૪
પુનમે મોરી સાહેલડી. પુરીજ કરજો આશ;
મેં જાણ્યું હરી આવશે, હવે થઈ બેઠી છુ નીરાશ;
હરી હઠ મેલને રાધે, ૧૫

પંદર તીથીઓ.

સખી પડવે તેપંથ ચાલ્યારે, મહાવનના તે મારગઝાલ્યા,
સાથે સીતાને લક્ષમણ બાળા રઘુપતી રામરૂદેમાંરહેજો. ૧
સખી બીજે મઢીમાં બીરાજે, જેવાનદીઓતણાં નીર ગાજે
રામ મેલી ગયા રૂડુ રાજે, રઘુંપતી૦ ૨
સખી ત્રીજે તે વન કેરી ઝાડીરે હથ ફુળ મંગાંવેછેહાડી;
સારી શોભે સીતાજીનિ વાડી, રઘુપતી૦
સખી ચોથે કેવડીયો મેહેકેરે,ફાલ્યોપુલ્યોતેમોઝરાલેહેકે;
સુખે પાંચમે પોપટ પાલ્યોરે, પાંખલીલિનેકાંઠલોકાળો;
સખી રામ ભણંતો ભાવ્યો રઘુપતી૦ ૫
સખી છઠે છેતરવાનેઆવ્યોરેકુડોકપટી રાવણસાથેલાવ્યો;
બે કુખનો અગળતાવ્યો રઘુપતી૦ ૬
સખી સાતમે શ્રી હરી સમર્યારે, વાહીલેરીઉરાડયાતેભમરા,
રૂખ ચાહીને ઉપાડયા ડમરા રઘુપતી૦ ૭

સખી આઠમે એને નીહાળ્યો, ધનુષધારીનેમૃગહોમાર્યો;
મૃગ મરતી વખતે પોકાર્યો રઘુપતી ૮
સખી નોમે તે નાંખ્યો તીરે, જઇ વાગ્યોછે મરગશરિર;
વારે ધાજો લક્ષમણ વીર રઘુપતી૦ ૯
સખી દશમે કહે લક્ષમણને, બેની વીરો બોલાવેને તમને;
આડી આણ દીધી છે અમને, રઘુપતી૦ ૧૦
સખી એકાદશી અપવાશી, લંપટ લેવાને લાગ તપાસી;
રાવણ સીતાને લઇ ગયો નાશી, રઘુપતી૦ ૧૧
સખી બારસે હનુમાન બળીઓ,શેધી સમુદ્રપાર નીકળીયે,
જઇ જોગમાયાને મળીયો રઘુપતી૦ ૧૨
સખી તેરશે ત્રંબાળુ ગાજે, હાક હનુમાન કેરી વાગેરે,
લાહાય લંકા તે ગઢમાં લાગે, રઘુપતી૦ ૧૩
સખી ચઉદશે ચીત વીચારી, ફોજ વાંદરાની રચી સારીરે,
રામે રાવણ નાખ્યો મારિ; રઘુપતી. ૧૪
સખી પુનમે પ્રભુજી આવ્યારે, થાળ ભરી મોતીડેવધાવ્યા
માતા કઉસલ્યાને મન ભાવ્યા, રઘુપતી ૧૫
સખી પંદર તથી થઇ પુરિ, એમાં એકે નથી અધુરી,
આત્મારામની વાણી મધુરી, રઘુપતી૦

પંદર તીથીઓ;

સાંભળ સૈયર વાતડી, મુજ દીલની આજે;
હાંહાંરે મુજ દીલની આજે. ટેક.
શ્યામ સખી તજી ગયા, જુરૂ દીવસને રાતે;
હાંહાંરે જુરૂ દીવસને રાતે, હાંહાં
પડવે પ્રીતિ મેં કરી, પાતળીયા સાથ. હાંહાં ૧
પડવે પ્રિતિ મેં કરિ પાતળીયા સાથ; હાંહાં.
દુખ દરિઆમાં મેલિને ગયા મુજને નાથ, હાંહાં. ૨
બીજે અંતર બીહિયું તપે વહેને તાહે. જાંહાં,
ગેબી ઘા મને મારિયો, કહીએ કો આગે. હાંહાં, ૩
ત્રીજે કેમ તજી ગયા શો વાંક હમારો, હાંહાં;
કુબજાશું રંગે રમો, ઘટે તોલ તમારો. હાંહાં. ૪
ચોથે ચીતમેં જાણીયું, હરી આવી મળશે, હાંહાં,
સુખ સખી સહુને થશે; દુખડાં દુર ટળશે, હાંહાં; ૫
પાંચમે પીંડ હું જાણતી, કરતી નવ પ્રીતી; હાંહાં;
કાળજુ કોરી નાંખીયું, કરિ દુશમન રિતી, હાંહાં ૬
છઠે છળ કરિ છેતરિ, ગયા ગોકુળ મેલી હાંહાં;
વૃહે અગ્નિ આંચમાં, મુકી મુજને ઠેલી હાંહાં; ૭
સાતમે સહુ સખિઓ મળી, વીચાર શો કરવા હાંહાં;
જીવણ જો આવે નહી આ દેહ નથી ધરવા હાંહાં; ૮

આઠમે ઓધવ આવીયા તેણે જોગ બતાવ્યો હાંહાં
બહુ રીતે સહુ સમજાવીયાં,ગોપી મન ન ભાવ્યોહાંહાં ૯
નોમે નમી ઓધવ કહે, તમ પ્રેમે હું રાચ્યું, હાંહાં
પ્રેમ ભક્તિ સુજને મળે, હરી પાસે હું જાચ્યું. હાંહાં ૧૦
દસમ દીન મથુરાં વશે ઓધવજી આવ્યા. હાંહાં
આવતાં હરિયાં પુછિયું સમાચાર લાવ્યા, હાંહાં ૧૧
એકાદશી હરિ બોલીયા, સુજ ગર્વ ટળ્યો છે. હાંહાં
ગોપીના પ્રેમ આગળે જોગ ઝાંખો પડયો છે. હાંહાં ૧૨
દ્વાદશી દીને દવ બળે, જે રીતે વનમાં હાંહાં
તે રીતે વહ ગ્યાપીઓ, ગોપીના તનમાં હાંહાં ૧૩
તેરશે મન વીચારીયું પ્રભુએ મનમાંહી, હાંહાં
ગોપી સહુને સુખ દેઉ જાઉ ગોકુળ માંહી. હાંહાં ૧૪
ચઉદશ દીન ચીતા કરે સહુ વ્રીજની બાળા હાંહાં
હજુ સુધી નવ આવીયા; સખી નંદલાલ, હાંહાં ૧૫
પુનમ દીન પ્રભુ આવીયા, આનંદની હેલી હાંહાં
થાળ ભરી શગ મોતીએ, ગોપી થઇ છે ઘેલી. હાંહાં ૧૬
પંદર તીથીઓ પ્રેમની, સહુ સુણજો કરણે હાંહાં
રણછોડ કહેછે કરગરી પ્રભુ રાખજો શરણે. હાંહાં ૧૭

પંદર તીથીઓ.

પુનમે અમને પુરણ દરશન દેજો છોગાળા.
દયા કરી મારિ દેહીનાં દુખડાં ખોજોરે. મો૦ ૧
પડવે આવી પકડો મારિ બાંહ્ય, છોગાળા.
કોઈ સતગુરૂની શીતળ રાખો છાંય. મો૦ ૨
બીજે મારી બાળક બુદ્ધી કાપોરે, છોગાળા.
દયા કરીને શીતળ સુખડાં આપો. મો૦ ૩
ત્રીજે હુંતો તત્પર થઈને બેઠી. છોગાળા,
મુખની વાણી મુજને લાગી મીઠી, મો૦ ૪
ચોથે ચતુરા શું ગયા છો ચુકી, છોગાળા.
કાંઈ લેહ લાગી મેં લાજ સરવની મુકી. મો૦ ૫
પાંચમે પુરણાવતી કેહેવાય, છોગાળા
મુજથી હરિ વિનાનો ઘડીએ ના રહેવાય. મો૦ ૬
છઠથી લખ્યા લેગ તે કેમ ટળશેરે. છોગાળા,
મુજથી પ્રતીવ્રતાના કારજ કરવા પડશેરે. મો૦ ૭
સાતમેં હું ગુણ તમારા ગાતીરે. છોગાળા.
આ મોરલીને શબ્દે હીદુ છું માતીરે, મો૦ ૮
આઠમે અવતરીઆ અંતરજામી, છોગાળા.
જાદવકુળમાં જનમ્યા છો અંતરજામી મો૦ ૯

નોમે કરવા નરપતીનાં કામરે, છોગાળા
મુજ મંગળવાથી ગયાં મથુરાં ગામ. મો૦ ૧૦
દશમે દાવાનળ આવી કાપ્યો. છોગાળા
કાંઇ કંસ મારીને રણુસ્થળ કાપ્યો મો૦ ૧૧
એકાદશીના પડદા આવી ખોલો. છોગાળા
કાંઇ અંતરજામી અમ સંગાથે બોલો, મો ૧૨
બારસે વંદ્રાવન રસ્તો ઝાલો, છોગાળા
મુજ અપુણ જીવને શું મેલો છો વીલો, મો ૧૩
તેરશે કાંઇ ચરણ કમળ ચીત લાગ્યુ, છોગાળા
કંઇ જનમોજનમની ભકિત તમારી માગુ, મો ૧૪
ચઉદશે ચરણકમળની દાસી, છોગાળા
મુજ મંગળવાસી ગયા મથુરાં નાશીરે, મો ૧૫
અમાશે કાંઇ ધરણીધર કહેવાય, છોગાળા
કાંઇ નરસીંહમેહતો ગુણ તમારા ગાય. મો. ૧૬

પંદર તીથીઓ.

પડવે પાતળીયા ગીરધારી મારે ઘેર આવજોરે લોલ
બીજે બાળક બેઠુ બાડાર કે, મેં સમજાવીયુ લોલ
ત્રીજે ત્રણ ભુવનનો નાથ મોતીડે વધાવીઓ લોલ
ચોથે ચંચળ બોલી નાર મથુરાની વાટમાં લોલ

પાંચમે પગલાં ભરજો કેમ કે મારે ઘેર આવજો, લોલ
છઠે ઉગાળા ભગવાન કે ભગવાન ભગતને તારજો લોલ
સાતમે સરદ કરે એકાકારકે ગોકુળ ગામની, લોલ
આઠમે અવતરીયા ભગવાનકે નીરખુ નાથને, લોલ
નોમે તરત કરે એક નારકે ગોકુળ ગામની, લોલ
દશમે માર્યો મામો કંસ કે મથુરાની વાટમાં, લોલ
એકાદશી પુરણુ લાવ્યા નાર કે સતભામા ખરી, લોલ
બારશે બહુ બળીયા ભગવાન કે દશોદીશ વાપીયા, લોલ
તેરસે ધન પુવે એક નાર કે ગોકુળ ગામની, લોલ
ચઉદસે બનશોબટને ચોક કે રાશ રમાડજો લોલ
પુનમે પંદર તથા થઈ પુરી કે હરી ગુણ ગાઇ રહી, લોલ

મલાવરાનો રાસડો.

ચીતળ લોટા જળે ભર્યારે દાતણુ કરતાં જાવરે મલાવરાવ
શેહેરનો સુબો ક્યારે આવશે. ટેક
દાતણ કરશું વાડીએ, ફરતી ફીરંગીની ફોજ; મલાવરાવ ૧
ચીની તે પ્યાલા તેલ ભર્યા મરદન કરતાજાઓરેમલાવરામ
મરદનકરશું વાડીયે, ફરતી ફીરંગીની ફોજરે મ૦૨
તાંબાં તે કુંડીયે, જળે ભરીરે નાહાવળ કરતા જાઓ મ;
નહાવણુ કરશું વાડીએ. ફરતી ફીરંગીની ફોજરે મ૦ ૩

રાંધી રસોઇયોં એમ રહી, ભોજન કરતા જાએ.; મ૦
ભોજન કરશું વાડીએ, ફરતી ફીરંગીની ફોજ. મ૦ ૪
પાન સોપારીને એલચાં, સુખવાસ કરતા જાઓરે મ૦
સુખવાસ કરશું વાડીએ, ફરતી ફીરંગીની ફોજ. મ૦ ૫
સોના તે કેરા સોગટાં, રમત રમતા જાઓ, મ૦
રમત રમશું વાડીએરે ફરતી ફીરંગીની ફોજ મ૦ ૬
ઢીંચણ સામો ઢોલીયો, પોઢણુ કરતાં જાઓ, મ૦
પોઢણુ કરશું વાડીએ, ફરતી ફીરંગીની ફોજ, મ૦ ૭
ક્યાંથી આવ્યા પીટયા જાંગલા,માથે ટોપીને સુરોહેશરે મ૦
રાણી રૂવે રંગ મહોલમાં, દાશીઓ રૂવે દરબાર. મ૦ ૮
હાટ હવે હાટ વાણીયારે, ચોર રૂવે ચાૌટ બાટ. મ૦
શેહેર છોડી સુબો નીસર્યો લીધી નડીયાદની વાટ. મ૦ ૯

ભાગ ૩ જો.

અભેમાન્યુ ચક્રાવો.

સરસત સામીને વિનવું, મણુપત લાગુ પાય;
અજોધ્યા નગરીમાં દહીતનો વાસો તેણ તે રસતક છેરે.;
દહીત કાળે કુંભે કરીઓ; માંરયો

ઢ્હોસોમાંથી ન્હીતાણી વનમાં ગયાં ગયાં વનમાં થયાં,
વનમાં જઈ અઇલોચન જન્મ્યા
સેના કામઠીને રૂપાના ભાલા અઇલોચન રંમવા નીસર્યા.
જઇ રહ્યા વગડા રે વચ્ચે,
વનરે વગડામાં એક પંખી જનાવર
તેરે જનાવર અઇલોચને માર્યો, ડોશી તે મેણું બોલા,
બહુ છે બસીયો બહુ બળવંતો,
એવો છે તો તારા બાપનુ વેર લેને
ત્યાંથી અઇલોચને ઝાળો લાગી, આવી રહ્યા ઘર આગણે
કે મારી મા મારો બાપ કેણે માર્યો
બારે બારે વર્ષે દીકરા બાપ કેમ સંભાર્યો
ડોશી તે મેણું બોલી
તારો તે બાપ કાળા કૃષ્ણએ માર્યો
ખભે કોડો લઇ અઇલોચન ચાલ્યા જઇ રહ્યા વન વચ્ચે
વનરે વગડામાં લીલાં વૃક્ષ રે વાઢ્યા
ડાળાં ડાળાં પડયરે સુકયા થડમાં ઉપાડયાં.
લાકડાની બાંધી ભારી.
ત્યાંથી અઇલોચન સુતારી ઘેર આવ્યો
ભાઇરે સુતારો મારો વીરો, પેટી ઘડી મને આલ,
બોંતેર ખાનાને એકજ કોઠો

ત્યાંથી અઇલોચન લવારી ઘેર આવ્યો
ભાઇરે લવારી તું મારો વીરો, આ મને પેટી જડી આલ.
છત્રી તાળાં ને બત્રીશ કુંચીઓ પેટી જડી આલ.
ત્યાંથી અઇલોચન ચિતારા ઘેર આવ્યો
ભાઇર ચીતામાં મારો વીરો પેટી ચિતરી આલ સારી.
ત્યાંથી અઇ લોચન દરજીડા ઘેર આવ્યો
ભાઇરે દરજીડા તું મારો વીરો આની મને ચાંદી સીવીઆલ
પેટી ઉપાડી અઇલોચન આવ્યો.
જઇ રહ્યો જઇ રહ્યો, વગડારે વચે,વડની છાયે પેટી મુકી
બ્રાહ્મણને વેશે કાળો કૃષ્ણજી આવ્યા
ક્યાં જાઓ છો મારારે જજમાન કૃષ્ણનું વેર વાળવા જાઉં
કહો ગોરજી કાળા કૃષ્ણ કેવારે હસે
તુજ સરખાને તારારે જેવા દેહીનું પ્રમાણું ઓણો
લ્યો મારા ગોરજી દેહીનુ પ્રમાણું.
ત્યાંથી અઇલોચન પેટીમાંસમાણુંકાળાકૃષ્ણુયે તાળાંખડકાડયા
ગોર મારા ગોર મને બહાર કાઢો
કોણ તારો ગોરને તું કોનો જજમાન હું છુંક.ળોકૃષ્ણ
પેટી હતી તે આકાશે ઉડાવી.
આકાશના દેવતારે જગાડયા આ જુદ્ધ કોણે માંડયાં
અઇ લોચન ને કાળા કૃષ્ણએ માંડયા.

પેટી હતી તે પાતાળે પછાડી, પાતાળના શેષનાગ ડોલ્યા
આવુ તે જુદ્ધ કોણે માંડયુ,
અર્ધલોચનને કાળા કૃષ્ણે માંડયુ તેનો થયો ખડખાટ
ત્યાંથીરે અર્ધલોચન મૃત્યુરે પામ્યા.
અભે પેટીને કાળો કૃષ્ણજી ચાલ્યા, જઇ રહ્યા દ્વારકાં ગામ
પેટી હતી તે સુભદ્રાને આપી.
જોજોરે બેની આ પેટી ઉઘાડતાં સાચવી રાખજો પાસે
નણંદ ભોજાઈ બે માથાંરે જુએ.
નણંદલ તમારા ભાઇ શું લાવ્યા, એ મુજને દેખાડો.
પેટી હતી તે સુભદ્રાએ ઉઘાડી
ભાઇનું કહ્યું સુભદ્રાએ ન માન્યુ, શ્વાસમાંવાસસમાઈગયો
પેહલોરે માસ ઓળે ગયો
બીજેતે માસે સૈયરને સંભળાવ્યુ ત્રીજાનો મરમ ન જાણ્યા
ચોથે માંસે માતાને સંભળાવ્યું
પાંચમે માસે બાંધેતે રાખડી, છઠે તે કઠીયત્ર દુધરે,
સાતમે માસે ખોળો ભરાવ્યો
ખોળો ભરાવીને મહીયર વળાવ્યાં,આઠમાનો મરમન ગાયો
નવમેતે માસે અભિમન્યુ જનમ્યા
સોનાની સળીએ નાળ વધેર્યો, પાણી માટેકુંડે નવરાવ્યા
ચીર ફાડીને બાળોતીયાં કીધા

જાદવનારે પારણું બંધાવ્યાં ચોખા સાટે મોતીડે વધાવ્યાં
સાત પાંચ વરસના અભેમન્યુ થયા.
લેઇ પાટીને ભણવારે ગયા, ભણીગણી નવચંદા થયા
પોતાના દાદા સગાઇયોરે લાવ્યા.
ઓતરા અભેમન્યુ તારીરે નારી વઇરાટની કુમારીરે;
લીલા પીળા વાંસ વઢાવો, નવરંગી ચોરી ચીપુરાવીરે;
ત્યાંથી અભેમાન્યુ પરણવાને ચાલ્યા, સારા તે શુકન થાય
ત્યાંથી અભેમન્યુ સરોવરીએ આવ્યાં સુકાસરોવર લીલાંથયાં
ત્યાંથી અભેમન્યુ ભાગોળે આવ્યા, ભાગોળે ભેળા વગડાવો
ત્યાંથી અભેમન્યુ ચઉટામાં આવ્યા ચઉટામાં ચમરઢોળાવો
ત્યા અભેમાન્યુ જાનીવાસે આવ્યા, સાસુજી પોંખવા આવ્યાં
ત્યાંથી અભેમન્યુ તોરણે આવ્યા મામાજી કન્યા પધરાવો
ત્યાંથી અભેમન્યુ ચોરીમાં આવ્યા મામાજી દો કન્યાદાન
પહેલું મંગળ હરતું ને ફરતું દાદાજી દો કન્યાદાન
દાદાએ આપ્યાં ગોડલાના દાન,
બીજુતે મંગળ ચોરીમાં વરત્યું માતાજી દો કન્યાદાન
માતાએ આલ્યાં ગાવડીઓના દાન
ત્રીજું તે મંગળ ચોરીમા વરત્યું વીરાજી દોને કન્યાદાન
વીરાએ આલ્યાં વેલડીઓનાં દાન
ચોથુંતે મંગળ ચોરીમાં વરત્યુ ભાભીજી દો કન્યદાન

ભાભીએ આલ્યાં ઝોટડીયાનાં દાન
ત્યાંથી અભેમન્યુ પરણીને ઉઠયા માતાને પાએ લાગ્યાં
પોતાની માએ આશીષરે આલી.
ઘણું જીવો દીકરા ઘણો આવરદા ઓતરા તારી નારી
જોજે અભેમન્યુ તારીરે ગોરી ગોરી છે ગુણુવંતીરે
અમારા તે કુળમાં એવીરે રીતો વર સાથે કન્યા ન હોય
પેહેલા પોહોરનાં શમણાંરે વાગ્યાં
આરે શમણામાં કોરા કંકણુ નીંધા
એરે શમણામાં દીકરી આણુપંપાળ તારાંશમણાંપડ્યુંરેલાકડે
બીજેલા પોહોરનાં શમણાંરે લાગ્યાં
આરે શમણામાં કોરા ઘરચોળાં પહેરયા
આરે શમણાં દીકરી આથપંપાળ શમણાં પડ્યાં રાંક રેટીએ
ત્રીજેરા પોહોરનાં શમણાંરે લાગ્યાં
આરે શમણામાં રાયકો આણેરે આવે
આરે શમણાં દીકરી આથપંપાળ શમણાં સમુદ્ર બેટમાંરે
ચોથેરા પહોરનાં સમણાં લાગયાં
બાળુડો અભેમન્યુ જુધ્ધે ચઢે છે ઓતરાને આણાં બાળ્યાંરે
ઓતરાના બાપની ઉચી હવેલી
સોના કાચોલાં ને રૂપાના દોરા ઓતરા માથાં ગુંથે
હીરુડી વીરુડી સાંઢ રતનો રમારી વેગે આવતો દીઠો

મારીરે માતા તમે પેઢલાં જાગો મામારે આણુંલાં આવ્યા
ઘણુંરે જીવો દીકરી એ શું બોલ્યાં
બારીએથી રહી ઓતરાએ પુછયું
કયાંથી આવ્યા વીરા કયાં તમે જાશો
બાજુડા અભિમનયુ જુધ્ધે ચડે છે ઓતરાને આણું આવ્યો
બારીએથી ઓતરા પડતાં મુકયાં ના રહી સુધને સાન
ઓતરાના દાદાએ ડોસીડા જમાડયા ચુંદડી કાઢે આજ સારી
સારી સારી કાઢેને નુકશાન નીસ
દાદે ડોસીડાને મારવા લીધો
એ મારા દાદાં શીદને મારો છો ઓતરાના કરમનો વાંક
ઓતરાના દાદે માળીડા જમાડયા
ગજરા કાઢને મોંઘા મુલના
ખીલા કાઢેને કરમાએલા નીકળે
દાદે માળીડાને મારવા લીધો,
એ મારા દાદા શીદને મારોછો ઓતરાના કરમનો વાંક
ઓતરાને દાદે મોતીડા જમાડયા
મોજડીઓ કાઢે મોંઘા મુલની
રાતી રાતી કાઢેને કાળી કાળી નીકળે,
દાદે મોતીડાને મારવા લીધો,
એ મારા દાદા શીદને મારો છો ઓતરાના કરમનો વાંક

ઓતરાને હાદે શરેઇયા જગાડયા આરૂ આરૂ કંકુ કઢેરે
કંકુ કાઢેને કાજળ નીસરે,
હાદે સરઈયાને મારવા લીપો
ઓ મારા દાદા શીદને મારો ઓતરાના કરમનો વાંક
હાદે સાસરવાસે ઓતરા વળાવ્યા રાયકો તેડીને જાયરે.

વળામણું.

કે મને મારીને રથને રથડા જોડરે, બાળા રાજા,
કે મને સુખે તે સાથે તેડરે, બાળા રાજા
કે મને યુંદ્ધ જોયાના રસ કોડરે, બાળા રાજા
કે આપણુ સરખા સરખી જોડરે, બાળા રાજા
કે લાવુ હું ધરૂં હથીયારરે, બાળા રાજા
કેકરૂં કઉરવનો સંહારરે બાળા રાજા
કે છેડી યુંદ્ધ વાળો ઘેરરે બાળા રાજા
કે તમને આપું મારા બાપનું રાજરે, બાળા રાજા
કે નારી કેશ સમુળા કાઢેદે, બાળા રાજા
કે રથ ઉપર દેહ પછાડેરે, બાળા રાજા
કે રથ હાંકોછો રામજીની આણુરે બાળા રાજા
કે રથ ખેડાતો કાઢુ મારા પ્રાણુરે બાળા રાજા
કે મારા વગડામાં રથડા રોકયારે બાળા રાજા
કેમારા સસરા મેણા બોલ્યા બાળા રાજા

કે વહુ આવતી ભમરારીરે બાળા રાજા
કે મેતો નથી દીઠી પગની પાનીરેરે બાળા રાજા
કે તારૂ દેળી સુંઘે ન ચડતરે બાળા રાજા
કે મેંતો નથી દીઠી નાકની દાંડીરે, ઓતરા રાણી
કે મામા કૃષ્ણનો જાજો વંશરે ઓતરા રાણી
કે મને પાટા બાંધીને પરણાવ્યોરે ઓતરા રાણી
કે મને સમરથ સાસરી દેખાડરે બાળા રાજા
કે મને સાસરી જોયાંનો રસકોડરે બાળા રાજા
કે મારાં કાંકણ દોરા છોડાવરે બાળા રાજા
કે મને સમરથ સસરો દેખાડરે બાળા રાજા
કે મને ઘુમટ તાણ્યાના રસ કોડરે બાળા રાજા
કે મને દીયર દેવડો દેખાડરે બાળા રાજા
કે મને હોળી રમ્યાના રસકોડરે બાળા રાજા
કે મને નાનીશી નણંદી દેખાડરે બાળા રાજા
કે મને ઢીંગલે રમ્યાના રસ કોડરે બાળા રાજા
કે મને સમરથ સાસુજી દેખાડરે. બાળા રાજા
કે મને પાય પડયાના રસ કોડ;રે બાળા રાજા
કે મને જોડની જેઠાણી દેખાડરે, બાળા રાજા
કે મને જોડે હીડયાના કોડરે. બાળા રાજા
કે મને વાડુલી વેરાની દેખાડરે, બાળા રાજા

કે મને વાહ લીંબાના રસ કોડરે, બાળા શાળ
કે મારૂ માથુ વાઢીને દડો ખેલરે, બાળા શાળ
કે તારી કેડની કટારી મને આલરે, બાળા શાળ
કે જમણી કુખ થયો સુરરે, બાળા શાળ
કે તારી જમણી કુખ ના ધરેસરે, ઓતરા રાણી
કે તારી કુખે મોતીગર દીકરોરે ઓતરા રાણી
કે સારી હશે રામનું નામરે ઓતરા રાણી
કે સારી રાખશે બાપનું નામરે ઓતરા રાણી
કે તેથી સરશે તમારૂ કામરે ઓતરા રાણી
કે તારી ઢેલડીના ઓઠે મને રાખને, બાળા શાળ
કે તારાં આવતાં ગીતે બાબુર બાળા શાળ
કે ઝલી ઝલી ઘેડલીયાની વાગરે બાળા શાળ
કે મેલો મેલો ઘેડલીની વાતરે, ઓતરા રાણી
કે મારો સડવા થા બાઇબંગ દેખરે ઓતરા રાણી
કે મેંતો આવતાં બાળ વછોડયારે બાળા શાળ
કે મને તેનાં પ્રાશ્ચીતલાગ્યારે, બાળા શાળ
કે મેંતો ધાવતાં પેન વછોડયાંરે, બાળા શાળ
કે મને તેનાં પ્રાશ્ચીત લાગ્યાંરે, બાળા શાળ
કે મેતો છાલે છાલ લાગ્યુરે બાળા શાળ
કે મને તેનાં પ્રાશ્ચી લાગ્યું બાળા શાળ

કે મેલા હીવે હીનો કીધોરે બાળા રાજા
કે મને તેનાં પ્રાશ્ચીત લાગ્યાંરે બાળા રાજા
કે હુંતો પથરે પાનીઓ ધોતીરે બાળા રાજા
કે મને તેનાં પ્રશ્ચાત લાગ્યાંરે બાળા રાજા
કે મેંતો વેતી નાકે દધો પગરે બાળા રાજા
કે મને તેના પ્રાશ્ચીત લાગ્યારે બાળા રાજા

ગરબી ૧ લી.

ગીરધારીરે વાલમ વાત વીચાર મનમોહન આંખ ન મારો
મનમોહનરે મુકો માગ મવા કેમ રોકો જુમના જાતાટેક
રસીયાજીરે મત તમારી જાણી મારી ભાગશે મ્હીની હાણી
મહુ વિઠલરે રહેજો અમથી અળગો શીદ મને જાતાં વળગો

ઝુલ

નવ પાલવડો મુજ તાણોરે જુવતીની રીત નવ જાણો
હું જાનું જદુવીર શાણોરે કહું કેશવરે મુકો હવા દાર
કેમ રોકો જુમના જાવા ૧

નહી આપું મણ દહીનું આજે નથી લાવી તમારે કાજે.
મુકો પાલવ ફાટે ચુંદડી મારી હું સમજી વાતો તારી

ઝુલ.

મુકો મહી મારાં ઢોળાશેરે મારી ચીર ચુંદડી ભીંજાશે

હરી હાણુ હસતાં થાશેરે પ્રભુ હમણારે ફંદ કરો કેમ આવ્યા
કેમ રોકો જમુના જાવા ૨
હરી જાયછેરે સૈયરનો મારો મેં જાણ્યો તુંને ધુતારો
નહી સરસેરે અરથ હરિવર અમશું કહું છું મોહનસાંસુતમ
ગુલ
નવ કરો નયમનો ચાળોરે હામો દઈશું જદુવીર ગાળોરે
લજવાસો કામણગારારે શામળીઆ શાખ કહુ સમજાવા
કેમ રોકો જમુના જાવા ૩
નવ નાખો હાથ હઠીલા કહુવચન તો પડશોઢીલા
ઉપ પલકેરે ચુંબન કરવા કાજે એવાં વાનજવાદયો આજે
ગુલા
સુકો હાર હૈયેથી ટુટેરે મારા મોળી કસ વછુટે;
વળી મહીનું ગોરસ ફુટેરે ગોરધનનાદેરવાંમોહને કેમઆવા
કેમ રોકો જમુના જાવા ૪

ગરબી ૨૭

રાગ ઉપર પ્રમાણે.

મેં જાણીરે જીવણ તારી પ્રીતી નવ સમજોરનેહનીરીતી ટેક
વનમાળીરે વનમાં વાત જે કીધીમારી સાંહ્યે સમજાવ્યા
વળી નણુદીરે કાનોકહી બોલાવે મને મેણાં પ્રુને ખીજાવે

ઝુલ

મારો મનસુખેરે મને દુખ દેછેરે વળી વચન વિલોકીકહેછેરે
તેથી અંતર બળતુ રહેછેરે પણ તોડી નથી ચિતમગુજપીતી
નવ સમજે સ્નેહની રીતી ૧

સામળીયારે હાક મને શીદ મારો ના માન કરી સમજાવો;
સહુ જાણુંરે વાત તારી મારી કહે કેમ ગીરધારી

ઝુલ

કહો કેમ શામળીઓ આવેરે વળી પ્રીત કરી બોલાવેરે
કરી સાન થકી સમજાવેરે મારે કહુછુરે મોહન મારી રીતી
નવ સમજે સ્નેહીની રીતી ૨

કહે સાસુરે વહુજી રહેજો ઠગે કેમરેજાએ સામળીઆ સંગે
વહુ કાલરે બાર લાગી કેમ વાટે મળ્યા મોહન જમુનાઘાટે

ઝુલ

વાયે સુડી નંદઈ તારીરે કેમ નંદી કંકુશ નારીરે
વાત જાણું છું સારી નઠારીરે તમે જોઈરે પાતળીયાશું પ્રીતી
નવ સમજે સ્નેહીની રીતી

મારે મોહનરે આવતું નહીં મારે હું આવીશ જમુનાં આરે
બેથીસુખદુખરે વાત કરીશું વનમાંકોઇનવજાણે જનગોકુલમાં

ઝુલ

નથી જુદા હું તમથી ન્યારારે નવ રહેશો મુજથી ન્યારારે

છોજી પ્રાણજીવન તમે મારાર કહેગોરધનરેહામકીધુંનચમીતી
નવ સમજો રંનડાની રાતી.

ગરબી ૩ જી નરસીંહજીનિ.

રાગ ઉપર પ્રમાણે

નરસીંહજીરે વડોદરાના વાશી તુજ ચરણે કોટીક કાશી ટેક
અવનીમારે ઉત્તમ નામ તમારૂ આવ્યા છો ભક્તનેવારૂ
તમે માર્યોરે હીરણ્યાકશ્યપ વારૂ પ્રહલાદ ઉગારયુ સારૂ
ઝુલ
કીધુ મોટુ કામપોતારી, બહુ બહુ ભક્ત જનોને તારી
વશ્યા વડોદરે ગીરધારી તુજ ભજનકરે મટશે શોક ઉદાશી
તુજ ચરણે ૧
બળતીછેરે જ્યોત અખંડીત સારી, ભગીંગહાથીનાંભારી;
કાશતકનારે સુદ ચોદશ જે વારે મળે મંડળીજન અપાર
ઝુલ
તહાં ભરાય લોક હજારોરે, મળે માલ લેનારને સારોરે.
નહી આ દર્શનના વારોર; ત્યાં રહીછેરજળહળજ્યોતપ્રકાશ
તુજ ચરણે. ૨
તુળશી વાડીઓરે પ્રભુ પુનને જાય બહુ ભીડ લોકની થાય.
તહાં ઓછવરે હુડો ઠરે હરીજન ઠરે ભાવીક બહુ દર્શન

ઝુલ

પ્રભુ ધરતા નવા શણગારરે, વરગોડા શોભે અપારરે
સુખપાલે બેશે મોરારરે તુલશીસુરે લગ્ન કરે સુખવાશી
વ્રજ ચરણું ૩

મથુરાપુરે પરણીને આવે વાલો, ચઉટામાં ચતુર રૂપાળો
બહુ વાઘથીર વાજા ઉત્તમ વાજે પ્રભુ સુખપાળે બીરાજે

ઝુલ

ઉડછે આનન્દ આજી ઝુંડ જોઇને થયો રાજી
કહયો શરદ અંબનુમાં આજી, બલીહારીર ગોવરધનહું દાશી
વ્રજ ચ ણે કોટીક કાશી ૪

ગરબો ચોથી રણછોડજીનિ.

રાગ ઉપર પ્રમાણે:

લટકાળારે શ્રી રણછોડ રૂપાળા મન મોહન મોરલીવાળા ટેક
શામળીયારે સુંદર રૂપ તમારૂ દેખી મન મોહે મારૂ
અણીયાળીરે આંખલડી અલબેલા છો કાન કુંવર વર ઘેલા

ઝુલ

મંદીરતો ગગને અડ્યારે દરવાજે દુંદભી વાજેરે
પ્રભુ ઠાકોર માંહી બીરાજેરે કહુ તમા પ્રતી પાળા
મન મોહન મોરલીવાળા ૧

ગુણવંતારે ગોવરધન કર ધર્યો કાળજવાર કંસને માર્યો
બંધનથીરે માતાપીતા છોડાવ્યાં વળીગોરધન ઠેર ચરાવ્યાં

ધ્રુવ,

છે અકળકળા અવિનાશી તમે મારી પુતના મારી માસી
વળી થયા મથુરા વાસી ગોકળમાંરે બાળ આપ ગોવાળ

મન મોહન મોરલીવાળા

દેવળમાંરે સિંહાસન સુભ છાજે તે ઉપર શામ બીરાજે
મુરતીમાં રૂપ અલૌકીક ભાસે જ્યાંજળહળજ્યોત પ્રકાશે

ધ્રુવ

સુખ સજ્જા સુખમય સારીરે શામ ગાદી બહુ ભારી
મંદીરની શી બલીહારીરે, શોભોછેરે સુંદર ત્યાં હીંચાળા.

મન મોહન મોરલીવાળા. ૩

મુરતરૂપરે મુગટ મણીમય શોભેજોઈ ભક્ત તણાંમનલોભે
કેશરીઆરે ધરીયા વાઘા લલે ચંદન કીધુ પ્રભુ ભાલે;
કર મધે મોરલી ધારીરે, સામે ઉભા ગીરધારીરે,
જોઈ ગોવરધન બલીહારીરે પાયે લાગુરે જસોદાજીના બાળા

મન મોહન મોરલીવાળા ૪

ગરબી ૫ મી અંબાજીની.

રાગ ઉપર પ્રમાણે.

ધન્ય અંબારે આરાસુર પટરાણી, તને વિશ્વ પ્રધાએજાણી

મા અંબારે ધારી ત્રીશુળ પાણી, ગોખ મધ્યે બીરાજેરાણી

ટુંક

ગો બ્રહ્માંડે તુને જાણીરે, તારી કીરતી બધે ફેલાણીરે,
સો લોકે તને વખાણીરે, આદ્ય શક્તિ વેદ વદે છે વાણી.
તને વિસ્વ બધ એ જાણી ૧
માતુ છેરે રૂડી તાણી સુખદાતા તારી ગતીનજાણે વીધાતા,
નારદજીરે વીણાધારી ગુણ ગાતા તુજદર્શનથી સુખ સાતા

ટુંક

માને સેવક પ્રભુ ચાહતારે, ગુણ મંડપ માંહે ગવાતારે,
જય જય શબ્દ વિખ્યાતારે, મા ગુણોરે ગાવા પ્રેમની વાણી
તને વિશ્વ બધાએ જાણી. ૨
મા ત્રિપુરારે તારી બાણી બલીહારી વાઘ ઉપરકીધી અસવારી
કર લીધીરે ઢાલ કટારજ ધારિ મા શેષના બનિ બહુ સારિ

ટુંક

માન ચંદ્ર વદન સુખકારિરે વારે વારે લેઉ ઓવારિરે,
વારિ અકળ કળી છે ન્યારિરે જુગતંબારે નયનરૂપવખાણી
તને વિશ્વ બધાએ જાણિ, ૩
સુમાતારે તું છે બાલમ ભોળી પેહેરી કુંકમ વરણ પટોળી
[illegible] રંગ લાલ માની જોડ ન જડે ખોળી,

ધ્રુ ૨

મા મૈયાસુર રગદોળિરે ચંડમડને નાંખ્યા ચોળિરે,
હયતને પાડયારે ઢોળિરે અમ લિધાં છે સેવક હાજે શાણિ
તને વિશ્વ બધાએ જાણિ ૪
ભવાનિરે ભજતાં ભાવટ જાશે, પાપ તાપતો સર્વ પળાશે
ગુણવંતીરે મહેર હચે તો આવશે ગુણઆચાર આંહિ અવાશે

ધ્રુ ર

માના દરશન થકિ દુખ નાસેરે પ્રેમ ધરિ આગરબો ગાશેરે
મા પરસન તેને થાશેરે ચંદ્ર ગાએરે સેવકને લો તણિ
તને વીશ્વ બધાએ જાણિ ૫

માળાની ગરબી ૧ લી.

બાઈ કાગળઆપી કાન, માળા ચોનિરે;
જ્યારે પુછશે સહુ પેર સઈઅર મોરિરે
એ કઠીન છેડગ્રા સહુ ત વિપ્રીત ભાસે આજરે
માણસને શું મઢોડે કહિએ, નીરલજને શી લાજ મા ૧
ગોળ પોતાનો ચોરાખાઓ, એ રહીઅ અણુજટ વાળારે
રત્નારથે ભુજ સાગ્રુ જુવે વરણાગીઓ વનમાળી મા ૨
આશુ માશી છે જતી આપણું નણદલ નાર ઠગારીરે
કુળ પહેલાં આચર શું કે કેડ ન મેલે મારી મા ૩
પરહર્યો અમારી પેર ન જાણી, નાહ ફ્લાનો કામરે;
કામકુબા મણુરગના રચાયો, શરણે રાખયો શામ. મા. ૪

ગરબી ૨ જી.

મારી સાસુ પુછયે વાત માળા ક્યાં ગયરે
વહુ કાલના તારા કંઠે મેં દીઠી નહીરે ટેક.
લાડકડી વહુ માળા તમારી, મેં કાનને કંઠે દીઠીરે
આવડો કાનો તને કેમ કરી વાડો વાત કરે છે મીઠી મા.
શા માટે તેને આપી છે ને સો કીધો ઉધારોરે
શા માટે મારા મંદીર પધરે મોહન કામણગારો મા,
હરી સંગાથે હસતાં દેખી, હઇડા મારાં હાંઝે
હાણ થયાનું દુખ નથીપણ, હરી સંગે તે માહુરે
રામકૃષ્ણ પ્રભુ રંગનો રસિયો કદીયે ન છુટે નાથ મા.

ગરબો ૩ જી.

મારિ બાઇજી છે માનમાન સમ હું ખાઇશરે
મારિ નણંદલને ગમે તો મહીયર જાઇશરે,
બાઇજી સુખ વનાં મે માળા ટોડલિએ મરરિરે
ઘેલિ થઇ ઘર કામજ લાગ્યું વળતી વિમત ન આવિ.
શુ સમળી આકારોથી આવી અગને ઘેર ચાલિરે
વંદ્રાવનમાં ચઉ ચરાવતાં ગોવિંદને હાથ લિધી
અમે વહુવારૂ નામ માટે બોલતાં સુખ બીહે

મોહનનું મુખ મીઠુ કરાવી માજા માગી લેજે.
ચેરપેરે પુછી જોજોને બોલ્યુ ન પડે બહારરે,
રામકૃષ્ણ પ્રભુ રંગનો રસીયો સહુની લે સંભાળ,

ગરબી ૪ થી.

તારે નણદલ બોલી વાત સમ શા ખાશો,
જ્યારે આવશે મારો ભ્રાત સાંચા થાશોરે,
કેહેવા દેને મારા ભાઇને એને કનુડો બહુ વાહ્લો,
મોહનને કાચો કુડા દીસે છે માળ અમારી વાહ્લો. સમ
કે હ્હાડાનું કરણકુલ ને ક્યાંય આવી વિસારીરે,
તે મેં કહાનને કાને દીઠુ સાખ્ય છે સાઇવર મારી. સમ
હરીને નીત પ્રીતે નીરખ્યા વિના વહુને અન ન ભાવે
શામળીઓ સાહેઓ થઇને વહુજી માટે આવે સમ.
વહુને અતી ઘણો વહાલો છે શામળીઓ શામવરણ,
રામકૃષ્ણ પ્રભુ રંગનો રશીયો: મથુરાંનો ભગવાન. સમ

પ્રેમની ગરબીઓ,

ગરબી ૧ લી

કહેવા દેને કાન તારી માને કહેવા દેને કાન;
વઢે છે, રવી અમને ભાણુ તા, ૧
બીવરાવો તે બીજી નારી નારી ખરું થો કું આરમપહાણુતા ૨

વંદ્રા વનની કુંજગલીમાં હલકું પીપળાયાનું પાન લા. ૩
બાઇ મીરાં કહે પ્રભુ ગરધર નાગર વાળ્યાં અખારા વાન.

ગરબી ૨ જી

કાન વાગ્યો હો જસોદાજી કાન માગ્યો હો
આજની રજની ધંગલેર રમતા,
પ્રભાતે પાછો લે. જસોદાજી ૧
કલાં કાળાંને અલુવટ વિહુવા,
હાર હઇયાના લે. જસોદાજી, ૨
હસ્તિને ઘોડા માલ ખજાના,
વહેલ સમજુતી લ્યો, જશોદાજી. ૩
મીરાંબાઇ કહે પ્રભુ ગીરધર નાગર,
ચરણ કમળ ચિત્ત લ્યો. જશોદાજી ૪

ગરબી ૩ જી

લીધુરે લટકે, મારૂ મન લીધુરે લટકે ટેક
વંદ્રાવનમાં વેણુ વજાડે,
વાંસ લણે કટકે મારૂં મન લીધુરે લટકે, મારૂ ૧
આંતાં કુંજ કર્યો ગીરધારી,
અમને માર્યો છે ઝટકે. મારૂ ૨
પાઘ પીતાંબર હરાએ પહેર્યા,
મોલી કુતો પીછુડે પટકે. મારૂ ૩

મીરાંબાઇ કહે પ્રભુ ગીરધરના ગુણ,
ચરણુ કમળ ચીત અટકે   મારૂં ૪

અરબી ૪ થી

મહી ઢળશે મારૂં મોહનલાલ મહી ઢળશે મારૂં.
લાખ બે લાખનું માટ નંદાશે શોભીતું મારૂં   મો ૧
તમે વનમાળી ન કરો આળી અમે વહુવારૂ   મો ૨
ફુલ પડે તેની ચોદશ ગુથે લોક બોલે ન્યારૂ   મો ૩
મીરાંબાઇ કહે પ્રભુ ગીરધરના ગુણચરણુ કમળ વારૂ મો ૪

ભાગ ૪ ચોથે.

અરબી ૧ લી.

(હારે ચાલો ડાકોરમાં જઇ વાસીએ એ રાગ)

હારે મારા સમ મોહન મળજો,
હારે મારી આશા પુરણ કરજોરે,   મારા ૧
હારે મારે બેર આજ નથી વાલા,
હારે મારા ઘર ભણી વળજોરે,   મારા ૨
હારે હું આવી પણ આપ મળયા નહીં,

હારે કહો ક્યારે હવે મળસોરે. માસ ૩
હારે હરભટના હરી છો રંગ રશીયા,
હારે મળી મટે દુઃખ મારૂં હરજોરે. મારા ૪

ગરબી ૨ ૭.

હાંરે લટકાળો ગીરીવર ધારી,
હાંરે મને મારી નેન કટારીરે લટકાળો ગીરિવર ધારી
હાંરે આજ મળ્યારે વહાલા જુમનાની તીર,
હાંરે એના રૂપ નરીક છબી ન્યારીરે. લટકાળો ૧
હાંરે સામળાએ કહ્યું સાનમાંરે,
હાંરે મારા પ્રાણ થકી ઘણા પ્યારારે. લટકાળો ૨
હાંરે હરિભટના હરિએ કર્યું કામણ.
હાંરે મારિ શુધબુધ સરવે વીસારિરે. લટકાળો ૩

ગરબી ૩ ૭

હાંરે મારાં સમ કહો મળજો
હાંરે પેલું વચન બોલ્યા તે પળજયોરે મારા ૧
હાંરે રસને આળ ન કરિયે વહાલા
હાંરે મારિ સાચિ વાત સાંભળજોરે, મારા ૨
હાંરે ઘણિ પ્રિત કર્યો પછી ગીરધાર,
હારે પેલા લોક હસાવ્યા ન હસજોરે. મારા ૩

હાંરે હરીભટના હરી છો હજુ કાચા,
હાંરે તે માટે પાછા વળજોરે ગારા ૪

ગ. બિ ૪ થી.

હાંરે જુમનાની તીરે વહુલે,
હાંરે જીવણને જોવા ચાલે. જુમ ૧
હાંરે જુમનાની તીરે વહાલો ધેન ચરાવે,
હાંરે મોરલી બજાવે નદલાલ, જુમ ૨
હાંરે ઘણું દહડે ગેર આવ્યા નંદ.રે જાઉ દેઉ
હાંરે માટે મનખા દહીંનો લાવો. જુમ ૩
હાંરે હરીભટના હરી છો રંગરસીયા
હાંરે માટે ઘેરાને ઘરમા ઘાલો. જુમ ૪

ગરબી ૫ મી

હાંરે ચાલો ચતુર કાંઈ લાજો,
હાંરે તમે આવી અમને શું બાઝોરે ચાલો ૧
હાંરે વળગ્યા જુમી ન કરો વહાલા,
હાંરે તમે શોર કરો શીદ ગાજો ચાલો ૨
હાંરે દેખે દુગીજન થઓ સમજાણા
હાંરે અમે લાજીએ ને તમે લાજો, ચાલો ૩
હાંરે હરીભટનાને હરીને કરીએ દુંકાણ,
હાંરે માટે હેત ઘણુંરાં અમને દાઝો, ચાલો ૪

ગરબી ૬ ઠી

હાંરે મોહન મળતા નથી હમને,
હાંરે વાલા ભાન શું આવ્યું તમને. મોહન ૧
હાંરે હું તો ઘેલી થઇ ઘર ધંધો ભુલી,
હાંરે આ તનમન સોંપ્યું તમને. મોહન ૨
હાંરે પ્રભુ મહે આગળે વ્યાકુળ થઇ છું
હાંરે માટે મળજો તાંતના અમને મોહન ૩
હાં હરી ભટના હરી ભજો તે
હાંરે હવે પ્રાણ તજું હું પલમે. મોહન ૪

ગરબી ૭ મી.

હાં વિઠલમાં વળગો હમને
હાંરે પ્રભુ લાજ નથી કંઇ તમને વિઠલ ૧
હાં સહુ સખીયો જાય જુજને રોકી
હાં કહો પરા કહું હું તમને વીઠલ ૨
હાં ગેર જઇ સહુ સખીઓ કહેશે
હાં તેની બીક ઘણી છે હરી મનમાં વીઠલ ૩
હાં હરીભટના હરી આજ જવાદો
હાં વાલા કાલે મળીશ તમને. વિઠલ ૪

ગરબી ૮ મી

હાંરે મોહનની મોરલી વાગી

હાં હું તો ભરનિંદ્રાથી જાગી મોહન ૧
હાંરે હુતો ઘરમાં સઉ નીંદ્રામાં મુકયાં,
હાંરે ગઈ સગીનો મળી જાંખડ ભાગી, મોહન ૨
હાંરે વાલા પ્રેમ ધરીને રાસ રમાડયા,
હાંરે મારા ભવની ભાવટ ભાગીરે. મોહન ૩
હાંરે હરીભટના હરીયે દીધાં દરશન
હાંરે મારી વૃદ્ધેની વેદના ત્યાગીરે મોહન

ગરબીઓ.

ગરબી ૧ લી

મારા મન ગમતાં મહારાજ, મારે ઘેર આવોરે,
હું તો તલખુ તમારે કાજ, હસીરે બોલાવોરે. ટેક
વીલમ ન કરશો વિઠલારે, આવો અમ ઘેર આજ
પેરપેરના પકવાન પકાવુ, ત્રીકમ તારે કાજ. મારે ૧
મનમાં હતુ જે માવજીરે, મુખથી કેમ કહેવાય,
આવી શકોતો આવજોરે, મારૂં જોતામાં જોબન જાય મારે ૨
આ જોને આંગણીએ ઉભા, રંગીલા રણછોડ,
રાઘેના સ્વામી પ્રભુ અંતરજામી, પુરો મારા મનના કોડ

ગરબી ૨ જી.

જેનો પેઉડા ને પરઘેર જાય, સખી શું કરીએરે,

અમથી એકઠડાં ન રહેવાય વિજોગે મરીએરે. ૨૯
રૂપ જોવંતા રશીયોં રૂડા, પરાણે કરે છે પ્રીત.
અણુ તેડયો આંગણીએરે આવે; એવી એની રીત. ૩૦
બોલાવ્યો બોલે નહરે, તેને કહીએ પેર;
શેરડીએ સામો મળેરે, ત્યારે નીચાં તે ઢાળે નેણ. ૩૧
છળભેદ છાનો રમેરે, અમને વાતડે વાય,
રાધેના સ્વામી પ્રભુઅંતરજામી, વાલા અરથ પડે ઓળખાય.

ગરબી ૩ જી

જાઓ જુઠડા બોલા કહાન, જાઓજી જાણુંપારે,
એવા ધુતારાના ઢંગ, પરઘેર માણુંયારે.
વાત જોવંતા રજની વીતી, આવ્યા ઉમગતે સુર,
કામણગારા કાનજીરે, વાલે અમને વીસાર્યાં છે દુર. ૪૦
પરનારી શું પ્રીતડીરે, કીધી ઠામોઠામ,
અહીં આવીને શું કરેરે જેનો ઘેર ઘેર હોય વિશ્રામ ૫૦
કોઈ મંદીરમાં કાનજીરે, કીધી લીલા લેહેર,
રાધેના સ્વામી પ્રભુ અંતરજામી, મેંતો જાણી તમારી પેર

ગરબી ૪ થી,

મને કૃષ્ન જોયાના કોડ, સઈયર ચાલોરે,
ઉમીયાજી લાગુ પાય, હરીવર આલોરે
દેરે દેરે દીવા કરૂંરે, પુજું શંકર દેવ,

શામળીઆ વર પામવાંરે, હું તો કરૂં શંભુજી શેવ,
ગોકુળની ગોવાલણીરે, હીંડે મલપતી ચાલ,
એના ઉપર મોહન મોહી રહ્યારે; એનું મુખડું તે લાલગુલાલ
સાસુ મારી જસોમતીરે, સાસરો શ્રી નંદ રાય,
કંથ કોડીલા કાનજીરે; મારૂં સાસરૂ ગોકુળ ગામ સ૦
કાળદ્રીને કાઠલેરે, નાહાતા નીરમળ નીર;
વસ્ત્ર તે વિઠલો હરી ગયોરે, હું તો શેણેરે ઢાંકુ શરીર, સ૦
ગાય શીખેને સાંભળેરે, રાણી રાધાજીનો રાસ,
નરનારી વૈકુંઠ પામશેરે, ગાય નરસઈયો તે દાસ સ૦

ગરબી ૫ મી,

તારી મોરલીએ મહારાજ, મન હરી લીધાંરે,
મારી ગઈ છે સુધને સાન, કામણ કીધારે
સાંભળતામાં સુધબુધ ભુલી, ને તનમન વ્યાકુળ થાય.
પુત્ર પતી પરીવાર સહુકો, મને મંદીર ખાવા ધાય મ.
અંતરમાં વ્યાકુળ થયારે, વિસરી ભોજન પાન,
અવળાં આંભુષણ પેહેરીઆંરે મેં તો નેપુર ઘાલ્યાં કાન મ.
સેંથે કાજળ સારીયાંરે, સિંધુર નયણે રેખ.
એકાએકથી ઉતાવળીરે, નીસરી આવી તે દેખાદેખ. મ.
સનમુખ આવી ઉભા રહ્યારે, નયણે નીરખ્યા નાથ.
લક્ષ્મણુન: સ્વામીને રંગે રમતાં મેં તો હરખે જોડ્યા હાથ.

ભાગ ૫ મો.

રાસ લીલાની ગરબીઓ.

ગરબી ૧ લી.

(જગમાં તે ઠરેરે જગતમાં જે જન બોલે જુઠું એ રાગ)

વનમાં લેઇ જઈને મુજને ભુલાવી કાનુડે ટેક

આંખ તણે અણુસારે મુજને, સાન કરી શમજાવી;
મેં જાણ્યું આજ રજની રમવા હેત કરી બોલાવિ વન ૧
મંદીરથી હું બહાર નીસરિ, આવિ એની પાસે;
હાર ઝાલિ મુજને લેઈ ચાલ્યો જાણ્યું કંઈ લઈ જાસે. ૨
અઘોર વનમાં ઉભી રાખિ, કહ્યું ખાવા કંઇ લાવું
સામગ્રિ બહુ ભાતભતની જલદીથી લેઇ આવું વન ૩
એમ કહિ આ મારગ ચાલ્યો, બોલો વેણુ રસાળુ
વાટ જોતાંમાં રાત પડિ ગઇ ઉભી રસ્તો નીહાળુ વન ૪
ઘન ગાજેને ઘોર અંધારિ, રાતે વીજળિ ચમકે;
હું અગરાણિ કાંઈ ના સુઝે કાળજડુ મારૂ ફટકે વન ૫
દાદુર મોર બપૈયા બોલે ઝરમર મેહુલો વરસે,

વન વગડામાં હુ એકલિ પિયુ વિના જીવ તલસે વન ૬
વંહેની જવાળા શરિરે વ્યાપી, તેથી થઇ હું ઘેલિ;
એક દુખમાં બિજુ થવું બાઇ, વરસાદે કરિ હેલિ વન ૭
ચાર પોહોર રાતે અથડાણી, ના રહી દુઃખની બાકી;
મયારામના પ્રીતમ સારૂ ફરી ફરી હુ થાકી, વન. ૮

ગરબી ૨ જી રાગ ઉપરનો.

હું તો એકલીરે, મુજને અંધાર વનમાં મેલી. ટેક
ગભરાણી મારગ ના સુંજે, અકળાવે જીવ જાશે;
અરે દઇવ મેં આ શુ કીધુ, પુઠે વાતો થાશે. હુ તો ૧
વેરણ મારી માવડી, મુને પેલેથી ના મ રી;
ઉછેરીને મોટી કરી, ત્યારે સંગ થયો ગીરધારી; હુ તો ૨
ત્યારે મુજને વનમાં લાવ્યા આ સુખને હું પામી;
કોની આગળ કરૂં વારતા દુઃખની નાં રહી ખામી હુ તો ૩
શું કરૂં હવે કોની પાસે, જઇ વીસામો ખાવુ;
રેણી નીરગમી રવી પ્રગટ થાયે, મારગ ચાલી જાવું હુ તો૪
શું જાણું એ કયાં ગયો, મુંને વન વગડામાં મેલી;
મુજ સરખી રસ્તે મળી મળી કોઇ રખડનાર અલબેલી ૫
તેનીવાંસે ગયો હશે એ કપટી કુંજ વિહારી;
મયારામનો પ્રિતમ પ્યારો, થઇ ગયો વ્યભીચારી હુ તે ૬

ગરબી ૩ જી.

મુજને ઠગો ક્યોંરે, પેલા નંદજીના છૈયે;
માત તાતનું કહ્યુ ન માન્યુ ન કરયું વારયું,
અઘોર વનમાં તેડી લાવી. કર્યુ પોતાનું ધારયું મુજ. ૧
મારાથી છળભેદ કરીને, ક્યાં ગયો શું જાણું:
રાતદીવસ વનમાં આથડવું, ધીરજ કેઈ પેરે આણું. મુજ ૨
અરે વીશભર આસું દીધું, કેઇ નારે ભમાડ્યો;
વહાલપણામાં વેર કરીને, ગયો તે પાછો નાઠ્યો મુજ ૩
તેનો શોચ ઘણેરો મુજને, મનમાં સમજી રહીયે;
સુખ દુખ કરમે ભોગવવું. તે કોની આગળ કહીએ મુજ ૪
શાને કાજે વેરી થઇને આ વનમાંય ભમાવી;
રસ્તે દુખ પામું ઘણું, એને દયા કાંઇ નાવી મુજ. ૫
એવો નીરદય થઇ ગયો, એને શીખામણ કોણ આપે,
શોક સમુદ્રમાં હું પડી, મ રૂં કાળજડું કાપે મુજ ૬
હે પરમેશ્વર કહુંછું તને, મહારે તે શું કરવું;
અકળામણ આવે ઘણી, આ જીવ્યાથી ભલું મરવું મુજ ૭
એક વિચાર મનમાંય. કરૂં જેહ વંદ્રાવનની વાટે,
મયારામનો પ્રીતમ મળશે, જમુનાજી ઘાટે મુજ ૮

ગરબી ૪ થી.

કાનો કયાં ગયોરે, અહિયાં કોણ અમારૂં બેલી, ટેક.
બીક ઘણેરી લાગે મુજને નીદ્રા નાવે જાગ
ગીરીવરધારી કુંજ વિહારી, ચરણે એને લાગુ. કાનો. ૧
શ્રી નારાયણ શ્રી પુરૂષોતમ વારે મારી ધાજો,
આ વનમાં અંધારી રીતે, સાહાય આવીને થાજો કાનો. ૨
રૂદન કરતાં રવિ પ્રગટ થયોને, લાગી તાલાવેલી,
ઘેર જતાં ઘરનાં સૈ પુછે, ગઇતી કયાં એકેલી, કાનો ૩
કસુંબે રંગેલી તારી, સાડી ચરણાં ચોળી,
વરસાદે ભીંજાઇને આવી, કોને રંગમાં રોળી. કાનો ૪
તે સારૂ હું ઘેર જઉ કયમ એકે દશા નવ સુજે.
કોની આગળ કરૂં વારતા, શરીર થરથર ધ્રુજે. કાનો ૫
એવામાં એક નારી લીઠી મહી વેચવાને જાતી,
ઉભી કહે બાઇ મારા સમ તુજને લીઠે છે મદમાતીસ ૬
કરજોડી તુજને પુછુ છું ખબર હોય તો કેહેને,
નંદજીના કુંવરની મુને ભાળ બતાવી દેને. કાનો ૭
હા બાઇ મેં હમણાં લીઠેલો, કદમ ખડીની પાસે,
મયારામનો પ્રિતમ તુજને, જલદી ભેગો થાશે કાનો ૮

ગરબી ૫ મી.

હું તો ગેલી થઇરે, પેલા કાહેનાને સંગે. ટેક

સખર મારી શું કહું તુજને દીલડાં કેરી વાતે,
સાન કરી મુજને તેડી ગયો, મંદીરમાં મધરાત. હું તો ૧
શું જાણું એણે શું કીધુ શું, મુજને ખરડાવ્યું,
શું ચેટક લગાડ્યુ મુજને, તેમાં ચીત ભરમાવ્યું હું તોં ૨
તે દહાડાનું મનડું કુટકયું, હો આગળ જઇ કહીયે,
અહરનીશા સમરણુ કરે એનું એ વિના કયમ રહીયે ૩
પ્રથમથી સો વાતો કરતા છે કાનુડો કપટી.
મુજને ભોળવી ભુરકી નાંખી, તેમાં ગઇ હું લપટી હું. ૪
નાત જાત મરજાદ તજીને, કોઇની બીક ન આણી
કામકાજ ઘર ધંધો ભુલી, લાલચમાં લોભાણી. હું તો ૫
બેની મારી વાત સાંભળી કોઇ દયા મન લાવો,
હરેક રીત એને સમજાવી મંદીર તેડી લાવો હું તો ૬
તો એની સંગે રમીને, દુઃખડાં મારાં વામું,
ચટટ મારા ભવનું દૂર થઇ સુખસાગરને પામુ હું તો ૭
તુજને મોકલું એ નહી આગે, એનો નહી વિશ્વાસ,
આયા શામના મિનમ વિના. હું ઘણી થઇ ઉદાસ હું તો ૮

ગરબી ૬ ઠી.

મુજને દગો કરીરે, પેલો કયાં ગયો કાનુડો. ટેક
પેહલેથી મુજને હેત દેખાડિ કપટે કરતો વાતો,

મુજ સરખી અલબેલી મુકી, પર મંદીરમાં જાતો, મુજ ૧
આંડું અવગુ ઘણુંય હેરૂ, કંઇ ન ફાવતો લાગ,
તહારા સમજો દેખું વાટમાં, ઉલાળી લેઉ પાગ, મુજ, ૨
શી એમાં એની તે શોભા કરતો નથી વિચાર,
હરિજન વ્રજના લોક જાણશે, હાંશી કરશે નિજનાર મુજ૩
જયાં મારે મંદીર, આવે, કરજોડી રહુ ઉભી,
કોઈ સોકયે એને ભરમાવ્યો, શા વાંકે મુને દુભી, મુજ. ૪
એના મનનું હારદ સમજી; વળતો ઉતર આપુ,
શા માટે નઘરોળ થઇ બેઠો તનમન એને સોંપુ. મુજ. ૫
માટે જઇ કહેજે કાનાને, થઇ રહજે હુંશીયાર
લોક લાજની ગરજ હોય તો મળજે એકજવાર. મુજ ૬
મારા મનમાં એવું આવે, એના ઉપર મરીએ,
નહીતો જોગ ધારણ કરીને વંદ્રાવનમાં ફરીએ, મુજ ૭
બહેની મારી વાત સાંભળી, કોઈ દયા મન લાવો,
હરેક તરહ એને સમજાવી; મંદીરમાં તેડી લાવો મુજ. ૮
એને શીખામણ દેઈ સમજાવે, તેની થઇ રહું દાસી,
મયારામના પ્રિતમની આ વિજમાં થાશે હાંસી, મુજ ૯

ગરબી ૭ મી.

(રાધીકાજી શ્રીકૃષ્ણને શોધીને રાસ લીલાનુ સુખ સંભારછે
ને છેવટે રામ કૃષ્ણનો સમાગમ થાય છે.)

વનમાં મુકી પડી, પેલો ક્યાં ગયો કાનુડો, ટેક
ઝરમર ઝરમર મેહુલો વરસે, પુરણ કીધી છે હેલી,
અંધાર વનમાં મુજને મેલી, ત્યાં કોણ અમારૂં બેલી વન
ગોકુળ ગામની ગોવાલણી, સહુ મહી વેચવાને ચાલી,
મારગ મળીયાં માવજી, ત્યાં ગોપી રાધે પ્યારી વન
મારગ મળીયા માવજી, મને રોત્રા સરખી કીધી,
માથા ઉપરની મટુકી મારી, ફુલારીને લીધી. વન ૩
જસોદાજી લાલ તમારે, આડા અવળી ચાલે,
સોળ સહશ્ર ગોપીમાં કાનજી, એમને માને ત્યાં માલે ૫
આગળ પાછળ મેહેલ તમારા, વચમાં અમારી મેડી,
અગાશીમાં અમેજ રમતા સાન કરી શીદ તેડી વન ૫
મોર મુગટને કાને કુંડળ, હરખે વાધે તાળી,
આગળ પાછળ ગોપી નાચે મધ્ય નાચે વનમાળી વન ૬
ભરી ખાતાં ભુદરજીએ, એવી માંચા કીધી,
હરીતો અંતર ધ્યાન થયા; એક મખી સંગ થે લીધીવન૭
પુરૂસોતમને પગલે પગલે, જોતી જોતી જાઉં.
નારાયણના દરશન વીણ હું આકુળ વ્યાકુળ થાઉં વન ૮
જોતામાં એક અબળા દીઠી તેને પુછી વાત,
રાધા કહે અભીમાન આવ્યું, ત્યારે તજ્યો અમારો હાથ
ઝાડે ઝાડે જોતી આવું જઇને ઝાલું હાથ,

તમારૂ જાણી ત્રીકમજીએ, પ્રેમે ભીડી બ.ય વન ૧૦
વંદ્રાવનની કુંચ ગલીનમાં મળીયા રાધે પ્યારી,
મયારામના પ્રિતમ મળતા. વેગા અમારી વારી વન ૧૧

ગરબો ૮ મી.

(રાધા કૃષ્ણનોસમાગમ થયા પછી રાધા શ્રી કૃષ્ણને કહેછે

વાલમ કયાં ગયાતારે સાચુ બોલો મારા સમ. ટેક.
છેતરપંડી કરી મુજ સાથે, મેં અવગુણ શો કીધો,
સાચુ બોલો કુંજબીહારી, કેઇ સંગે લાવો લીધો. વાલ ૧
તમારે સ્નેહે બંધાણી છેક માયા ઉતારી,
મુજ સરખી અલબેલી મુકિ, કેણ મળી ધુતારી વાલ ૨
હું ભરાશો પુરણ રાખી, તમ સાથે લોભાણી.
આ વ્રિજન નર નારીમાં હું, ગેર ગેર લવાણી. વાલા ૩
વેણુ વગાડી પમાડયાં, સરદ પુનમની રાતે,
હેત દેખાડી વાલમ અમને, રાસ રમાડયાં ખાંતે. વ'લા ૪
એવું સુખ આપી દુખ દીધું, શા માટે મોરારી,
હું અબળા નીરબળા રહુંછું, કેમ કીધી વિસારી. વાલ ૫
વાટ તમારી જોતા જીવણ, ચો દીશે જોઉ ન્યાળી,
બાર વન ચોવીસ ઉપવનમાં, દીઠા વનમાળી, વાલા, ૬
જેવું હેત તમારૂ હૈયે, તેવું મારૂ જાણો.

એમ કહી કંઠે કર નાખ્યો શીદ કરો છો હાંસી,
મયારામના પ્રિતમની હું થઈ રહી છું દાશી વાલ ૭

ગરબી ૯ મી.

ગીરધર લાલજી, સારી ગાવલડી સંભરાવો;
સાંજ પડે ઝભાતી લાવો, આડે ફડો ઢોવરાવો,
દુધ ભાતમાં સાકળ ભેળું વાળુ કરવા આવો, ગીર ૧
વ્હાલાને પરોઢે વહેલા ઉઠા. શેર વલોણું સાત્રા,
ઘી તાવણીમાં લોટ સેકાવ, ખાંડ ભેળીને ખાવા ગીર ૨
ઘરમાં નથી કોઇ ન્હાનું મોટું, કોઇની બીક ન ધરીએ,
એક રાતવાશો આવોતો બોલા ચાલી કરિયે. ગીર ૩
ગોવાળીયાને ગર્વ સો છે જે તેડે ત્યાં જઇએ,
નરસૈયાનો સ્વામી મળેતો, સો વાતે સુખીયાં થઇએ, ગીર૪

ગરબી ૧૦ મી [વાંસળીના આહેરિયાં.)

ધુતારા ધરણીધર તારી વાંસળીરે લોલ.
વાંસળીયે કંઇ વેલું કીધું ગામને ધુતારા ટેક.
સખી નહાતાં ધોતાં દહોતાં વલોવતાં નીસર્યાંરે લોલ
રળતાં પડતાં રડતાં મુકયાં બાળને. ધુતારા ૨
સખી આ શું સકરૈ જેક જેઠાણી નવ રહ્યાંરે લોલ;
કંથજીને ચડતી મુકી રીસને. ધુતારા ૩

સખી મધરાતે મોહનજી બેઠા કદમ ચડીરે લોલ;
ગોપીજનના હરીયાં છે કંઇ ચીરજો, ધુતારા ૪
સખી અવળાં વસ્ત્ર ને અવળાં આભુષણ પહેરીયાંરે લોલ.
કાન તણાં લઈ કેડે ઘાલ્યાં રોપેજો,
સખી રામકૃષ્ણ પ્રભુ ભલે પધાર્યા શેરીએરે લોલ,
ગોપીજનની પુરી છે કંઇ આશજો.

ગરબી ૧૧ મી.

હસવા સરખી હરીશું મારે ગોઠડીરે લોલ,
હસવા સરખું બ્રીજમંડલ શુભ ધામજો હસવા૦ ટેક
સખી નાહાતાંને જાતાંરે ગુણ ગોવીંદનારે લોલ,
સવા સરખું વંદ્રાવન શુભ ગામજો. હસવા ૧
તીરથ માંરે તીરથ કેશવરાયનુંરે લોલ,
પીવું મારે પ્રેમતણું રસપાનજો. હસવા ૨
પીત હમારી નીરમળ નંદકુંવરશુંરે લોલ,
બાત હમારી બુદરજીશું ભળતીજો. હસવા ૪
રામકૃષ્ણ પ્રભુ ભલે પધારયા શેરીયેરે લોલ,
ગોપી સઘળી ગુણ તમારા ગાયજો. હસવા૦ ૫

રાસ લીલાની સાખીઓ.

રૂડી શરદપુનમની રાતરે. સુંદીર વેણુ વાગે વેણુ વાગે.

મારે વાલોજી રમીયા રાતરે, સુંદીર વેણુવાગે વેણુવાગે ૧
વાલે નટવર ધરીયો વેશરે સુંદીર,
એના ઘુઘરીઆળા બેશરે. સુંદીર
ગોપી અતી ઉતાવળાં આવો મંદીર,
મોતી મુક્તાફળેજ વધાવેરે. સુંદર. ૩
દેહીની સુધબુધ સઘળી વિસારીરે સુંદીર;
નયણે નીરખ્યા તે શ્રી વનમાળીરે. સુંદીર ૪
ગોપી આવ્યા તે પુરણ પ્રીતેરે સુંદીર.
જઈ મળીયાં તે રંગની રીતેરે. સુંદીર ૫

સાખી

કેમ આવ્યાં તમે કામની એમ બોલ્યા જુગલકીસોર;
અડધી નીશાંએ વનમા આ વેળાએ ચાલે ચોરરે;
કામની કેમ આવ્યાં કેમ આવ્યાં;
આ વનમાં તે સું છે કામરે કામની;
તમો જાઓ તમારે ધામરે. કામની ૧
સહુ લોકમાં તો કલંક થાશેરે કામની;
આ ધર્મ તમારો જાશે, કામની. ૨
તમો ઘરનાં તજી સહુ કામરે કામની;
સ્વામી સુતા મુકીને ધામ, કામની ૩
શ્રી વલવ પ્રભુજી એમ કહેછેરે કામની;

પ્રભુ તમને ભાવન તજાવીયાં. પ્રભુ તજાવ્યો સંસાર
પ્રભુ તમોએ વનમાં તેડીયાં, પ્રભુ તમો કરોછો તુચ્છકારરે
શ્રી નંદલાલા નંદલાલા

તારી છેલાઈ જોઇને હું તો છાકી. શ્રી નંદના;
પ્રભુ આવ્યાં તમારે કાજ
અને આલો આનંદ રસ દાનરે શ્રી નંદના,
અને લાગ્યું તમારૂ ધ્યાન, શ્રી નંદના ૪
હમે શરણે આવ્યા તહારીરે શ્રી નંદના;
એ મોરલી સુણીને બીહારીરે શ્રી નંદના ૫

સાખી

વચન સુણી વ્રિજ નારમાં, થેઇ થેઇ રમીયાં રાસ;
રૂમઝુમ વાગે ઘુઘરી, વ્રિજ સુંદરીની પુરી વાલે આશ;
શ્રી ગીરીવર ગીરધારી ગીરધારિ,
વ્રિજ સુંદરીની સંગે વાલો ડોલે શ્રી ગીરિ
મુખે જેજે તે શબ્દ બોલે, શ્રી ગિરિ૦ ૧
મુખે ગાયને લેછે તાળીરે શ્રી ગિરિ,
એક એકની વચ્ચે હાથ ઝાલી શ્રી ગિરિ ૨
કોઈની સખિ તે વેણી ગુંથેરે શ્રી ગિરિ
કોઇ સખિ અધર રસ લુટે શ્રી ગિરિ ૪
ત્યાં જમુનાંજ વહે છે ગંભીરરે શ્રી ગિરિ,

જુવે તેનું મન થાય સ્થીરરે. શિ ગિરિ ૪
સહુ દેવતા ત્યાં જોવાને આવે, શિ ગિરિ
તેતો પુષ્પ થકિ વધાવે. શિ ગિરિ ૫
ત્યાં ચંદ્ર રહ્યો છે કરજોડી, શિ ગિરિ.
શું વરણવું બુદ્ધિ થોડી. શિ ગિરિ૦ ૬
પ્રભુ તે મોરલિ ધરિ છે. શિ ગિરિ
ખટ મહીનાનિ રજનિ કરિ છે. શિ ગિરિ ૭
સહુ રાસ રમીનેરે આવ્યાં રે શિ ગિરિ
તેનિ કોઇએ ન સમજી પેર. શિ ગિરિ. ૭
ધન્ય ધન્ય આ વિજનિ ભુમી. શિ ગિરિ
જુએ તેનું તો મન રહે તો ભી. શિ ગિરિ ૯
ધન્ય ધન્ય આ વીજનિ નારિ. શિ ગિરિ,
રાસ ક્રિડા કરે શિ મોરારિ. શિ ગિરિ ૧૦
જે ગાય શિખે આ રાસ. શિ ગિરિ,
તેહની શ્રી કૃષ્ણ પુરે આશ. શિ ગિરિ ૧૧

દાણલીલા ૧ લી.

રાધા—પાલવડો મેલો મોહનજી મારગડે મને જાવાદો
આવતાં આપીશ દાણ તમારૂ મહી મારૂં વેચાવાદો ૧
શ્રી કૃષ્ણ—વેચંતાં તને કોણ ખાળે છે, સાંભળનેરાધે ત્યારિ

મહી ગોરસનું દાણુજ દેની, વહેલી થાને વિજનારી
રાધા-નારીને તું ના બોલાવીશ, છાનો રહેને છોગાળા
કઠણ રાજ છે કંસરાયનું, ગઉ ચારંતા ગોવાળા
શ્રીકૃષ્ણ-હું ગોવાળીઓ તું ગોવાલણી,ફરી ગમે તો આવજે
કંસ સરીખા સો લીગાયતી, સાથે લાવજે. ૪
રાધા-તેડી લાવું હો મને જાવા, રોકી રહ્યા કો વિજનારી
રૂગનાથના સ્વામી સામળીયા, ઘેહેલા દીસો છો ગીરધારી
શ્રીકૃષ્ણ-ઘેલો છું પણ દાણ નહીં મુકું હોકડો આ એ છે
ગીરધારીએ ગોકુળ વાળું, ઇંદ્ર કરતાં કૃષ્ણ મોટા. ૬
રાધા-મોટા છું ત્યારે મથુરાં મેલી, અડધી રાતે શું આવ્યો
પરઘેર રહી તેનું, પેટ ભરતો, તનેદાણી કોને કહાવ્યો
શ્રીકૃષ્ણ-વાંકાબોલી વાર કરેછે રહેતો હૈયાનો હાર તોડું
દાણ દહીનું દેરે અબળા, નહીંતો માથાનુ માટ ફોડું.
રાધા-હાર નહી તુટે માટ નહી ફુટે નવા નગરમાં પુછાશે
રૂગનાથના સ્વામી સામળીઆ, કહોગોકુળકેમરેહેવાશે
શ્રી કૃષ્ણ-ગોકુળ રહો કે જાઓઅત્યારે,દાણ દહીનુંનહી મેલું
ચીર હર્યા તેયાં વિસરી, દાનડીઆ કારણ પેલું ૧૦
રાધા-નંદ તણે ઘેર નવલખ ગાયો,નોતું તે ધન ફાવ્યું છે
માતા તારી મહી વેચંતી, હમણાં રાજ આવ્યું છે૧૧
કૃષ્ણ-હમણાં હમણાં કરતી રહેજે,મેણાં દેતી મહીયારી

ધુતપણામાં છું ધુતારી. ઠગપણામાં છું ઠગારી. ૧૨.
રાધા-તું ઠગારો તારી માનોપાળેલો;તારી માનેમેણાંદેવરાવે
રૂગનાથના સ્વામી સામળીયા;ઝાઝું તે શું કહેવરાવે૧૩
કૃષ્ણ-કહ્યા પ્રમાણે લેવા નથી, પણ તું મોઢું નથી રાખતી
અમો છેયે રાજા મહારાજા, અમને નથી ઓળખતી૧૪
રાધા-ઓળખું છું તું આંગો નારી મહાવનમાં તું છાનોછું
જાદવકુળ મધે જન્મ છે તારો, નંદ તણે ઘેર નાનોછું
શ્રીકૃષ્ણ-માતા જસોદા મોહ્યાં બળ ભાગી, તેના અમોછીએ
: અધીકારી.
મોટા મુનીવર મર્મ ન જાણે, ગોકુળ વાસીએગઉચારી
રાધા-ગોચારી ગોપી ઘેર વળતાં,અમને હમે ઓધાર્યાં.
રૂગનાથના સ્વામી સામળીયા; તમે જીત્યા અમે હાર્યાં

દાણલીલા ૨ ૭

રાધા-તમે અજાણ્યા અમે જાણીએરે;
મારો પાલવડો નવ તાણીએરે;
તમે સમજી રહો મનમાંહરે,
સામળીયા વાલા રહો વેગળારે તમે વાલા રહે',
શ્રીકૃષ્ણ-નારી શું સમજાવે મુજનેરે,
હું તો નહીં રે જાવા દઉ તુજનેરે,
તારી મરદીને રાખીશ બાંહ્યરે,

મહીયારી રાધા દો દાણશુરે, તમે રાધા, ૨
રાધા=અલ્યા બાંહ્ય શું મરડે વીઠલારે.
મેતો તુજ સરીખા ઘણા દીઠલારે;
કપરૂં છે કંસનું રાજરે;
શામળીયા વહાલા રહો વેગળારે, શામળીયા ૩
કૃષ્ણ-નારી કંસ થકી થાયછેરે
એવા કંઈ આવેને કંઈ જાયછેરે
તારા ઉરના ઉતારીશ હારરે;
મહીયારી રાધા દો દાણશુંરે, તમે રાધા ૪
રાધા-અલ્યા હાર હૈયાનો તુટશેરે,
મારી મહીની મટુકી ફુટશે,
ઘેર સાસુડી દેશે ગાળ,
સામળીયા વહાલા રહો વેગળારે; સામળીયા. ૫
કૃષ્ણ- નારી ગાળને આળ તે નહી ચડેરે,
જેહેનું લેણું હોય લડેરે,
એમાં દાણ મેલ્યાં કયમ જાયરે, મહીયારી ૬
રાધા-અલ્યા કયમ જાયરે.
મથુરાંની ગોકુળમાં આવીયોરે,
ચારી નંદ તણે ગેર ગાય, સામળીયા ૭
કૃષ્ણ-નારી ગાય ચાર્યામાં શી લાજછે,

એતઃ પોત પોતાનું કાજછેરે

દાણલીલા ૩ ૭

તેનાં મેણલીયાં નવ હોયરે, મહીયારી ૮
રાધા=અલ્યાં મેણાં માણસને લાગે ઘણાં.
સુણો વઢતાં હોય જ્યાં બે જણાં,
તુને નીરલજને નહિ લાજ, સામળીયા ૯
કૃશ્ણ-નારી લાજે તે નવ સ,
અહીયાં બીક તે તું કોની ધરે,
આવ મળાયે આપણ જણ બેય, મહીયારી ૧૦
રાધા-એવું નીરલજમાં બોલો શામળા
તારા કરના ઉતારીશ આંબળારે.
મુકો મુકોને અમારો હાથરે, સામળીયા ૧૧
કૃશ્ણ-નાી હાથ ન મેહુ તાહારો,
અહીયાં અમલ થાય છે માહરો;
માટે દાણના દોકડા મેલરે, મહીયારી ૧૨
રાધા—અલ્યા નંદ બાવાનો તું છોકરો,
તારી પાસે નથી પસો રોકડો,
આવડો કેમ મચ્છર હોય; સામળીયા ૧૩
કૃશ્ણ-નાર જશુબાણુની તું છોકરી,

તારી પાસે નથી પૈ શેકડી,
આવડુ કેમ અભીમાન હોય; મહીયારી ૧૪
રાધા-હું તો વીનતી કરૂછું કયારની
સ્વામી જુગનાથ હરી તમ થકી,
મહિનું તે દાણુ નવ હોય, સામળીયા ૧૫

દાણલીલા ૪ થી

ગોપી-અલ્યા કાનજી તું કયારે ગેલો થયોજો
તું તો શેનું માગે છે દાણજો;
મહીની મટુકી મારી ફુટસેજો
ગોરસની થાશે હાણજો ગેલુ શું બોલે ગોવાળીયાજો ૨
અલ્યા ન જાણીશ કોઇ બાપડીજો;
કોઇ ચળશે માથાકેરી નારજો
મારગ મુકીને રહેને વેગળોજો,
મારા કંસને થાશે જાણજો, ઘેલુ શું બોલે ૨
કૃષ્ન-તારા કંસ કબુધી નર શું કરજો,
મારી સંગે છે સત્રળો સાથજો;
અલી દહાડી તે દાણ ચોરી જતીજો,
ઘણે દહાડે આવી મારી હાથજો
ઓછી તું જાત આહિરનીજો. ૩
ગોપી-અલ્યા હાથની તે હોંશ રખે રાખતો જો;

હાથે ચારી જાણું છે ગાયજો
પાલવ મુકીને રહે વેગળો જો;
મારા વ્રિજમાં થાશે જાણુંજો, ગેલુ શું બોલે ૪
કૃશ્ણુ—અલીવી જમાં દશને વેર વ.ળશુંજો.
રખે રાખતી હૈયામાં હામજો,
નંદજીના નામ પ્રતાપથીજો;
હું તો છેહું તારા કંસનો કામજો. ઓછી ૫
ગોપી—અલ્યા કંસે કર્યું તે કેમ વીસરેજો,
ભાઈ હણ્યા પોતાના ત્યાંયજો,
નાશીને છુટો લાડકાજો;
આવી ઉછર્યો છે વ્રજમાયજો, ઘેલું શું બોલે ૬
કૃશ્ણુ—વળી વ્રિજમાં વશીને વેર વાળશુંજો;
તું તો જોજે અમારા કામજો
અવનીનો ભાર ઉતારવા જો,
ધર્યું નંદકુંવર ઘેર નામજો. ઓછી ૭
ગોપી—અલ્યા સાચુ કહેતામાં દુઃખ લાગશેજો,
પેટ માટે ચ.રે છે ગાયજો;
તું આવડો મોટોરે એમાં થયોજો;
તુને કોઇએ ન આપી કન્યાયજો. ગેલુ શું બોલે ૮
કૃશ્ણુ—અલી આહીરની કન્યા અમો શું કરૂ જો,

અમો સદા કહેવાય બ્રહ્મચારજો;
રખે પડયો પાડતીજો,
તુંતો ધાબળીની ઓઢનાર જો. ઓછી૦ ૯
ગોપી—અલ્યા લાખ ટકાની મારી શોબડીજો,
હીરા જડોત્ર મારો છે હારજો;
ઓછી પટોળી મારે પરણુંજો;
તુંતો કામળીનો ઓઢનારજો \ગેલું શું બોલો ૧૦
કૃષ્ણ-જેનો બ્રહ્માએ તાણો તાંણીયોજો;
એનો શંકર સરીખો વણનાર જો,
તેને ઓઢણુ મારે કામળોજો.
તેનો શેષ ન પામે પારજો; ઓછી ૧૧
ગોપી-અલ્યા શેષ સરખું તન તાહારૂંજો
અમો ચંપક વરની નારજો,
અલ્યા કાયા કનકને વેર મળ્યું જો
તુંતો પશુ તણો પીંડારજો, ગેલું શું બોલે ૧૨
કૃષ્ણ—તું સાને નીસરી મહી વેચવાજો
અહી બેશી રહેજે ઘરમાંયજો
દોલત ઘણી છે તારા બાપને જો
તું શાને આવે અહીયાંયજો ઓછી ૧૩
ગોપી=આ વાટે સદા મહી વેચતાજો,

જઈ પુછો જસોદા માયજો.
બાંધી મુઠી સવા લાખનીજો,
ઉઘાડીએ તો પત જાય જો. ગેલું શું બોલે ૧૪
કૃશ્ણ—અતી ઘણી ઈચ્છા છે મહી અપવ.જો,
મીઠી મેળવણીનો સ્વાદજી;
ફીકું પડશે તો પાછું આપશુંજો
તું સાને કર વીવાદજો. ઓછી ૧૫
ગોપી—અલ્યા ગોરસ તણુ કોણ ગજુંજો,
જેટલું પીએ એટલું પાતજો;
વચને વેર બાંધ્યું ઘણુંજો,
કદી મન મેળાવો થાતજો. ગેલું સું બોલે ૧૬
કૃશ્ણ—અમે દાણને મશે સું દુભીએજો.
તું તો ઘણી દીસે છે રીસાંળજો
હસીને તાલી લે હાથમાં જો;
તું પ્રીત ધરીને રસ આપ્યજો ઓછી ૨૦
ગોપી—અલ્યા માગ્યાંમુક્તાફળ પામીએજો,
હઠ કરે કંઈ નહી એકજો;
લાજ નહી તુને લાડકાજો,
મને આણને કંઇ વિવેકજો, ગેલું સું બોલે૧૮
કૃશ્ણ—અતી વીવેક ઘણો છે મને મારશેજો,

જવા નહી દેઉ નીરધારજો,
આપ્યા વિના કેમ છુટશોજો,
તારા મનસું તું વીચારજો. ઓઢી૦ ૧૯
ગોપી–તારા મનનો વીચાર મેં જાણીયોજો,
હઠ શાને કરો છો આંય જો;
મનમાં મન માળી ગયું જો,
જેમ સાકર ભળે દુધમાયજો, ગેલું સુ બોલે ૨૦
કૃષ્ણ–મીઠાં વચન તારાં માનુની જો,
સાકર સરખા બોલજો;
પ્રીતનો બાંધ્યો તુજ પાસછું જો,
આ આપું તમોને ઢોલ જો. ઓઢી૦ ૨૧
ગોપી–રાઢ ભાગીનો રસ વાધીયો જો,
ગોવાલણી લાગી પાય જો
નંદજીના કુંવર કૃપાળને જો,
ઉલટ તો અંગે ન માય જો. ગેલું સું બોલે૦ ૨૨
જે કોઇ ગાય શીખેને સાંભળે જો,
તે ફરી ન આવે ગર્ભવાસજો;
દાણ લીલા દીનાનાથની જો;
ગુણ ગાય રતનીયો દાસજો. ગેલું સું બોલે ૨૩

દાણલીલાની સાખાઓ આહેરીયાં, ગરબીઓ વીગેરે ગોવાળીઆને.

શ્રીકૃષ્ણ–ઉચીને અલબેલડી, સાંભળને કહું વાત;
વંદ્રાવનને મારગ જાતાં, કોણ છે તારી સાથ,
ઊભીરે વ્રિજની નારીરે, પુછુ પરણી કે કુંવારીરે;
આંજ્યા વિના આંખડી કાળીરે, બાજુબંધ બેરખવાળીરે
રાધા–સાથવાળી તેને ગેર બેઠી, તારે શી પડપુછ;
મારગ મુકી રહે વેગળો તારે મોડે નથી મુછ
ચાલ્યો જા પાંસરીવાટેરે. સાંખુ નંદરાયને માટેરે,
તું તો ક્યાંનો કાનુડો દાણીરે, પાઉં તને પાદડે પાણી.
કૃષ્ણ–છે તારી જાતડી કીયુ છે તારૂ ગાંમ.
કોણ છે તારાં માત પીતા સું છે તારૂં નામ. :ઉભી ૩
રાધા—આહીરની અમો જાતડી, રાધા છે મારૂ નામ.
વ્રખભાણની હું બેટડી, રાધા છે મારૂનામ, ૪
કૃષ્ણ–બોલતી નોતી ને બોલવા શીખી આવડુ બોલી.આજ
વંદ્રાવનમા નીત્ય ફરે તુજને તે શાની લાજ ઉભી ૫
રાધા–લાજવાળાછો તે જાણુ ઢાંકી રાખો આપ,
વંદ્રાવનનો મારગ રોકિ નીત્ય તપાસો લાગ. ચા ૬
કૃષ્ણ–ઝાઝાં રાખે મેઢડાં ઝાઝી રાખે ગાય;

છાશ પીને મોટી થઇ ભરવાડની જાત કહેવાય

રાધા- ગોકુળથી આવી ગોવાલણી, મથુરાથી આવ્યો કાન
  મારગમા એકઠા થયા તું તો સેનુ માગે દાણ આ ૮
કૃષ્ણ-ગોકુળની ગોવાલણી, મથુરાંને મારગ જાય
  આડો કાન ફરી વળ્યો. તારો પ્રીતે પાલવ શાય ઉ ૯
રાધા—હમો બેટી ભખુભાણની રાધા મારૂં નામ,
  દાણ લેવાની ગરજ હોયતો આવજેગોકુળગામ આ૧૦
કૃષ્ણ-નંદબાવાનો હું નાનડિયો કાનજી મારૂ નામ પ્રમાણ
  દાણ લીધા વિના જાવ દેઉતો, નંદબાવાની આણ ૧૧
રાધા-આણતો માનું કંસની બીજી ન માનુ કોય,
  નવનંદ મારેનેસડેવસે, તારાંનંદ તે કોણજહોયઆ૦૧૨
કૃષ્ણ-કંસ તારો તે કોણછે, મેં વશ કીધો સહુ ઠામ,
  વીચારીને બોલજો તારી શુદ્ધ ગઈ કે સાન ઉભા ૧૩
રાંધા—સુંધ ગઇ નથી માહરી, તારી ગઇ જેમ હોય
  સાંભળ છૈયા નંદના તારેમન વિચારીને જોય
કૃષ્ણ-મનમાંહે તું શુ વીચારે રાધા દાણ લેવાનો સહી,
  તારી માને શું કહીયે તને વેચવામોકલીઅહીં ઉ૦૧૫
રાધા-આવો ગોપીના વાલ, સાંભળ કહું તે વેણ;
  તારી માને શું કહીયે, તારી પાસે ચરાવે ધેનચ ૧૬
કૃષ્ણ-મેણાં મેણાં કરતી રેજે; મહીવારી મદમાતી.

છાશ પીને તાડી કાઢે તું તો રંગે થઇ છેરાતી ઉ૦ ૧૭
રાધા– કાનજી કાળા ના કર ચાળા મોરલીયો વાળા,
અડધી રાતે શું નાઠા તમો ભરીને ઉચાળા ચા૦ ૧૮
કૃષ્ણ–દાણનાં દોકડા લેઇશું રોકડા બીજી ની કર વાત,
તારે મારે ઝગડો થયો ફાંડીશ મહીના માટ ઉ૦ ૧૯
રાધા દાણના દોકડા આપીશ રોકડાં બીજુ ન થાયે આળ
દાણ લંઘામાં શુ સમજે તું નાનું સરખું બાળ ૨૦
કૃષ્ણ–મહિયારી તું મહી માતી હું નાનું સરખું બાળ;
બાળપણું તુજને દેખાડું થાવા દે સંધ્યાકાળ ઉ૦ ૨૧
રાધા–સંધ્યાકાળે તું શું બતાવે સાંભળ કાળા કાનરે
મહી વેચીને આંવતાં આપીશ તહારૂ દાણ ચા૦ ૨૨
કૃષ્ણ–તું રંગીલી રૂપથી રૂડી હુ છબીલો કહાન,
મહી ખપે કે ન ખપે તું આપની મહારા દાણ ૨૩
રાધા–મહીના દાણ ના હોય મોહન મનમાં સમજો પેર
મહીપીવાનો ખપ હોય તો હરી આવજો મારે ઘેર ૨૪
કૃષ્ણ–કયારની મેણાં દેઇને કીધાં અદકાં વેર,
હેત કરી તું આપવા આવે હવે લાગે તે કડવાં ઝેર ૨૫
રાધા–કોહેતો હરી ઘેરથી લાવુ કોહેતો પાઉ આય
હિમાના સ્વામી સામળા તમો મનમાં ન લાવશો કાંય
આવો આવો નહના છૈયારે તમે ગોકુળના મહીયારે,
વાતતો વિચારીને કહીયેરે મારગથીઅળગા રહીયે ૨૬

ગોવાળીઆનાં આનારિયાં.

દુધ પીચો જાવાદો અમને, શાને રોકોછો વન,
એકલડી વન કેમ રહું, ધ્રુજેછે મારૂ તન, દુધ૦ ટેક
કુમળી આંગળી મરડાશે; મુકોની મારો હાથ,
હું આવી આગળ થકી, પુઠે આવે સૈયર શાથ. દુધ૦ ૧
દીઠશે પ જુવા પીયુ સાથ, ઉભા રહ્યુ નવ જાય;
નંદજીના શામ આગમા રહોતો, પરશું કેમ બોલાય દુધ૦ ૨
પીયુ મારો ચતુર નથી તે, તે શું જાણે ભોગની રીત
તેણે હું બીહું નહીરે, જે પુરૂષ કહેચી પ્રીત દુધ ૩
જે રસ જેણે ચાખ્યો નહીરે તે શું જાણે નેહ;
નેન નચાવેછે. ઘણા. હું બીહું નહી કાંઇ તેહ દુધ ૪
તમ સરખી હોય તેને સાહો; મુકોની મારો હાથ
બાળપણે એવું કરો જે; આગળ વાધે લાજ દુધ૦ ૫
શાહ પીતા પરણાવશેરે, ઉત્તમ સુંદીર નાર
પરની ઘર વસે નહી, એ વેદનો વહેવાર દુધ૦ ૬
સુખ ટળે શરીરનું જે, કોઇ ગું લાગે મન;
ચીતવ્યુ તો નવ પામીએ, જતી દેહીલો હરીજન દુધ, ૭
ચતુર હશે તે જાણશેરે, ચતુરાઇની પેર.
મેં મન તારૂં ઓળખ્યું; અવસર આવજો ઘેર દુધ, ૮

મારગમાં ન બોલાવીએરે આવતા દેખે લોક;
ભાલણ પ્રભુ રૂઘનાથજી, જુઠાં આળ ચડાવે લોક દુધ ૬

જાઓ નંદના ગોફાળીયાં, તું શેનુ માગે દાણ,
જો તું આવીશ ઢુકડો તો, કંસરાયની આણ જાઓ ટેક
ઘેર જઈ પુછ માતનેરે, છાશ વેંચંતી કાલ,
હાણી થઈ વનમાં રહયો કોની શીખ્યો તું ચાલ, જાઓ ૧
પાંપણ ઇપર પાઘડીને અણીયાળાં લોચન,
કરમાંકાળી કાંબળી, કાં વદે મીઠાં વચન જાઓ ૨
અગમાં મોડીશ આવડુ તું રાખજે તારો ભાર
ચંચળ ચાળા કહાના કાળા હુંતે તારીનહીનાર જાઓ ૩
મેં તને નીરમળ સાંભળ્યોરે, વસતો વંદ્રાવન,
ભરમે ભોળી ના જાણુતો અતી કઠણ છે મારૂં મન જાઓ ૪
પાધરે મારગ ચાલીયેરે, ગોવાળીયાની સાથ,
છેલપણું નવ કીજીએ; ભાલણ પ્રભુ કૃષનાર, જાઓ ૫

ઉભી રહે આહેરડી તું બોલની વાંકા બોલ;
તારી આંખડી તે મેં ઓળખીરે. અવરનહીકોનીતોલ ઉ. ટેક
મારગે છોડી અંબોડલોરે હીંડતી મોડામોડ;
શેરી જોઇને ચાલીએ ઘેર કંથ સારો હોય, ઉભી૦ ૧

સતી સામુ ન ભાળીએરે. નીચુ જોઇને ચાલ;
પરપુરૂષથી વેગળી રહે તેની આંખલડી ઓળખાય ઉભી ૨
હાણુ લાગે આ ઠામનુરે, અહી નથી કંસનો લાગ;
વણુ પ્રીછે આવે નહીં, આવે તો મારો ભાગ; ઉભી૦ ૩
આવતાં આવી કામની; હું જે માગુ તે આપ,
ભાલણ પ્રભુ રૂઘનાથજી, અંતર આણી થાપ ઉભી ૪

ઓરે આવરે આહીરડા મેં જાત તારી જાણી ટેક
જુલમ કરોછો જોરાવરારે કંશરાયને કહીસું
નીત ઉઠીને દુઃખ દોછો તારૂ ગોકુળ મુકીને જઈસું ઓ ૧
અમે હાની નંદરાયનારે મન માને તે લઇશું
કહેજે તારા કંસરાયને હમે ઉતર દઈસું; ઓ ૨
તું સરખા મારે ગેર ઘણાંરે અમને પાયે પાણી,
તારૂ બોલ્યું સાખુ હુતો નંદનો કુંવર જાણી ઓરો૦ ૩
પાધરે મારગ ચાલીએરે, ગોવાળાની સાથ,
છલપણું નવ કીજીએ ભાલણ પ્રભુ રૂઘનાથ ઓરો. ૪
છબીલા નંદનારે તારી ચાલનો ચટકોજો.
છોરાં આહીરનારે તારા મુખનો મટકોજો. ટેક.
ગટકો તારી સાલને પીલડીને ફંગરકોર,
છુમક છુમક ઘુઘરિ બાજે જે નમાં નાચે મોર છબી

તાણીને બાંધે પાઘડીરે ઢળકતો મુકે તોર
શેરીએ લડથડતો હીંડે મુખ મોરલી ધરંધો છબી ૨
મુખ દેખડાવીને ઘેલાં કીધાં જાણે હરખરાં ગોર;
ભાલણ પ્રભુ રઘુનાથજી મારા ચીતલડાંનાં ચોર છબી ૩
ભ્રખુમાન કેરી બેટી. રાણી રાધા છે મારૂ નામ,
દધી તણો જો ખપ કરોતો આવજો ગોકુળગામ ભ્રખુ ટેક
લંપટ સંપટ નાથજીરે કપટીયાળા કહાન,
દધી તણુ જો દાન લશોતો કંસને થશે જાણ ભ્રખુ૦ ૨
વંદ્રાવનની વાટમાં તમે શાને રોકોછો ઘાટ
તારી માતાનો આવડુ મોહું લેતી મહીનુ માટ ભ્રખુ૦ ૩
રાધા તો દાણ નહી આપેરે તમારૂં સુ જોર
પીતા મારો જો જાણશે તો કરશે પાધરા ઢોર ભ્રખુ ૪
સુધરેલ મારગ ચાલીએરે ગોવાળીયાની સાથ.
છેલપણું નવ કીજીએ ભલા પ્રભુ રઘુનાથ; ભ્રખુ૦ ૪
કાન-ઘુમટાવાળીરે આંજયાવિના આંખડી કાળીરે
ઉચીને અલબેલડીરે પાતળી પરિધાન.
જોબનીયાંનું જોરઘણું હું ઉતારૂં અભીમાન ઘુતા ૧
ગોપી—ન્હાની વયમાં નામજ કાઢયું લોક કરે વખાણ;
ન્હો પાયને આંખડી લાજે માંહો માંહે સું દાણ;
ચાલ્યો જા પાવરી વાટેરે સાંખશું નહના માટેરે. ચાકર

કાન—આ ગોકુળમા ઘણી વસે છે મોટી જાત આહીર
ંઉત્તવાર વાતે લજા શાની છે વઢકણાની રીત ધુતા ૩
ગોપી પાધરી વાટે તે લઢરે, જેને હોય બે બાપ
એ દાણુ સું લખાવી લાવ્યો કંસરાયની છાપ ચા. ૪
કાન—છાપતો તારો બાપ કરે છે સેંકડો ભ્રખુભાન
હમો કુંવર નંદરાયના ગણું કંસને ત્રણ સમાન ધુ.૫
ગોપી—સમજુ બોલો શામળારે હો સાથે શા લાડ;
ભીખ માગી તાગીને જીવવું માનો પરમેશ્વરનો પ ૬
કાન—ગોપી આળ દીયો અદકેરી છે જોરાવરનો જોરો;
ભીખ માગ્યાની પેર કહુ તું કાનધરની ઓરો ધુતા ૭
ગોપી—કાન ધરયાનું કામ સું છે સમજી મનની વાત
એવો કો દેખતી નથી જે અડકાડી શકે હાથ ૮
કાન—આવે નારી ઇંદ્રાણી તે, જાય મુકી માન;
તારૂ સર્વસ્વ લઉં સુંદરીતો, મારૂ નામ છબીલો કાન૯
ગોપી—દશ વરસનું છોકરડું ન ચોરી પીતો છાશ,
સરવસ્ત્ર આપું શામળા, તું આવ મારી પાસ ચા૧૦
કાન-તું મદમાતી મહીયારી, હુ નીકટ ન્હાનુ બાળ
બાળપણું તમને દેખાડુ થાવા દે સંધ્યાકાળ ધુતા.૧૧
ગોપી—વીવાદ કરતાં દીવસ વીત્યો અબળા આકળી થાય
પ્રેમાનંદ પ્રભુ જાવા દીયો, ગોપી લાગી પાય પા૦૧૨

ઉઢણીના આહારીયા.

વેગળો રહેને વરણાગીયા. ટેક૦
ઉઢણી લઈને કૃષ્ણ વૃંદ્રાવન ગયાતા,
હાંરે હુતે; ખોળીવળી તે નવખંડનાં જીરે વેગળો ૧
હારે અલ્યા મહીની મટુકી મારી ફુટશે
હાંરે મારી મોતન કેરી લટ ટુટશે જીરે. વેગળો ૨
હારે અલ્યા મોહન તારારે ફંદમાં.
હાંરે મારી દામણી ટુટી તે તારા છંદમાંજીરે. વેગળો ૩
હાંરે મારે લાખ ટકાનું ચીર પેહેરણું.
હાંરે અલ્યા ખેંચમાં ખેંચમાં ફાટશે જીરે વેગળો ૪
હાંરે અલ્યા લાલ છડીરે તારા હાથમાં
હાંરે મુને રોકી તે જુમનાં ઘટમાં જીરે. વેગળો ૫
હાંરે સવાલાખનો હાર મારી કોટમાં
હાંરે અલ્યા ાણુ માં તાણુમાં ટુટશેજીરે. વેગળો ૬
હાંરે અલ્યા દાસ રાજેના સમી રાંકડા,
હાંરે હું તો મોહી રહી મુખના આંકડાજીરે. વેગળો ૭
આજની ઘડીરે રળીયામણી,
હાંરે મારા વાહાજી આવ્યાની વધામણીજીરે આજ ટેક
હાંરે સોહાશોણુ પુરોની સાથીઆ.

હાંરે ઘેર ચલપતા આવે તે હરી હાથીયાજીરે આજ ૧
હાંરે સખી અ.લેરા વાંસ અણાવીએ,
હાંરે સોહાસેણ ચાર તેડાવીએ,
હાંરે મારા વાલજીને મોતીડે વધાર્વાએજીરે. આજ ૩
હાંરે સોહાસેણ મળજો જે ગડી,
હાંરે મારા પ્રભુજી પધારે તે ઘડીએજીરે, આજ૦ ૪
હાંરે અત્યા દાસ રાજેના સ્વામ ફાંકડ
હારોહુતો મોહી રહી મુઝના આંકડાજીરે. આજ ૫

ભાગ છઠો.

દાણલીલાની ગરબીઓ.

ગરબી ૧ લી.

હાંરે દાણ માગેરે દાણ માગે;
હારે તારી મીઠડીના બોલ બાણ વાગેરે દાણ માગે.
હાંરે કાન કીયાં મુલકનો સુબો,

હાંરે કાન મારગ વચ્ચે ઉભોરે દાણુ માગે ૧
હાંરે કાન કીયા મુલકનો રશિયોરે
હાંરે મારા મારગ વચ્ચે વશિયોરે. દાણુ માગે૦ ૨
હાંરે કાન કિયા મુલકનો દાણી,
હાંરે કાન મારી નવરંગ ચુંદડી તાણીરે, દાણુ માગે ૩
હાંરે કાન કિયા મુલકનો મેહેતો,
હાંરે કાન મારગ વચમાં રહેતોરે. દાણુ માગે૦ ૪
હાંરે કાન જળ જમુનાંરે આરે,
હાંરે એમાં કોણુ જીતે ને કોણુ હારે, દાણુ માગે૦ ૫
હાંરે કાન નથી સાકર નથી મેવા,
હાંરે ખાટી છાશમાં શું આવ્યો લેવાર. દાણુ માગે ૬
હાંરે મેહેતા નરસઈના સ્વામીને વારી,
હાંરે ગઉ ગોવાળીયામાં સારીર. દાણુ માગે૦ ૭

ગરબી ૨૭.

જવા દો મને શાને રોકો છો વાટમાં,
હાંરે દાણુ લેવા સરખાં નથી વાટમાં જવા. ટેક
આજ તો અમારે પ્રભુ કામનો દીન છે.
હાંરે મારે એકલા જવું છે નાતમાં. જવા૦ ૧
મારા રે સમ મારી આગેર નંદી.

હાંરે જળ ભરવાં જુમનાંની ઘાટમાં. જવા ૨
સઘળી સહીયરે. જુમનાંની તીરે
હાંરે તેને વચન આપ્યાં છે હાથમાં. જવા ૩
મોતીના નાથને સંગે લેઇને,
હાંરે મારે જાવું સહીયરોના સાથમાં. જવા ૪

ગરબી ૩ જી.

વાત કહું ઉભાં રહોને અલબેલી,
હાંરે હાણુ રીતનાં ઘટે તે જાઓ મેલી, હું વાંત૦ ટેક
ક્યાંથી આવો છો આજ રૂમઝુમ કરતાં,
હાંરે આજ ક્યાં છે સંગની સાહેલી, હું વાત ૧
ઘુંઘટ તાણીને શું જોરમાંરે જાઓછો,
હાંરે નથી દેતા જવાબ મન મેલી હું. હું વાત ૨
ધ્યાન ધરીને શું ધ્યાનમાંરે જાઓ છો,
હાંરે આજ બોલી કરવી છે મારે પેસેવી હું વાત૦ ૩
મોતીના નાથને તુ છું પ્યારી,
હાંરે ઘણે દહાડે થઈછું આજ ભેળી હું વાત૦ ૪

ગરબી ૪ થી.

જમીનપર જળનાં હાણુ કોણુ લેછે,
હાંરે નથી જાણ્યું લેવાવાળો રહે છે, જમીનપર ૧

નથીર સાંભળ્યું પ્રથવી ઉપર,
હાંરે લેવાવાળો અહીંઆ કોણ રહે છે, જમીનપર ૨
નીત્ય નવા નવા ચ.ળ: કરો છો,
હાંરે એવી કોણ શીખામણ દેછે જમીનપર ૩
વચન કાઢો છો પ્રભુ વઢયા સરીખાં,
હાંરે કોણ વસ્તી તમારીમાં રહે છે, જમીનપર ૪
મોતીના નાથને એમજ કહીને,
હાંરે ગોપી રસ્તો ગોકુળનો લેછે; જમીનપર૦ ૫

ગરબી ૫ મી

છબીલી દાણની રીત કોણે કહાડી.
દાણ આપો છબીલી લાડી; છબીલી ટેક
શ્રી જુમનાજીના મોટારે આરે;
હાંરે જળ ભરવાને આવો હડાહડી. છબીલી ૧
વંદ્રાવનને મારગ જાતા,
હાંરે હું તો લેઇશ લાગત મારી. છબીલી ૨
એવા વચન પ્રભુ કોઇએ ન સાંખે,
હાંરે એતો આંખે ને પરણી નારી છબીલી ૩
મોતીના નાથને સરવસ સોંપ્યું
હાંરે ગોપી હાજી કર્યા છે મોરારી છબીલી ૪

ગરબી ૬ ઠી.

હાંરે રસિયા મુને જાવા દીજે,તારૂં દાણુ થાય તે લીજેરે,
રશિયા મુને૦ ટેક.

હાંરે હું તો ગોકુળની ગ્રીજનારી હાંરે હું તોમહીવેચવાનેચાલી
રસિયા મુને ૧

હાંરે હું તો ભ્રખુભાનની છોડી હાંરે મારે માથે મહીની ગોળી
રશિયા મુને ૨

હાંરે મારી સંગની સાહેલીયોં ચાલી, હાંરે મનેરોકી રહ્યા
ગીરધારી; હાંરે મારગથી અળગા રહીજેરે. રશિયા૦ ૩
બાઈ મીરાં કહે પ્રભુ ગીરધર નાગર તનમનઅરપણકીજેરે
રશિયા મુને ૪

ગરબી ૭ મી.

હાં મારા ચીર દો વનમાળી, હાંરે હું છું અબળ નારીરે;
મારો ચીર ટેક

હાં વાલો ચીર કરીને કદમ ચડી બેઠા,
હાં હું છું જળમાં ઉઘાડીરે. મારો ૧
હાંરે ચિરકે બદલે પીતાંબર લેઉગી,
હારે જો જલસે હો જાઉ ન્હારીરે, મારો ચીર ૨
હાં યાહે પત્ર કરી નીકળી રાધે.

હાંરે કૃષ્ણ હસત દે તાલીરે   મારો વીર ૩
બાઇ મીરાં કહે પ્રભુ ગીરધર નાગર.
હાંરે તમો પુરૂષ હમો નારીરે   વીર૦ ૪

ગરબ ૮ મી.

હાંરે બેની આપનો શામ ખોટો,
કયા હોય દેઉ કુબજાકો   બેની આપનો ટેક
આપે ગએ કાગળ નહી જોજયો,
કયા કાગળનો ટોટો,   બેની આપનો ૧
ગોકુળ મેલી વાલો મથુરાં પધાર્યા;
ત્યાં માર્યો કંસરાય મોટોરે.   બેની આપનો
બાઇ મીરાં કહે પ્રભુ ગીરધર નાગર,
મારૂ મહી પીને થયો મોટોરે   બેની આપનો ૩

ગરબી ૯ મી.

હાંરે કુબજાને જાદુ ડારો
બસ કીનો શાંથ હમારોરે   કુબજાને જાદુ ટેક
જાદુક પુડીયાં બાભર મરી,
કયા કરે બાઇરે વિચારાડ,   કુબજાને ૧
આણી તેડ ગંગાને પેલી તેડ જમન
બીચમે વહે જળ ધાડરે   કુબજાને ૨
ઇશ ગોકુળ ઉસ મથુરાં નગરી,

જાવ પીયો જળ ખારોરે. કુબજાને ૩
કુબજાશે વાલો રંગે રમત હે,
હમકુ દુર કર ગયો ન્યારોરે. કુબજાને. ૪
બાઇ મીરાં કહે પ્રભુ ગીરધર નાગર;
આખર શ્યામ હમારોરે, કુબજાને૦ ૫

ચુંદડીની ગરબીઓ.

રશીયાજી મુકો હમારી ચુંદડી,
જવાદો જીવણ જળ ભરવા કાંજજો.
સખી કોપે છે વાર કયાં લાગી આવડી,
મોટી મોહન લોકડીઆની લાજજો, રશીયાજી ૧
ઘેરો છો મુજને જાણી એકલી,
પાછળ આવે સૈયરોનો સાથજો,
મનસુબો મનનો હું જાણી ગઈ,
એમ કરે નટવર નહી આવે હાથજો. રશીયાજી૦ ૨
દુરીજન કંઈ કહેશે મારા કંથને,
રસીયા તેને રીશ ઘણી છે ગનજો,
સાસુડી મુજને બહુ સંતાંપશે,
નણુદી મુજને કહેશે કઠણ વચનજો, રશીયાજી ૩
એવી તે વિદ્યા કોણે શીખવી,

નીત ઉઠીને આવડો શો ઉજમાતજો,
મોટપણુ મોટમ કંઈ આવી નહી,
છેલ તમારી ના ગઇ છોકરવાદજો. રશીયાજી૦ ૪
આઘા રહો અડશોમાં અલબેલડા,
આળ કરો ને સાંખે બીજી નારજો,
શાણા થઇ વળગો છો શા કારણે
હું નહીં રાખુ તમારો કાંઇ ભારજો રશીયાજી૦ ૫
ઘેર જઇ કહીશું તમારી માતને,
મુજ સાથે ના બોલો વાંકુ વેણજો,
પાતળીયા પાલવ મુકો માહરે,
ઉર ઉપર શા માટે નચાવો નેણજો રશીયાજી૦ ૬
આજ પછી તમ સાથે બોલું નહી,
ઢંગ તમારા જાણીઆ જાદવરાયજો,
શું કરીએ સામળીયા સાચુ કહું,
તમ સાથે મુજ મનડુ આતુર થાયજો. રશીયાજી ૭
વિધિ તો સફળ થશે મન રીઝવે,
.વ જાણો કંઇ પ્રીત કર્યાની રીતજો
શું સમજો ચારી જાણો આવડી,
ઘણી કઠણ છે પરશું કરવી પ્રીતજો. રશીયાજી ૮
સાન વીના કોઇએ ના બોલાવીએ,

માણુસ માંહી જાય પોતાનો તોલજો.
આંગળથી ચરચા જોઈએ તે તણી,
ત્યાર પછી મન ગમતાં કહીએ વેણજો રશીયાજી ૯
આતુરતા તમ કરમાં અમને ઘણી,
લાજ તજીને મુખડે ના મુકીયે,
પ્રાણ ગયા પ્રીત કરી ના કહેવાયજો
મારગ વચે રોકેથી સુ થાયજો રશિયાજી૦ ૧૦
વાલાજી વાર્યું તે કરીયે માહારૂ
કોણ વારની કહુંછું જોડી હાથજો;
મારગડો મુકીને અળગા રહો
કરજોડીને વીનંતી કરે રઘુનાથજો રશિયાજી ૧૧

ગરબી ૨ જી.

કાહાન કાળારે મારી ચુંદડીના ચોર,
છઈયાં નંદનારે મારા કાળજાની કોર કહાન ટેક
ચુંદડી ચોરીને પ્રભુ કદમ ચડયારે,
સાહેલીનાં સંગમાં મારી નજરે પડયા, કહાન૦ ૧
અજબ તરેહની ચુંદડીને માંહી કાચો રંગ,
વેગળા રહો વરણાગીયા સામ થાશે અંગ કહાન ૨
લાખ ટકાની ચુંદડીને છેડે કાચા રંગ,

શ્રીકૃષ્ણજી લાડ લડાવે તેમાં શાનો પાડ   ક્હાન ૩.
ચુંદડી આપી તો પ્રભુ પાયે લાગુરે,

ગરબી ૩ જી.

કૃષ્ણ બોલ્યાએ નીકળ જળથી તું બહાર
આપું ચુંદડીરે લેર લેને રાધા ઓ નાર
ચીરનાં વખાણ કરે માલ નથી એમાં
નગ્ન થઈ જળાં નહી દડ દીધો તેમાં   કૃષ્ન ૧
ચુંદડી તારીનો ખપ નથી મારે,
સહુ સખી બહાર આવો હયોને અત્યારે;   કૃષ્ન ૨
સહુ સખીએ વીચાર કર્યો જાવું હવે ઘેર
કૃશ્ન કેરૂ કહ્યુ માની કરીએ એવી પેર,   કૃશ્ન ૩
હારી સહુ બાહાર આવ્યાં દેઈને બેઉ હાથ,
ચીર આશા પુરી નરસઈયાને નાથ   કૃશ્ન ૪

નંદજીનો ગરબો ૧.

તમેરે નંદજી ગોકુળ સાંચરોરે,
ઉતારવો જુમનાંજીનો ઘાટજો
મારી માને નહી હોય ગોઠતુ રે,
જસોદા જોતાં હસે વાટજો   તમેર૦ ૧

ન કરે માત પિતા તે તમે કર્યું રે અમને બહુ લડાવ્યા લાડજો.
અમને નાનેથી મોટાં ક્યાં રે નાશાશા તેમાંનું પાડજો તમો
મારી છે પચરંગી લાકડી રે જારતી વેણુ રશાળજો
તેને તમે સંભારીને મુકજો રે રખે લેઈ જાતા ગોવાળજો તમે૦ ૩
મારી સહુ ગોરી ગાવડી રે તેને તમે હાથ ફેરવી, જોને જો
કહે રઘુનાથના સ્વામીનંદને રે અમ ઉપર કૃપાદ્રષ્ટે જોજો જે. ૪

ગરબી ૨ જી

નયણે નીરને નંદજી બોલીયા રે અમથી એકલડાં ન જવાય જો.
વાટડી જોતાં ને રોતાં હશે રે કાનજી ત્યાંય તમારી માયજો
હું તો રાખીશ મારા મનને રે તમારી માના મન કયમ રહેશે,
માટે ગોવીંદ ગોકુળ આવજો રે દુરજન મેણીલાં બહુ દેશે જો.
કહો કોણ વંદ્રાવન જઈ ચારશે રે સાંજે કોણ આવશે ઘેર જો.
હસતાં વાણુ ડીયે કોણ ઉઠશે રે કહો કોણ જાણે તમારી પેર જો
કુંવર કોને લાડ લડાવશું રે, કોને વજ્રગાગીડી શું દામી જો
કોને જમાડીને જમશું રે કહોને રઘુનાથના સ્વામીજો.

ગરબી ૩ જી

જશોદાજી પુછે પિઉને પ્રેમશું રે, નંદજી ઉત્તર ન આલે જો
મુખથી બોલે પણ બોલાય નહી, લાલતાં બોલડીયાં બહુ સાલે જો

કારણ કોને મારા કંથજીરે, કુંવરને ક્યાં મેલી આવ્યાજો
સરવસ સોંપ્યા વાસુદેવનેરે દુ:ખના મેરૂ ક્યાંથી લાવ્યાજો
આપણે મીત્રાઈ વસુદેવનેરે, આપણે ક્યાંનું હતું વેરજો
આવી આપણા સુતને લોળવ્યોરે તે રાખ્યો પોતાને ઘેરજો
કહો ત્યાં કંથ તમે નવ બોલીયારે, અમપર નજરનજોડીજો

ગરબી ૪થી.

વ્રજમાં વ્રજ વનિતા વાતો કરૂરે; મોહનજી મથુરામાંરહ્યાજો
અહીંના સુખમાં ગયોચારવીરે, બીજુ આહીરમાં રહેવુંજો
ત્યાં સહુ પુછીને વાતો કરૂરે મથુરાં નગરીમાં શુ કહેવુંજો
મથુરા નગરી હરીને મન વશીરે. બીજુ કંસરાયનું રાજજો
લક્ષ્મી દેખીને લલચાઈગયોરે, માટે ગોકુળ કીધું તાજજો
એ સુરત મનોહર શામળોરે સજની સૌંને લાગે મીઠોજો
એ રૂપનાથનો સ્વામી ગોવાળીયોરે ત્યાંતો રાજાથઇનેબેઠોજો

પરચુરણ ગરબીઓ.

ચંદ્રાવલીની ગરબી ૧લી

માથે મટુકીને મહીડાંની ગોળી મહીરે વેચે ચંદ્રાવળીરે
વેચતી સાચંતી નગરમાં પેઠી કાનુડો છેલડો સાહીરહ્યોરે
મેલોમેલોકાનજી જવા દોજીવજી આમપેર સસરોરીસાળવોરે

તમારા સસરાનેબીજીવહુવારે આણીઆલુ,તમથીઘુંઘટ તાણુ
અહકેરારે માથે ૧

વેચંતી સાચંતી નગરમાં પેઠી કાનુડો છેલડોંસાહીરહ્યાર
મેલો મેલો કાનજી જવાદો જાદવજી,અમઘેર સાસુરીસાળારે
તમારી સાસુને બીજી વહુવારેઆણી આધુતમથીપાયે પડ.
અડકેરારે માથે ૨

વેચંતી સાચંતી નગરમાં પેઠી, કાનુડો છેડલો સાહીરહ્યો
મેલો મેલો કાનજી જાદવજી અમઘેર જેઠ રીસાળવા
આપે અહકુ રે માથે૩

વેચંતી સાચંતી નગરમાં પેઠીકાનુડો છેડલો સાહી રહ્યારે
મેલોમેલોકાનજી જવાદો જાદવજીઅમઘેરદીયર રીસાળવારે
તમારા દીયરને બીજી ભોજાઇ આણી આલુ તમથી હોરી
ખેલે અહકેરાં રે માથે ૪

વેચંતી સાચંતી નગરમાં પેઠી કાનુડો સાહી રહ્યોરે,
મેલો મેલોકાનજીજવાદોજાદવજીઅમગેરનણુદી રીસાળવા
તમારી નણુદીને બીજીભોજાઇ આણીઆલુ, તમથી માથા
ગુંથે અહકેરાં રે માથે ૫

કડવે વચને ગોપીકા એમ બોલે, મેલો મારો પાલવનીરલજ
દુરજન દેખે તમે નહી લાજો છાતી ધડકે મારી માથે ૬

તોય ન સમજે છોગાળો છબીલો પાલવ સાહીઉભોરહયોરે
ચીર ફાડી ચંદ્રાવળીનાડી કાનુડોહાથધશીરહયો   માથે ૭

ગરબી ૨ જી અજવાળી રાતની.

આસો માસે શરદ પુનમની રાતજો,
ચાંદલીયો ઉગ્યો રે સખી મારા ચોકમાં   ટેક
સસરો મારો દેશસરનો દેવજો,
સાસુ રે દેરાસર કેરી પુતળી   ૧
જેઠ મારો અશાડીલો મેહજો
જેઠાણી ઝબુકે વાદળ વીજળી   ૨
દીયર મારો ચાંપલીયાનો છોડજો
દેરાણી ચાંપલીયા કેરી પાંખડી   ૩
નણદલ માહારી વાડી માહલી વેલજો
નણદોઈ તે વાડી માંહીનો વાંદરો   ૪
પરણ્યો મારો ચતુર સુજાણજો,
તાણીને લીધો નવરંગ પાઘડી   ૫
એ પાઘડીએ દશ દશ આંટાજો
આંટે રે નવરંગ પાઘડી;   ૬
ગોરીની પરણ્યા વહાણ કમાવા જાયજો
વહાણેથી લાવે રે ખારેક ટોપરા   ૭

ખારેક ખાય તો ખટકે ગોરીની દાઢજા
ટોપરૂ ખાય તો ગોરીને કુચા વળે; ૮

ગરબી રૂ જી જશોદાજી બાળ ભાવની.

દુરખેલન મત જાઓ મેરે લાલન દુર મીલેગો હાઉ ટેક
મચ્છારૂપ સંખાસુર માર્યો માર્યો વેદ છોરાઉ,
ચાર વેદ બ્રહ્માકો દીનો મેં તહાં ન દેખો હાઉ ૧
દુર ખેલન મત જાઓ મેરે લાલન દુર મીલેગો હાઉ
વારાહ રૂપ ધર પર્વત લાયે, પૃથ્વી દાઢ ચઢાઉ
બ્રહ્મા લક્ષ્મી નીશદીન આપે મેં તહાં ન દેખા હાઉ ૨
નરસિંહરૂપ અવતારમે, બડા અસુરકો ભે ઉપજાઉ
બડો દેવ હિરણ્યાકુશ માર્યો મેં તહાં ન દેખ હાઉ ૩
વામન રૂપ છળ્યો બળરાજા, પગલાં ત્રણ અડાઉ
ઇંદ્રાસન અવતારમે, ગડા અસુરકો ભે ઉપજાઉ ૪
ફરશુરામ અવતારમેં. દશ મસ્તક છેદી લાઉ
ક્ષત્રી મારી નક્ષત્રી કીધી મેં તહાં ન દેખા હાઉ ૫
રામચંદ્ર અવતારમેં દશ મસ્તક છેદી લાઉ
લંકા ખાખ કરડારી મેં, તહાં ન દેખા હાઉ ૬
જમનાકે તીર ધેન ચરાઈ ભુજા બાળી બીચદાઉ
શેષ પાતાલ કાળી નાગ નાંખ્યો મેં તહાંન દેખા હાઉ ૭

બાણકંથન બધો મન મોહન ભકતવત્સળ છેલગુંજાઉ
જમલા અરજુન વૃક્ષ ઓધારે, મેં તહાં ન દેખા હાઉ ૭
બાલાપણુમેં મૃતીકા ખાધી, ચઉદ લોક દેખલાઉ
સુરકે સ્વામી મેરી અદભુત લીલા મુખે કહી નવજાઉ, ૮

ગરબી ૪ થી.

હાથ વહુટી મારી મટુકી ફુટી, દધી વેચતાં છુટીરે
પીતળ લોટા જળે ભરાવવુ. દાણુતની ચતુરાઈરે હાથ૦ ૧
ચ ની તે પ્યાલા તેલે ભરવું, મરદની ચતુરાઈરે હાથ ૨
ત્ર બાકુડીઓ જળે ભરાવું નહાવણુની ચતુરાઈ હાથ ૩
શેવે સુંવાળી લાવશી રંધાવું ભોજનની ચતુરાઈ હાથ ૪
પાન સોપારી લવીંગ મુખવાસની ચતુરાઈરે હાથ ૫

ગરબી ૫

ઝુમકહાર સીદ તોડયો, હો રાજ મારો ઝુમકહારશીદતોડયો
હારની પડી છે ત્રણ ઓળો,હોરાજમારોઝુમકહારશીદ તોડયો
જળ જમુનાનાંજળ ભરવાગયાતાં ઘટ મારોશીદ ફોડયો હો૦
વંદ્રાવનને મારગ જાતાં કાંડુ ઝાલીને હાર તોડયો હો૦
વંદ્રાવનને ચોકે રમતાં કુડાં વચન કોણ બોલ્યો.
પ્રીત કરી પણુકરતાં ન આવડી નંદ આહીરનો છોરો હો૦
મીરાં કહે પ્રભુ ગીરધર નાગર આપ્યાને નટવર ઓરો હો૦

ગરબી ૬ ઠી.

ગગરી ઉતારરે વનમાળી મટુકી ઉતારરે વનમાળી,
ઉતાર ઉતાર ઉતાર જલદી ઉતારરે વનમાળી
મેરે શીરપર હોગઇ ભારી. ગગરી ઉ, ટેક
સુનેકી ગગરીને રૂપલા ઇંઢાણી ભરલાઈ રાધે પ્યારી ગ૦૧
જળ જમુનાકી ચીકણી મટુકીયાં લગલગગઇ રાધે પ્યારીગર
મેં પ્હેરી કસુંબલી સાડી, તેરે મુગટકી છબી ન્યારી. ગ૩
મેં પ્હેરી જરકસકી ચોળી, તેરે મોરલીકી છબીન્યારી,
મેં પ્હેરી મોતનકી માળા તેરે ગુંજ માળકી જબી ન્યારી
મીરાંબાઇ કહે પ્રભુ ગીરધરનાગર, ચરણ કમળપર વારી

ગરબી ૭ મી પરમેશ્વરને પુજવા વિષે,

(હુંતો ઇશ્વરને પુજવા નીસરીરે લોલ એ રાગ.)

શામ સલુણા કુંવર નંદનારે લોલ
તેં મને નાંખી ફંદમાંરે લોલ. ટેક
હુંતો ઝબકીને જોવા નીસરીરે લોલ
ઓઢવાનું અંબર વીસરીરે લોલ શામ ૧
હું તો આવડીને દોવા નીસરીરે લોલ
શેલો લીધો ને તામડી વીસરીરે લોલ શામ ૨
હું તો દરશન કરવાને નીસરિરે લોલ,

સાજુ પેહેર્યાંને ચોળી વીસરિરે લોલ શામ ૩

હું તો જુમના તે જળને ભરવા નિસરીરે લોલ

ગાગેર લિધીને ઘડો વીસરિરે લોલ શામ ૪

જમતાં તે જીવણ સાંભર્યારે લોલ

કંઠે ના ઉતરે કોળિયોરે લોલ સામ ૫

વલ્લભના સ્વામી શ્રી હરિરે લોલ

તનમનથી હું તમને વરિરે લોલ શામ ૬

ગરબી. ૮ મી.

શામળીલાલ સાસુડી સંતાપે કહો કેમ કીજીએ

ક્યાં જઈએ હરી ઘરમાં બેશી રહીયેતો રાંડ ખીજશે

મારી સાસુ પંખણી છે એવી નણદલને તારને હેઉ પહેલી

તે તો વાત નથી કહેવા જેવી. શામ૦ ૧

મારો સસરો સાધુ જન ઘણું, મને આશરોછે તેહ તણો

મારે જેઠ ઝાંપડો બુધિ વનો શામ ૨

મારો દીયરિયો હુલ્યા મેલો, તેતો લડાઇ કરવાસઉ પહેલો

એની દુષ્ટ બુદ્ધિ ઢાંકી મેલી શામ. ૩

જાણું સુટં વચ્ચે સોપારી હું તો અનાદના છું તમારી

પદ ગાગે વલ્લભ વીચારી શામ ૪

ગરબી ૯ મી.

ઓ જસોદાજી આવડો લાડકવાયો લાલ ન કીજીએ
ચાલો ત્યાં સુધી સુતના પ્રેમ ચરિત્ર દેખાડી દીજીએ ટેક
વાલે કાર્તિક કીધું મંદીરમાં
એણે માખણ પેંડા લીધો કરમાં
એણે માંકલડાં ઘાલ્યા ઘરમાં ઓ જસોદાજી ૧
વાલો સંતાડ્યા શોધી કાઢે
હોય ઉંચા પણ હેઠાં પાડે
એતો ખાય ખવરાવે ને વણસાડે ઓ જસોદાજી ૨
વાલો સુતાં વાંછડાં છોડિ મેલે
મારાં બાંધ્યાં બાળકનાં અંગ સોડે
દહીં ગોરસ દુધ થકી ફોડે ઓ જસોદાજી ૩
દયા પ્રિતમના સ્વામી રશીયા
દહી ગોરસપર આવે ધશીયા;
ધન્ય ભાગ્ય અમારૂં વ્રજમાં વશીયા ઓ જસોદાજી ૪

ગરબી. ૧૦ મી.

ઓ છોગળી અંબોડા ગુંથીને વાંકો મેલ તું
તું મુકીદે વાંકપણું તારૂં રંગમાં રેલશું
તું વરણાગીમાં છે વાંકિ તને મારગ જાતાં મેં ઝાંખી,
તું સમજી લેને જા સખીશુ થી ઓ છો૦ ૧

શણુગાર સજી આવોને તમે મારા મનમાં ભાવોને
તમે કોઈ સંગાથે કાવીને   આ૦ છો ૨
તારો લટકો જોઈને લોભાયે; હું નંદ જસોદાનો જાયો
સખી દયા પ્રિતમને શેરાયો,

ગરબી. ૧૧ મી.

તમને સું કહીએરે કામણગારા છો;
ગોપીજન વલ્લભરે પ્રાણ હમારા છો,
પુછુંછું તમને સાચું કહો અમને,
મારા સમ મોહનરે નહીં ભુલુ તમને,
હૃદયાપર હાજરરે, ખાતે ખુપ્યા છો
તમ સરખા જીવણરે કાંઈ ખેદ ખુપ્યા છો
આ દુરંબળ રાતારે, ચંદન ચળકે છે,
મુખને તંબોળે લલાટ લટકે છે,
આ તે સું અચરતરે આવા શેજ ડીયે:
રણછોડના સ્વામીરે અચરતની ઝડીએ,

ગરબી. ૧૨ મી.

વારૂં છું વાલામાં અમને અડશોમાં
વાટેને ઘાટેરે અમને વહશોમાં
અમે વહુ વારેરે લાલ લાજ ભર્યા
બોલતાં બીજેરે કંથે કેદ કર્યા,

સાસુડી સુણશેરે નણુદલ નાની છે
પ્રીતલડી છે પણરે તમસુ છાની છે
જો જણાવોરે આવડાં વાંલાજી
તમે કોના કુંવરરે, કહો અમને લાલાજી,
પાળેલા કહીનેરે સહેશ આદ કરે,
એમાં શા તોલજરે, પરઘેર પેટ ભરે,
મનગમતા કીધાંરે લજ્યા લોપીને,
રણછોડના સ્વામીરે ધન્ય આ ગોપીને.

ગરબી ૧૨ મી.

આવના આવના આવનારે શામ મેરી ગલીમે આવના
આવના તો હુરશે બતાવનારે શામ મેરી ગલીમેં આવના
તેરેરે ખાતર બાગ બનાયારે ફુલેકુ હાર ગુથાવનારે શા૦૧
તેરેરે ખાતરે દહી જમાયારે, પ્યાલા ભરી પાવનારે શા૦૨
શેવ સુવાળી લાવશીરે, રૂચી રૂચા ભોગ લગાવનારે શા૦૩
લવીંગ સોપારીને એલચીરે, પાનુકી બીડીયા ચાવનારેશા૦૪
બાઇ મીરાં કહે પ્રભુ ગીરીધર નાગર ચરકમળ ચીતલાવરે

ગરબી ૧૪ મી છેલનિ.

હારે અલ્યા વાંકી ન પહેરીએ પાઘડી
હારે તારી પાઘડી પાટુઓ ખવરાવસેરે વેગળો રહેને વર

હાંરે અલ્યા નેન કટાક્ષ નવ નહી કીજીએ;
હાંરે તારાં નેણુમાં તે મેણા મરાવશેજી   વેગળો ૧
હાંરે અલ્યા બંગી લેલાટ નહી લેખીએ,
હાંરે તારા બંગી તે કુઢંગીમાં કડાવશેજીરે,   વેગળો, ૨
હાંરે અલ્યા પાન બીડાં નહી ચાવીયે,
હાંરે તારાં પાન તે આન ઝુલાવશેરે   વેગળો ૩
હાંરે અલ્યા વગર વીચાર્યું નહિ બોલીએ,
હાંરે તારૂ તોલ બોલવા થકી થશે જીરે   વેગળો ૪
હાંરે અલ્યા વીશેષ કેશ ન વધારીયે
તારા કેશ ને વેશ ભજાવશેજીરે;   વેગળો ૫
હાંરે અલ્યા કડકડતાં કેડીઆં ન પેહેરીયે
હાંરે તારાં કેડાયાંતે બેડાંયાં ઘલાવશેજીરે   વેગળો ૬
હાંરે અલ્યા વેઢ મહીશ નહી આંગળાં
હાંરે જશે વેઢ બનીશ ઠેઠ અેરો જાંગલાજીરે;   વેગળો ૭
હાંરે અલ્યા હીરકોરી ધોતીયાં ન પેહેરીયે
હાંરે તારા ધોતીયાં તે ધુળ ઘલાવશેજીરે   વેગળો ૮
હાંરે અલ્યા ચમચમતી મોજડી ન પેહેરીયે
હાંરે તારી મોજડી તે રેઝડી કરાવસેજીરે   વેગળો ૯
હાંરે અલ્યા ખભે દુશાલા નહી નાંખીયે.
હાંરે તારા દુશાલા તે નામ ડબોવશેજીરે   વેગળો ૧૦

હાંરે અલ્યા અત્તર ફુલેલ નહી વહોરીયે
હાંરે તારી ફુલેલ તે તેલ કહાવશેજીરે, વેગળો૦ ૧૧

ગરબી ૧૫ મી.

મારૂ શોનાનું છે બેડું રે, છેલ છબીલા છોગાળા
મારી રૂપાની ઈંઢાણી, છેલ છબીલા.
હું તો સરોવર પાણી ગઇતી; છેલ છબીલા.
મને કાળે બળદે મારીરે, છેલ છબીલા.
મારાં આછા સાળુ ફાટયા, છેલ છબીલા.
આ ગોકુળ ગામના હ[illegible]જીરે; છેલ છબીલા.
મારા આછા સાળુ, છેલ છબીલા
મારી સાસુ ન જાણે શીવ્યા, છેલ છબીલા
મારી નાણંદ ન જાણે ઓટયા. છેલ છબીલા
મારી જેઠાણી ન જાણે ટાંકવા, છેલ છબીલા
તારો સાંધવાનો સંચો, છેલ છબીલા
તારો ઓટયાનો હું[illegible]યે, છેલ છબીલા

ગરબી ૧૬ મી.

મારે સ્વામી બોહોને વાલા;
જસોમતી નંદતણા લાલ, મારા ટેક
ઘેલીરે થઈને ગોકુળમાં ભમતી,

બીજારે કોઈની વાતો નથી જમતી. મારા ૧
એવીરે તમને કાણુ મળી ધુતી,
જેણુંરે તારૂ ચીતડુ લીધુ લુટી, મારા ૨
વાલારે તારી વાટલડીર જોતી,
આંસુડાં ભરીભરીને રોતી, મારા ૩
મુંડારે લોકે ભરમાવ્યારે તમને;
તેથી તમો મળતા નથી હમને મારા ૪
વાલારે તમને કશુ નહી કહીશું,
મોહન તારી મરજી મુજબ રહીસું. મારા ૫
જાણુરે હવે શું કહીએ તમને,
મોહનવર મેહેર કરો હમને, મારા ૬
એવું સુણી આવ્યા ગીરધારી.
દીધુ આલીઘન ત્યાં મોરારી, મારા ૭

ગરબી. ૧૭ મી મેદી વિશે.

મેદી મેદી શું કરોને મેદી મોટાં ઝાડ
એક ડાળુ હલાવીએ તો, ડાળા હાલે ચાર સહીયર,
મેદી લેશોર.

મારી સાસુએ એમ કહ્યાં જે વાંસીદાં વાળી મહેલ
મેં બાળીએ એમ સાંભળ્યાં જે કચરા વેદી મેલ

મા઼ારી સાસુએ એમ કહ્યાં જે પાણી ભરી મેહેલ;
મેં ભોળીએ એમ કરતાં જે બેડાં ફોડી મેલ સહીયર
મારી સાસુએ એમ કહ્યાં જે રાધણાં રાંધી મેહેલ
મારી સાસુએ એમ કહ્યા જે રોટલા ઘડી મેહેલ;
મેં ભોળીએ એમ સાંભળ્યા જે કહુલેડાં ફોડી મેહેલ

ગરબી ૧૮ મી ફકીરીની.

લેતાં ફકીરી કયા દીલગીરી, સદા મગનમેં રહેનારે. ટેક
કોઈ દીન પેંડા કોઈ દીન બરફી કોઈદીન ફકમ ફકારે લેતા
કોઈ દીન હાથી કોઈ દીન ઘોડા કોઈ દીન પાકશે ચલનારે
કોઈ દીન બંગલા કોઈ દીન બગીચા કોઈદીનજંગલ ડેરા.

ગરબી. ૧૯ મી ચોરના બેસણાની

હાંહાંરે કે ચોરાં છોબનીઆ હાંહાંરે કે બેઠક મોટાની,
હાંહાંરે કયા બેઠા છે, હાંહાંરે જીવણભાઇ બેઠા છે,
હાંહાંરે મોડાતે પાન આપે,હાંહાંરે કે પાનઆપતાંવારલાગી
હાંહાંરે કે સોટીઓ સાત મારી, હાંહાંરેકે ટપલા ત્રણમાર્યા
હાંહાંરે કે ઢીકા નવ માર્યા હાંહાંરે કે સાચમા શા માટે,
હાંહાંરે કે તેણુ મને મરાવી,

ગરબી ૨૦ મી ખતરણની.

ખતરીવાડાની ખતરણ લાલ હું બોડારે

ખતરણુ આવી બેઠી ગોખ લાલ હુંબોડારે,
તે તો મોડાતીની શાક લાલ હુંબોડારે,
બાઇ છાના પેંડા લાવે કે લાલ હુંબોડારે,
પેલી ખતરણુને ખવરાવે કે લાલ હુંબોડારે,
મોહુ છાતી બારીએ બેસી રૂએ કે લાલ હુંબો ડારે
એની સાસુ આંસુ લુહે કે લાલ હુંબોડારે,
વહુ ગર આવડી શી છે પેર લાલ હુંબોડારે,
ખતરણુ હાલે જાશે ઘેર લાલ હુંબોડારે,
આપશું કરીશું લીલા લેહેર લાલ હુંબોડારે

ગરબી ૨૨ મી.

અચકો મચકો કારેલો
તમને કઇ વહુ ગોરાં ગમશે લાલઅચકો મચકો કારેલો
અમને રૂપી વહુ ગોરા ગમશે રાજ અચકો
એ ઠીંગણીને શું કરશો રાજ,
એ ઠીંગણી ... ... લુગારી રાજ, અચકો
એને ઉચી ઉચી મેડીએ બેસાડીસુ રાજ,
એને ટોપલા વાસણ ઘાલસું રાજ અચકો

ગરબી ૨૨ મી.

સુણ ચતુર સુ જાણુ પરનારી સું પ્રીત કણુ નવ કીજીએ
જેણુ પ્રીત કરી પરનારી તણુ એને ઉઇડે રૂપણુ ઘણુ.

એણુ કુળની લજ્જા કાંઇ ન ગણી; સુણુ ૧
તમે પહેલાં મળશો હુરીને તારૂં સરવસ લેશે ધુતીને..
પછી રહેશો અંગ ભભુતીઉં, સુણુ ૨
તમે બેઠા મુછોં મરકીને તારૂ કાળજુ ખાશે કરડીને.
નહી મુકે માંસ આતરડી. સુણુ ૩
તને પ્રેમના પ્યાલા પાઇને તારૂ સરવે લવે વાઇને,
તને કરશે ખોખુ ખાઇને સુણુ ૪
પ્રીતમના સ્વામી છો પ્યારા તમને ગોપીઓ કરે કાલાવાલા
તમે દરશન દ્યોને મોરલીવાળા.

ગરબી. ૨૩ મી

ગરજીરે તમને દીઠા તે ગીરધારી
મતલબ ળીયા છો મોહન મોરારી . ગરજી ટેક
માને માયા લાગી છે તારી
મારે મન ઝાઝી છે મોરારી
વાલારે મને શા માટે વિસારી ગરજી ૧
પેહેલીરે મને ખબર આવી પડતી
એની સાથે પ્રીત નહીરે કરતી
વાલા તો મને મેલી ગયા રડતી ગરજી ૨
મેતોરે જાણ્યુ ઉજળુ તે દુધ હશે

તેનેરે ભાવ વાહી મને છાસે
રહીતી હું તો તારે વિશ્વાસે ગરજી ૩
જસોદાના કાન તમેરે કાળા
ક્યારે બહુ આંખ્યો તણા ચાળા
તે પર હું તો મોહી છું નંદલાલ ગરજી ૪
હવેરે હરજી ગણું થયું ગીરધારી,
ક્ષમા કરો ચુક થઇ છે મારી.
થઇને રહીશું દાસી હુ તમારી ગરજી૦ ૫
પ્રીતમના સ્વામી મને મળીયા;
દુઃખરે મારા જનમ તણાં ટળીયાં,
ગોપીરે સહુ આનંદથી મળીયાં, ગરજી ૬

ગરબી ૨૪ મી.

નહી મેલુંરે નંદલાલ છેડલો નહી મેલું,
તારે છેડલે ચંપા છેડલો નહી મેલું
સાત પાંચ ગોપીઓ ટોળે મળીને વચમાં કાનડ કાળોરે
કાળો છે પણ કામણગાળો એની આંખડીનો ચાળો છેડ ૧
વાંકી મેલે પાઘડીને કાને જુઠાં મોતીરે
જેનો વર વરણાગીયો હેની બાયડી હઇડે રોતી
કચકડાની ડાબડીને માહી ભરિ છે મેશરે.
જેનો વર વરણાગીયો તેની બાયડી કાળિ મેશ; છેડ ૩

કેળાં પીરસું કાતરીયાંને આંબા પીરસુ ગોળિરે;
મન ભાવતો મઅફળ પીરસું પુરણ ચોળી છેડ ૪
સુંબાઇની ઉચી નારી ઘોળકડી ધુતારીરે:
નડીયાદનું નાવ વીહાણું શોરઠની બલીહારી છેડ ૫

ગરબી ૨૫ મી.

કાળજડું મારે કોર્યું છેલ છબીલા ટેક
તે તો ચીતડું મારે ચોર્યુંરે રાજ રંગીલા;
વાલાજી અમે ગોરી સહુ ગુમાને ભરેલી,
તેતો સઘળુ નાંખ્યુ ઢોળીરે છેલ છબીલા ૧
વાલાજી રીતે તો સ્ત્રીના પુરૂષને પીડે
તું સહુને દમવા હીડેરે છેલ છબીલા ૨
વાલાજી નરની મોહની નારીને વાત સાચી;
તુજ આગળ વિદ્યા કાચીરે છેલ છબીલા ૩
વાલાજી અબળા આતુર પણ આતુરતાં નવ દાખે,
ક્રીડા ભંગ કરિ નાંખેરે છેલ છબિલા ૪
વાલાજી મારા ચિતડાની વાત કહું છું છેલી
તુજ માટે લાજ્યા મેહેલીરે છેલ છબિલા ૫
વાલાજી મારા દયાના પ્રભુ મંદીરમારે આવો ભાગ્ય મોટું
સેજડી પાય પલોટુંરે છબિલા ૬

ગરબી ૨૬ મી,

મને મળિયા તે મોરારિરે પનઘટ જાતાં.
મારિ આંખલડિ તો ઠારિરે પનઘટ જાતાં.
વાલોજી મારા ઓચિંતાની આવિરે ગોરિ; ટેક
જમુનાની તીરે ઓડિરે પનઘટ જાતાં,
વાલાજી મારા આવિ ઉભા છે મારા જોડ,
બેડલીસું મારે ફોડેરે પનઘટ જાતાં ૨
વાલાજી મારા હાર હજારિનો તોડયો
મારો પોંચે સાહિને મોડયોરે પનઘટ જાતાં ૩
વાલાજી મારિ સસુડિ ઘેર સંતાપે;
મારિ નણદી બહુ રંજાડેરે પનઘટ જાતાં ૪
વાલાજી મારારવિદાસના છો રંથિ,
મારા જનમો જનમના સંગીર પનઘટ જાતાં ૫

ગરબી ૨૭ મી.

અમને છમકેલ સું છેડોરે છેલ છબિલા
આવડો અમ ઉપર સું આડોરે શાજ રંગિલા
વાલાજી મારા મટકે સંભાળિને ચાલો;
ગોવિંદજી આશો ગાગોરે છેલ છબિલા ૧
વાલાજી મારા હેરખિયા આવીને સું હેરો,

કાંઇ રાજ કંસ કેફરે છેલ છબિલા ૨

વાલાજી મારા ચમકતી ચાલે રંગ લાગ્યો

મારે ભય તો સહુતો ભાગ્યોરે છેલ છબિલા ૩

મહિની મટુકિ મારિ ફુટે.

કાંઇ મોખત માળા તુટેરે છેલ છબીલા. ૪

વાલાજી મારા આંખ દીશે છે કામણગારી.

તેને મોહી છે વ્રજની નારીરે છેલ છબીલા. ૫

વાલાજી મારા સ્વામી રવીદાસના સોહાગી,

અને પ્રીત તમારી લાગીરે છેલ છબીલા ૬

ભાગ ૭ મો.

ગરબો.

(પુનમચાંદની એ રાગ,

બેહનો પ્રતીવ્રતા નીજ ધર્મ તમે સ્વીકારજોરે

રહેતા પતી સેવામાં હાજર દીનને રાત

પામો મુકતી પદને સુખ ઘણું સંસારમાંરે પામો ૧

સત્ય વચન સૈ બોલજો નીજ પતીની સંગાત

સાસુ સસરા સર્વેને સાચી કહેજે વાત

રાખી નમ્રતાને માન થકી બોલાવજોરે
વરતી સદગુણથી રાખો માને પ્રસન પામો ૨

નેત્ર નેહ નવ રાખશોરે પરપુરૂષની સાથ
પિતા પુત્ર ગણી તેહને બોલો સૌ સંગાત
ઠઠા મશ્કરી કરીને બહુ નવ બોલવુંરે
વળી એકાંતે નવ કરવા શુભ વિચાર પામો ૩

હાંસીના નવ પેખવા નીત જોવું પતી મુખ
સદગુણમાં રહેજો તમે અક્ષય પામો સુખ
લડવું વઢવું ને ગુસ્સામાં કદી નવ બોલવુંરે
રહેવું સંતોષે જે આપ્યું છે જુગદીશ પામો ૪

પતી પ્રકૃતી હોય જો અગ્નિ કેરી ઝાળ
સંતાપ બુજાવશો સામો નાંખે કાળ
હસવું રમવું તે સુખેથી દીન ગુજારવાંરે
તેથી થાશે સૌ કુળનું કલ્યાણ પામો ૫

ધન સપતી વાસના પટકુળ જુદા રંગ
સર્વ ફોગટ જાણજો ધરજો સદગુણ સંગ
મળશે પરમેશ્વર આપે મુકતી ફળ સાતમાંરે
કહે લક્ષ્મણ ગણપત હેને ધરી મન હોંશ પામો ૬

શૈયર સુખકર સંસાર, શીયલ ભુશણ સજીએ
એ વીણુ નીગુણા નરનાર તનમનથી તજીએ
પર નર નારી પ્રેમ દીપકમાં પડી પતંગ સમાનરે
સુજશ શરીર સળગાવી મુકે, કંઇક નકૂટ નાહાન
અવર અખંડીત અંગ અનુપમ, નહી મળે એક નાકરે
શીયર વીનાં એવાં સદગુણ શહુ, જેમ સોમલ સંપાદન
વ્યભીચારીને સઉ સંસારી, કુરે અધીક ધીક્કારરે
ગરપોળે પકડાતાં મહોટા જનને માર-
જાય કરમથી જેહ જગતમાં, કરે કલંકીત કુળરે
અકકલમાં અંધારા ઉઠયા, ધર્મ કરમનાં ધુળ-
વેર વીરોધ વધે વ્યભીચારે, નીશ્ચય ધનનો નાશરે
શીવગુત કેશવ પીયળવંતના દેવ સરીખા દાસ

સખીઓ નીજનીજ નીતી ધર્મ સદા સંભાળીએરે;
પરમ પવીત્ર પતીવ્રત પટકુળ કરી પરીધાન.
સાસુ સસરા માત પીતા પીતાની શેવા સાચવો,
ભાવ સહીત ભક્તીથી નીત ભજીએ ભગવાન;
એવા ઉત્તમ ગુણથી ઉભય સકુળ અજવાળીએ. ટેક
નજરે નજર ન જોડીએ નાથ વિના નર સાથ.
પરનરને નવ આપીએ, તાળી હાથોહાથ

હસવું રમવું એકાંતે નવ બેસવું,
પતી વીણુ પતીના પદ મીત્રોની શંગાથ—એ૦
નાથ વીના કરવી નહી, વીનોદ રસની વાત,
વીશ્વ વીરૂદ્ધ ન વર્તવું, ભલે વાત કે ભ્રાંત,
સજની ભ્રષ્ટ થવું નહીં સુધરી સહ આચારથી,
નીરલજ નટખટની સોબત તજની સુજાત—એ૦
કુષ્ટી કદરૂપ કુબડો, નીર્ધન નીરબળ કાય
મતીહીન પતીત પતી મળે, એ સતીને સુરરાય;
જોડી પગ અંગુઠડે, દ્રષ્ટી આડુ ઓઢીએ,
સુખકર આચવીએ સૌ સાથે સંપ સહાય—એ૦
ઉંચે સ્વરે ન ઉચરવું મુકીને મરજાદ;
કુલીન બહેન કરવો નહીં વડીલથી વીવાદ,
ચંચળ ચાલે ચતુર ચટક મટક નવ ચાલીએ,
શીવકુત કેશવની શીખામણ અંતર આદ—એ૦

માંકણુની ગરબી.

માંકણુ કરડે છે માંકણું માંકયો ઉતપાત માંકણુ કરડે છે,—
હવે કોને કહીએ વાત માંકણુ કરડે છે,
હવે કયાં જઇ રહીયે રાત, માંકણુ કરડે છે   ટેક
માંકણુ ચાંત્રળ જુ જતીને, માર્યાનું બહુ પાપ,

અડધી રાતે ભગવંત સમરાવે, માંકણને પરતાપ મા૦ ૧

નવી વહુને માકણ કઇડયા, કઇડયા આરી રાત,
ખાટલે પાસા ઘશી ઘશીને, બહાડે પાડી ભાત માં૦૦૨

બીયાભાઈ ને માકણ કઇડયા, ચટકે ચડી રીસ,
ખાટલો ખંખેરવા કહાડયો ભાંગી નાંખી ઈસ, માં ૩

માંકણ મુવા મસ્તીખોરા આવે લારે લાલ,
દીવાનું દીવેલજ ખુટયું, તોય ન આવ્યો પાર માં ૪

એકને મુકી બીજે ઝાલો, તીજો નાસા ગયોરે
ઉતાવળથી ઝાલવા ગઈ તો દીવો રાણો થયો, માં, ૫

આખી રાત વેણી મુવા પણ તોય ન ઓછા થાય;
કાંઈખાટલાના પાયામાંને. કંઈ ભીંતે.માં જાય, મા ૬

વેણ્યા વીના વધી જાય; પછી ન આવે પારરે,
એક જો છત જીવતો હોય તો, તેનો ચાલે વીસ્તાર મા ૭

ખાટલા ખંખેરીને ગોદડાં તડકે નાંખોરે;
ભીતે જો માંકણ જતા હોય તો તે નજરમા રાખો, મા. ૮

વાંહરાની ગરબી.

નવે નગરથી વાંહરોરે આવ્યો
ડાહ્યાભાઈનુ ઘર પુછતોરે આવ્યો,
મોડાતીએ દીધાં માનરે વાંહરા,
નવડાવી ધોવરાવીને પાટલે બેસાડયો,

આખજ આંજીને ટીલડા તાર્યો,
એટલે આવ્યા ડાહ્યાભાઇરે
ફટ ગધેડી વાંદરો શું ઘાલ્યો;
હું રૂપાળો વાંદરો શું ઘાલ્યો;
હું છોગાળો વાંદરોશું ઘાલ્યો.

સાખીઓ અને શમશાઓ.

ગોકુળીએ લેઇ ચાલ વાલા ગોકુળથી વ્રંદ્રાવન રૂડું
તે મુજને દેખાડ વાલા થેઇ થેઇ રાસ રમાડ વાલા
રાસ રમ્યાના કોડ વાલા જે જે શ્રી રણછોડ વાલા;
સરસ્વતી માતને વીનવું ગણપત લાગું પાય
બહુચરી અંબા આશ પુરજો ગુણ સેવક તમારા ગાય
વાલા ગોકુળીએ લઇ ચાલ વાલા
ત્રણ સુત રીફુ તોડાગર તાખરખ અસવાર,
માત પીતા ભુવણ તારા વેરી સામ જુહાર વાલા
ગોકુળીયે લઇ ચાલ વાલા, (ભગવાન)
ચંદન ભરી તલાવડી, મોતીડે બાંધી પાળ
અસુરયાં પાણી સાંચરયાં રાધારાણી પાણીડાની હારવાલા
ગોકુળીએ લેઇ ચાલ વાલા,
પથર મટી થઇ પ્રેમદા ભોજન કરતાં ગાય
અડધુ અંગ ફરે કુંદડી તેનું એકુ સળેકો ખાય વાલા

ગોકુળીએ લઈ ચાલ વાલા (બંટી)
ડુંગર ઉપર દેરડી સોની ઘડે સોનાર
કાનજી ઘડાવે વેળીયાં રાણી રાધા ઘડાવે હાર
ગોકુળીએ લઈ ચાલ વાલા ૫
પાંચ વેંતની પુતળી મુખ સોઢાના દંત.
નારી સંગે નીત રમે તમે ચતુર વિચારો અંત વાલા
ગોકુળીએ લઈ ચાલ વાલા (સાંબેલુ) ૬
કુવા ઢાંકણ ઢાંકણુ ખેતર ઢાંકણુ વાંડ
બાપનું ઢાંકણુ બેટડા ઘરનું ઢાંકણુ નાર વાલા.
ગોકુળીએ લઈ ચાલ વાલા ૭
લંક લપેટણ શીત હરણુ નહીં લંકા પતી રાય.
જીસ કારણ કઉરવ હણ્યા મોકલાયો મારા નાથ વાલા
ગોકુળીએ લઈ ચાલ વાલા (ચીર) ૮
મગ મગ જેવડા મોતીડાં આડા અવળાજ વેહ,
જુવો માબાપનાં છોરૂવા, તમને આવડો શો સ્નેહ વાલા
ગોકુળીએ લઈ ચાલ વાલા ૯
સોપારી જેવડું સારંગડું તલનો ત્રીજો ભાગ,
એ સારંગડે બે રત્ન ગળ્યાં એક ધરતી બીજુ આભ,
વાલા ગોકુળીએ લઈ ચાલ વાલા (આંખની કીકી] ૧૦
ડુંગર ઉપર દેયડી ઉપર કલાયલ મોર;

સાત તાળ મેહેલમાં બેસો દીકું અંધારૂ ઘોર વાલા
ગોકુળીએ લઇ ચાલ વાલા, ૧૧

વેંત જેવડી વરખડી ને હાલ જેવડું ફુલ,
આચા કમળ ઉતરે તેનુ પાકે થાયે મુલ વાલા,
ગોકુળીએ લઈ ચાલ વાલા, (કુંભારનો ચાક) ૧૨
ખંભાતી ગાડાં જોતરા મહી ભરયુ છે હીર,
પિયુજી હોયતો મુલવે મારા ફાટી ગયાં ચીર વાલા
ગોકુળિએ લઈ ચાલ વાલા ૧૩
નગરમાં નાગી ફરે, વનમાં પહેરે ચીર,
ત તો તમે લાવજો મારી સગી નણંદના વીર વાલા.
ગોકુળીએ લઇ ચાલ વાલા (સોપારી) ૧૪
ખંભાતી ગાડાં જોતરા મહી ભરા દાંત;
પીઉજી હોય તો મુલવે. મને શાના ચુડાની ખાંત વાલા,
ગોકુળીએ લઇ ચાલ વાલા; ૧૫
ગાય વીયાણી ગાદરે, વાછરડુ વાડા માંહી.
દોનારી ઝુલે પારણે તેના છે.રૂડા લશકરમાંહી વાલા
ગોકુળએ લઈ ચાલ વાલા (બંદુક) ૧૬
આંબલી અડ ચીકણી, ટુકા ટુકા પાન,
પીઉજી બેઠા સભ માં કેને કેમ કરૂં શાન વાલા,
ગોકુળીએ લઇ ચાલ વાલા; ૧૭

નારી હીટી નર થયો, શુરા પહેલો બાય
આઠ માસ રહ્યું ભોગવી પછી નારી થઈ વેરભાય વાલા૧૮
ગોકુળીએ લઇ ચાલ વાલા (ગોકુળનો ગાળો)
પાટણ દીવો પ્રજરયો મેશ પડી મેવાડ
આંજનારી આબુગઢ વસે, એનો છેલ વસે ગુજરાત વાલા
ગોકુળીએ લઇ ચાલ વાલા ૧૯
પડી પડી પણ ભાગી નહી, કકડા થયા બે ચાર;
વગર પાંખે ઉડી ગઈ, તેનો ચતુર કરોને વીચાર વાલા
ગોકુળીએ લઇ ચાલ વાલા. (રાત) ૨૦
આંબો વાવો હસીયુ દેશમે, ઉગયો અમદાવાદ
ફાલ્યો ફુલ્યો માળવે. વેઢાયો ઝાલાવાડ વાલા
ગોકુળીએ લઈ ચાલ વાલા, ૨૧
આંઠ કટકે નીર નીપજયો. દોનારી દોર.
તેમાં બે નપુશક વસે તે મેં તજયો ભરથાર વાલા
ગોકુળીએ લઇ ચાલ વાલા ૨૨
તનના કરૂ તાજવાં મનનો કરૂ બજાર,
હૃદયાની કરૂ હાટડી, હું તો વણજ કરૂ વેપાર વાલા;
ગોકુળીએ લઈ ચાલ વાલા; ૨
નારીને તો નર ઘણા આગા સાથે છે પ્રીત,
નારી પહેલો નર મરે તેતો, કોના કુળની રીત વાલા

ગોકુળીએ લઈ ચાલ વાલા ૨૪
જળમાં પેશી ઘર કરે ઝાઝા જળમાં જાય,
માથુ વાઢે મરે નહી, એનો ખાલ ખેંચે જીવ જાય.
ગોકુળીએ લઇ ચાલ વાલા (ડાંગર) ૨૫
આખો ટારીએ ઓરીએ કોણુ શોધુ રખવાળ
પેલો પાટોના પાપળો, મારો પરણ્યો નાનેરૂ બાગ વાલા
ગોકુળીએ લેઇ ચાલ વાલા, ૨૬
બાપે જનગી બેટડી બેટડીએ જન્મો બાપ,
ચતુર નર શમશા કહો, એતો બેટડી ભલા કે બાપ
ગોકુળીએ લેઇ ચાલ વાલા. (આંખલી) ૨૭
ઉંચી ગોળી ઉજળી જળ ભરવાને જાય.
કાંટો વાગ્યો પ્રેમનો એતો ઉભી ઝોકાં ખાય વાલા
ગોકુળીએ લેઈ ચાલ વાલા. ૨૮
હસ્તી ચઢણુ ગઢ રંગન વેધ્યા વલભ જેણુ,
પીઉ પધારો તેને હાટડે મોકલાવો તેવું તેવુ વાલા
ગોકુળીએ લઇ ચાલ વાલા (સીંદુર) ૨૯
આંગણું વાવું એલચી સેચાવું નાગરવેલ,
પરણ્યો હોય તો પાળજે, નીકર મહીયર વળાવી મેલવાલા
ગોકુળીએ લેઇ ચાલ વાલા. ૩૦
ત્રણ મુખને તેર સાંભળ ચતુર સુજાણ

નર ઉપર નારી ચડે, પછે થઇ છે તાણા તાણ વાલા.
ગોકુળીએ લઈ ચાલ વાલા 31
હરીએ મોતી નીપજે નહી મોતીનુ મુલ,
ભાગ્યો દાણું નહી મળે, એક મોતીને બીજુ મન વાલા
ગોકુળીએ લઇ ચાલ વાલા.

ગરબીઓ.

ચાલ સખી શેલાણી આવ્યો મારા બાગમાંરે એ રાગ
તર્જ બિસરી બિસરી બિસરી રાજ મને બંસી વગાડી
કાંહાંના વાંસરી ટેક

મુને મુકી ગયા બાળે વેશમાંરે
લીધી સુધી ન અહી લવલેશ મુને ૧
દાશી જાણીને આવો મારા મોલમારે,
બીના છત્રપતી તો નથી ચેન મુને ૨
મને નીંદ્રા ન આવે શેજે એકલીરે
બીનાં બાલમ કટે કૈસે રેન. મુને ૩
મારા જોબનનાં પુર વહી જાય છેરે,
તમે આવો માણો માહારાજ, મુને ૪
કોઇએ ભરમાવી લીધા મારા છેલને જો.
કીધાં ઘાયલ પ્રીતમ તારાં નેણ, મુને ૫
ઓધવ સંદેશો કેજો શામનેરે

વહેલા વળે જીવન રાજ. મુને ૬
કુબ્જાથી ઓધવ કહે નાથનેરે,
મહે વ્યાકુળ સદા વ્રજ નાર. મુને ૭
એવું સુણીને રાજ પધારીઆરે
ગોપી આનંદ ઉર અપાર, મુને ૮

મને માયા લગાડી મોહનીરે:
મોહની મોહની મોહનીરે;
રાજ મને માયા લગાડી મોહનીરે.
હું તો હાલુ ચાલુને મને સાંભળેરે,
જોઉં જોઉંરે પ્રીતમ તારી વાટ મને ૧
વાલો જુમનાની તીરે એકલોરે;
ત્યાં તો ખોબલે ઉરાડે નીર મને ૨
મુંબઈ શેહેરનાં તે મોતી વાપરરે,
તે તો આવ્યા અમારે દેશ, મને ૩
પાતળીયો હોય તો મુલવેરે;
અણબોલાં દરીયા પાર મને ૪
કાઠીઆવાડની તે કાબીઓ વાપરીરે,
તે તો આવી અમારે દેશ મને ૫
છબીલા હોય તો મુલવેરે,

છોગાળો દરીયા પાર મને ૬
સુરત શહેરનાં સાળુ વાપરારે;
તે તો આવ્યા અમારે દેશ મને ૭
પાતળીઓ હોય તો મુકાવેરે,
શામળીઓ દરીયા પાર. મને ૮
હવે મોહન મથુરાથી આવીયોરે,
સરવે વસ્તુની વોરત થાય મને ૯
તમો નીરદય નઠોર નંદલાલ છોરે,
કીધું ઘાયલ ને લીધી સભાળ. મને ૧૦
એવું શુણી પ્રીતમ પધારીયારે,
આવી કીધી છે લીલા લેહેર, મને

ગરબી દક્ષણુ ભાષાની.

[ગોકુળીએ લઇ ચાલોરે ઓધવરાજ હમને એ રાગ)
તુમી મીલા વીસરૂ ન ગેલારે જાદવ નંદ કૃષ્ણ;
લબાડ વચન મોલા દીલારે જાદવ નંદ ટેક
ગોષ્ટ વીજોગાચી કોણુલા તીસાંગુ,
યાચાં મી તુમચે પાઇ લાગુરે. જાદવ ૧
હરીચી વાંટ મી અહોનીશ પાહુ
કૃશ્ણ વીયોગે કુઠે જાઉરે, જાદવ૦ ૨
દરશન દયા મારા કૃષ્ણ મોરારી.

થા મી તુમાવરૅ વારીરે જાદવ ૩
કપાડ ક્રપટ તુમી અમચીકા ખાતા;
સવતીચ્યા ઘરી જાવું ન રહાતારે જાદવ ૪
સવતીચ્યા ગોંડ ગીતા પાહુચાચી નાહી
સત્ય સાંગુ અગીસારે જાદવ ૫
અશે આંગળુતી હરી રાધા ઘરી આલે,
કામીપે સ્વામી પ્રસન ઝાલેરે. જાદવ ૬

[ગરબીઓ વૃજ ભાષાની.)

શામળા હાડી નહુ કે ઘર જાવું હાડી હાડી કુમળાવુંરે
શામળા ટાડી ચ્હુ કે ઘર જાવુ, ટેક
તુમારે આંગણીયે.
આકર ગોખળુ શામળા ૧
વંદ્રા તે વનની કુંજ ગલીમાં,
ગોવીંદ પ્રભુના ગુણ ગાવુંરે શામળા ૨
જળ જુમનામેં પનીયા ભરન ગઈ
ચેઇ સુરત લપટાવુંરે શામળા ૩
સુંદર જળ જુમનાજીકા નીરમળ,
નીત્ય ઉઠી ગંગામાં નહાવુંરે શામળા ૪
પુરૂષોતમ પ્રભુકી છબી નીરખત,
ચરણ કમળ ચીત લાવુંરે શામળા ૫

ભુલીયાઈ માળા કુંજનકે બનમે,
કુંજનકે બનમે કુંજન- બનમે,

ભુલીયાઈ માળા:
સ્યામકે ખાતર મેં તો જોબન બનગઈ,
હોંશ રહી મનકી મનમે, ભુલીયાઈ ૧
જળ જુમનામેં પનીયાં ભરન ગઈ
ઠંઠ લગી અંગીયા બીતરમેં, ભુલીયાઇ ૨
પુરશોતમ પ્રભુકી છબી નીરખત
લીલ ગયે મે હુન બંનમે, ભુલીયાઇ ૩

છોટી મમતકી અંગીયાકુ અવતાર લગાકે ચલી, એ રાગ)
બ્રખુભાનકી લલી સામળીયેસે નેહડા લગાકે ચલી, ટેક
આવોજી સામળે મેરી ગલી ઠાઠે રહા લાલજીમેં ખડી

ખડી બ્રખુભાન ૧
હાથમે છે ગજના ગુલાબકી છડી,
પાઉસે ઝાંઝર બજાવતી ચલી. બ્રખુભાન ૨
આંખો ભરે સુરમેને મુખમા ભરે પાન,
છોટી ઉમર રાધા બોતસા ગુમાન. બ્રખુભાન. ૩
બાઇ મીરાં કહે પ્રભુ ધોર ગંભીર,
ગોવાલજીકુ મીલ ગયે જુમનાંકે તીર, બ્રખુભાન ૪

મેરો બાંધ્યાં ગુલાબીકો ફુલ હમારો રંગ કેશરીયાં
સુનેકા ગડવા ગંગાજળ પાની
મેરો પીયે ગુલાબીકો ફુલ, પીલાવે રંગ કેશરીયા
સુનેકી થાળીમેં જમવા પીરસુ,
મેરો જમે ગુલાબીકો ફુલ જમાવે રંગ કેશરીયાં મે ૨
ચુન ચુન કળીયાં મે શેજ બીછાઈ
મેરો લોટે ગુલાબીકો ફુલ, ઉડાવે રંગ કેશરીયાં, મેં ૩
ચંદનકી ચાદર ઓઢો મેરે વાહમ
મેરો ઓઢે ગુલાબીકો ફુલ, ઓઢાવે રંગ કેશરીયાં. મે ૩
ગંગેરી પાન જસોદા બીડીયાં,
મેરો ચાવે ગુલાબીકો ફુલ, ચલાવે રંગ કેશરીયાં મે૦ ૫
બાર ભયા ઓર ચીડીમાં બોલી,
મેરો ભાગે ગુલાબીકો ફુલ ભગાવે રંગે કેશરીયાં મે ૬

ગરબી ૫ મી

ગીરીવર ગોપી રૂપ એક ગીરીવરધર ગોપી
જેમ પ્રતીબીંબ સંગ રમે બાળક એમ લીલા ઓપી રૂપ૧
કાશીમાં મુકીને શ્રી ગોકુળમાં પ્રેમ વેલ રોપી રૂપ ૨
વૃજ વનીતાને વશ થયા વીઠલ, વેદ વચને સોંપી રૂપ ૩
શુદ્ધ ચીત પ્રેમરસ વા પીધો શુ થયુ બેહેર ટોપી રૂપ ૪
દયાના પ્રભુની લલનાએ સુખ મરડયુ તને કામ વાસનાકોપી

ભાગ ૮ મો.

લગનમાં ગાવાનાં ગીતો.

ગીત ૧ લું કંકોત્રી.

કંકુ છાંટી કંકોતરી મોકલે, કોઇ લાવે કુળવંતા બેન,
વીરા વહેલા આવજો.
દેવ દુંદાળાને લાવજો, એ છે પારવતી પુત્ર વીરા
શ્રી કૃશ્ણ બળદેવ બે બાંધવા; પવીત્ર પીતા વાસુદેવ વીરા
પાંચ પાંડવ દાસ તે તમતણાં, હરનીશ જપે તમારૂં
નામ વીરા.
જકતજનેતા દેવકી ને રોયણી, અંજણીદેવી તમારાં માત
વીરા વહેલા આવજો.
ભત્રીજા ભલા મન ભાવતાં, તમ આવે થશે સુખ ચેન
વીરા વહેલા આવજો
રાણી રૂકમણીનેરે વતી સતભામાનેરે આંણું લાવી;
વીરા વહેલા આવજો.
બીડઅંજન તમારી ભાભીઓ સોળ સહસ્ર અકસેં ને આઠ
વીરા વહેલા આવજો.

મંમ જેઠ દિયરીઆને કોડ ઘણી તાઈ બજતારણ ભગવાન
વીરા વહેલા આવજે;
સાથે જાદવ સઘળાને લાવજો; બીજો ઉતમ વરણ અનેક.
વીરા વહેલા આવજે.
વેદ વંચતા વીપ્રને લાવજો બીજો સર્વે કુટુંબપરીવાર વીરા
થોડું લખ્યું ઘણું કરી વાંચજો; પ્રભુ નોધારાના આધારે વી
પ્રતીજ્ઞાએ વેલા પધારજો, શેષનામ ન પામે પાર વીરા વે.

ગીત બીજુ—જાગનાં

વાડીમાં રેલછેલ મોગરો

મને આપોરે માતા કોદાળી,
હુ તો મોગરો રોપવા જંનાદેવ ૧. ડી
મને આપોરે માતારે ઘડુલો,
હુ તો મોગરો સીચવા જાઉરે રંનાદેવ વાડી
મને આપોરે માતા ટોપલી,
હુતો મોગરો વેડવા જાઉરે રંનાદેવ, વાડી

ગીત.

આરેરે આંગણે કુવારે ખવાણો ઘુંટણસમાણું પાણીરે રંનાદેવ
બાટડીઆળાં નાવારે બેઠાં, આદીતની ઘર નારરે રંનાદેવ
સોઈ રંગ તોઈ રંગ લાલ કસુંબો મથુરામાં મોઘો વેચાયરે
રનાંદેવ

કેળાં કાનળીઓ ને આંબા પાતળીયા, ખડબુચાં છોલાયરે,
રંનાદેવ
મારેરે આગણે કુઈરે ખણાયો, ઘુંટણ સમાણાં પાણીરે
રંનાદેવ
ઘાટડીવાળા નાવારે બેઠાં નથુભાઈની ઘરનારરે. રંનાદેવ
શોળ રંગ તોઈ રંગ લાલ કસુંબા મોંઘા વેચાયરે
રંનાદેવ
કેળાં કાતળીયાં ને આંબા પાતળીયાં ખડબુચાં છોલાયરે
રંનાદેવ.

ગીત.

પેલોરે પોઠી કંકુએ ભરિયો,
જઈ રાણી રાંદેલ આગણ ધરિયો;
માવડીયો બાગોને મેલુલારે;
હું વણુઝારી દાસ તમારી;
નવલાખ પોઠી શ્રીફળે ભરીયો:
જઈ રાણી રાંદેલ આગળ ધરીયો માવડીહુંવના નમા.
ત્રીજોરે પોઠી, ખારેકે ભરીયો.
જઈ રાણી રાંદેલ આગળ ધરીયો માવડીહુંવના ન મા
ચોથેરે શ્રીફળે ભરીયો,

ગર્ભ કાળુ હરીહર આતમા ધર્યો, માતપીતુના ન મુખ
વેરી ન જાણું કાંઈ ન જાણું
નવ લાખ પેઢી ઉંઝાડી લકડું

ગીત.

અમારે રાંજાયે નીસર્યા હંસ કયાં જઈ વસસો, ૧
વસીસું તે આમા આંમલી, વસીસું સરોવરની પાળે ૨
વસીશું તે નથુભાઈને ઓરડે, જે મીઠું બોલનાર ૩
મીઠાં બોલે ને મન રીઝે લળી લાગે છે પાએ
પાએ લાગીને શું માગીયં મણીભાના રાજ. ૫
અખંડ હેવાતન ચાટડો માગવા પુત્ર પરીવાર ૬

ગીત.

રાંદેલ માનો રહુરોયે સોરંગનો, રાંદેલ પુજે કેણ કરીર ૧
નથુભાઈનેરે ઘેર નવી નવી વહુ તો, રાંદેલ પુજે તેણે કરીર

માંડવાનું ગીત.

મારે માંડવો આંબરે છાયોને નેત્ર ઓઢાડીરે
મારે માંડવે કેળનો થંભ આ થો રૂડો માંડવોરે
મારે માંડવે કંકુ ઢોળ્યું આઠ્યું કેસુ આવશેરે
કુંભ બોલ્યા હીયા ભાઈની વાટ જોને આવે રંગરહેલીરે
મારે માંડવે મોતીલાલ આવ્યા હીરાલાલ આવશેરે

હુંતો જોઉ મારા માણેકલાલની વાટ જેને આવે રંગ.હેશેરે
મારા માંડવે કેઇ વહુ આવ્યાં હઈ આ શેરે,
હુંતો જોઉં મારી કેશ વહુની વાટ જેને રંગ રેહેશેરે
મારે માંડવરે આંબા વહુ આવ્યાં હવકાર વહુ આવશેરે
હુંતો જોઉં મારી હરકોર વહુની વાત આવે રંગ રહેશેરે

ગીત

ઉચા મંડપ મોગરે રચાવો. મેતો રૂડે પગરણુ માંડીઆરે,
મંડપ ઉપર બાજઠ પથરાવો, મેતો૦
બાજઠ ઉપર બાજઠીયા ઢળાવો મેતો૦
બાજઠ ઉપર બાજીઓ ઢળાવા મેતો૦
બાજી ઉપર પાનળીના પાસા મેતો૦
રમશે રમશે રાજપીપળાના રાજા મેતો૦
સામા રમશે નાનાભાઈ દેસાઈ મેતો૦
હાર્યા હાર્યા રાજપીપળા રાજા, મેતો૦
જીત્યા જીત્યા નાનાભાઈ દેસાઈ મેતો૦
જીત્યા ઉપર નોબતો વગડાવોરે મેતો૦
હાર્યા ઉપર બેઠા બુકારા, મેતો૦

ગીત.

સુરજ ઉગ્યારે કેળડીયાની કુખુસે કે વ્હાલુલા ભરથારે
સુત જાગોરે વાસુદેવના નંદ કે, વ્હાલુલા૦

તમે જાગોરે જાગે સહુ દેવ કે, ૦હાલેલા
લેજો લેજોરે પીતળનો લોટો કે, ૦હાલેલા
દાતણ કરજોરે તુળસીને ક્યારે કે ૦હાલેલા
મુખ લોજોરે પામરીઓના છેડ કે,
નામ લેજોરે શ્રીરામાના નામ કે, ૦હાલેલા૦
સુરજ ઉગ્યારે કેવડીયાની ફુણકે કે, ૦હાલેલા૦
સુતા જાગોને પારવતી વહુના કંથ કે ૦હાલેલા૦
તમ જાગોરે જાગે સહુ દેડ ૦હાલેલા૦
લેજો લેજોરે અધવાના લોટા ૦હાલેલા૦
દાતણ કરજોરે ઉકરડાની ટોચ કે ૦હાલેલા૦
મુખ લોજોરે મથોતાતે છેડે કે, ૦હાલેલા૦
નામ લેજોરે તમારા બાપનું નામ કે ૦હાલેલા૦

ગીત.

કોણે મારાં આંગણાં સમારીયાંરે;
કોણે પુર્યાં મોતી કેરા ચોક મારા આંગણાં રળીયામણાંરે
કોણે મારા સામા તોડા ધોળીયારે,
કોણ લખીયા હંસને મોર, મારા તોડા રળીયામણારે
ડાહ્યાભાઈએ આંગણા સમારીયાંરે;
મોતી બેહેને પુર્યાં મોતીચોક મારા આંગણાં૦
૦દલુભાઈએ સામા તોળીયારે,

સુરી બેહેન લખીયાં હંસને મોર, આશ સામા તોડા

ગીત.

આવો માલણ બેસો બેસણેરે,
કહો તમારી વાડીયોનાં મુલ, માળણ રાણી એમ ભણેરે
લાખે એ લાખે મારો મોગરોરે
અધ લાખે ચંપલીઆનો છોડ, માળણ રાણી૦
લાખ ખરચીને લેોને લાલજીરે
લાડકડારે મુજીયાજીને અજ. માળણ રાણી૦

ગીત.

લાલ લીલુડા વાંસ વડાવો, તેની રતન ટોપલિઓ કરવો
ગોળની મોતીલાલના હાથમાં આપો,
મોતીલાલ ઘોડા થઇ ઘેર આવે.
મારી ગંગાબેનને ન ભાવે સ્વામી કયાં લાગી આવડીવાર
ધોરી તારેણ ચયર ગરમણ માંડયા, પાછલી રાતનાં દળણાં દળાવ્યા
પરોઢીયામાં પાણી ભરાવ્યા વડાણે વાએ વાછીદા ત્રળાવ્યા
ખરે બપોરે બળ્યાં ફુકાવ્યા,

ગીત.

ઉગતા સુરજની રજ ખરીરે,
એનીયે રજેરે કાંઇ શ્રી કૃષ્ણ ઘડીયારે

કાળી ગોરીરે કાળી કુટડારે ૧
કુંતા તમને પુછું માંના દેવકીજી વણજારારે,
તમે કેમ શ્રીકૃષ્ણ જાયાને ૨
ઘડીએ ઘડી ઘડાએ ઘડીઆળાં વાગેરે,
પહોરે બે પહોરે જશ આવતીરે. ૩
આરતીહીરે દેશે દેવકીજીની કુખેરે
જેની કુંખે શ્રીકૃષ્ણ જન્મીઆરે ૪
ઓરડે ઝાંખા ને પ્રભાતે અજવાળારે
કુળને અજવાળારે વાસુદેવ તણારે ૫
ના રૂજ ખબરે, ૬
કંસ મુરજીઆજી ઘડીયારે
કાળીને ગોરીરે કાળી કુટડારે ૭
કુંતા તમને પુછું મારા કૃષ્ણજી વણજારારે,
તમે કેમ મુરજીઆજી જાઇયારે ૮
ઘડીએ ઘડીઆળાં વાગેરે.
પહોર બે પહોરેરે જસ આવતીરે. ૯
આરતીહીરે દેશે કૃષ્ણજીની કુખે,
કુળને અજવાળારે વાસુદેવતણાં. ૧૦

ગીત.

હાલો હાલો કેડી માઢાં ઘર વધાવા લે પહેરાસે

લાણંકી રમે છે ૧

વીરાની જોડીએ રૂડા હાથ કનાડું,
તો ત્યાંને કણાંક અરમ્ય કેવાં રે ૨
ત્યાં ત્રારા પરે કે મારા મારંનો જાય,
તો વાએ ડોળે ભાભી કુરડ રે. ૩
ધૂએ ઢોળાં ભાભી મેંઢંએ ગોટવ્યાં,
તો ખાઈને પારેસ ન રાખીયા રે. ૪
દીકું મનુદાંકું નણદી જંગત માગે.
તો નારેય ઈઠાંને ડપાયાં આપીએરે ૫
ઘરની ધણીઆણી તમે એવું શું બોલો,
તો બહેન વિના વીવાહ કેમ થાશેરે. ૬
સાત શોભારા પાડોશણને આપુ,
તો તે મારે કહીયા મહાલશેરે, ૭
ઘરની ધણીઆણી તમે એવું શું બોલો,
તો બહેન વિના ચૂંદડ કોણ ઓઢશેરે, ૮
ચોખાને લાડુ મારી પાડોશણોને આપુ,
તો તે મારે ગણેશ પુજશે. ૯
ઘરની વહુઆરૂ તમે વાંધાને ચોરો,
તો જમવાને બેશે મારી બેનડીરે ૧૦
ઘરની વહુઆરૂ તમે ખાજાંડા લાવો,

તો બારીએતે મૂકો મારી બેનડીરે, ૧૧
ઘરની વહુઆરૂ તમે હેરાને ફેરાં,
તો પકવાનને ઓરડે મારી બેનડીરે ૧૨
આખડું પંખેરૂ ગોરી બ્હોળીએ આવે,
તો રૂપૈયા ઉછાળુ બેની ના મળેરે; ૧૩
ગાદીના જાયા તુને દેછેરે આશીષ
તો સાતેને દીકરે હીંડજે મલપતારે ૧૪
વ્હેવણની જાઈ તુંને દેછે આશીશ,
તો સાગે શોકે આંસુ ઢાળજે, ૧૫

ગણેશનું ગીત

ગણેશપાટ બેસાડીએ, ભલાં નીપજે પકવાન,
સગાં સંબંધી તેડાએ જો પુજા હોય મોરાર.
જેને તે આંગણે પીપળો તેનો તે ધન અવતાર,
સાંજે સવારે પુજીએ જે પુજા હોય મોરાર.
જેને પેટ ચાર દીકરી તેનો તે ધન અવતાર
ચારે વહુઓ પાએ પડે જો પુજા હોય મોરાર.
જેને પેટ ચાર દીકરા તેનો તે ધન અવતાર,
સીચ્યા સીચ્યા વનવાવરે જો પુજા અવતાર,
જેને તે આંગણે કોટડી તેનો તે ધન અવતાર
સાંજે સવારે દહી વલોવે, જો પુજા હોય મોરારરે,

રાતો તે ચુડો મારો રંગ ભરો,
કોરાનેને ક્રમખો હાથ:
ઘરચોળે ગેડ ભાંગીએ જે પુન્ન હોય મોસર.
શાક તે ઘઉંની રોટલી ગળાગળીઓ કંશાર,
ભેગા બેસીરે આરોગીઓ. જો પુન્ન હોય ગોંગર

ગીત.

ઉકરડી નુતરતાં વનમાળીરે,
જડીઓ છે સોનાનો ખુટો કે ગુજરમાળીરે,
તેની ઘડાવેશ ટોરડો વનમાળીરે
શોવરાવેશ જમણા કાને કે શેજરમાળીરે.
ઉકરડી નુતરતાં વનમાળીરે,
જડીઓ છે લોઢાનો ખુટો કે ગુજરમાળીરે;
તેનો ઘડાવેશ દીવડો વનમાળીરે,
સોવરાવેશ જમણે હાથેરે ગુજર માળીરે,
ઉંડાને કુવો જળ ભરોરે છંટે વાળો શેનાગ,

ગીત.

પીરસ્યો છે કંચળ વહુને ભાણે કે ગુજરમાળીરે,
જમતાં મનસુખભાઇ સાંભળો વનમાળીરે,
ખાઇયો છે કાંચળી માય કે ગુજરમાળીરે,
ભરી સભામાં પડિ ગયો વનમાળીરે.

ફરીથી ગઈ છે કુમિત કે. શુભ કમાળારે.

ગીત

હરે આજ મેતો આડદા પરવત નોતર્યારે,
આડદા તમે ચાર પરડ વધુવા આવ,
મારે સજન મેળાવા નો મળીયા
હરે આજ મેતા એવાં પરવત નોતર્યારે.
ચોખા તમે તો મારે વડાંએ ઝુકવા જોગરે.
મારે સજન મેળાવા નો મળોરે.
હરે આજ મેતો ઘઉંલા પરવત નોતર્યારે,
ઘઉં તમો મારે કંસાર કરવા જોગ,
મારે સજન મેળાવો નો મળોરે,
હરે આજ મેતો મગ પરવત નોતર્યારે,
મારે સજન મેળાવાનો મળોરે,

ગીત.

સોનાનો થંભ રૂડે બડકડયોરે,
થંભનુ નામ મોતીલાલ વીવા ઘેર આવશે,
થંભનુ નામ ના જાણુ વીવા ઘેર આવશેરે.
સોનાનો ગજ હારે બડકડ્યારે.
ડાલીવાળાંઓના નામ ન જાણુ વીવા ઘેર આવશે,
ડાલીવાળાંઓના નામ કવેરભાઈ વીવા ઘેર આવશેરે,

ચાંદી [illegible] ચેમણું હીંબા લખે;
ચેવાળ[illegible] નામ ન જાણું વીરા ઘેર આપણે;
ચેવાળ[illegible] નામ વીરા ઘેર આપણે રે,
સુખમાં [illegible] બેઠા ખુન કરેરે,
ખુનકરાનું નામ ન જાણું વીરા ઘેર આપણે રે,
ખુનકરા [illegible] નામ વીરા ઘેર આપણે,
ઓરડામાં [illegible] વાગે નગારે.
હજામોનું નામ ન જાણું વીરા ઘેર આપણે રે,
હજામોનું નામ [illegible] વીરા ઘેર આપણે રે,
ખોળે [illegible] સોને ભરીરે;
નાયણ [illegible] નામ ન જાણું વીરા ઘેર આપણે રે.
[illegible] નામ વીરા ઘેર આપણે રે.
હાથમાં [illegible] સાડુ ભરીરે;
ગીચારણનું નામ ન જાણું વીરા ઘેર આપણે રે,
[illegible] નામ વીરા ઘેર આપણે રે,
કાંબી [illegible] રંગેરે.
ભાણેજનું નામ ન જાણું વીરા ઘેર આપણે,
ભાણેજનું [illegible] નામ વીરા ઘેર આપણે;
તાંબાના [illegible] પાણી ભરેરે,
પાણીયારીનું નામ ન જાણું વીરા ઘેર આપણે,

પાણીયારીનું પરસન વહુ નામ લીવા ઘેર આપણે.

ગીત.

સેરી સેરી ઘુઘરરા વાગેછે કોઇ ઉમરાવ જાદો આવેછે,
કોઇ જાણુ પીછાણુ કરો પેલા નવલા વેહેવાઇનેજાણુકરો,
પેલા ઠોઠોલા વેહેવાઇને જાણુ કરો તારી સેરી છે સુવાળી.
તારી ઘર ધણીઆણી કર્ણોરે મારી જાનમાં આવ્યા મોટા
વેહેવણ જળ ભરી લાવે લોટારે, વેહેવણ લેજેરે; ઢંઢાવટી
તારે બારણે આવ્યો વેપારી વેહેવણ લેજેરે સોપારી,
તારે બારણે આવ્યો વેપારી વેહેવણ લેજેરે સુપલડુ,
તારા ભવનુ તે ભાગ્યુ ઢુબડુ તારા ચુલાની પછાડે ગારોરે.
તારે દીકરી જણ્યાનો વારોરે, તારા ચુલા પાછળ ઇંટ.
તારે દીકરી જણ્યાની રીતરે, તુતો દીકરી જણીજણીથાકી,
આંબા કેરીની પેઠ પાકી.

રાગ ધનાશ્રી.

સનમુખ શ્રીજી દેખાય હો સજની સનમુખ શ્રી ટેક
લક્ષ્મી બાગમાં વૈષ્ણવની સાથે, તાળીબજાવીનેગાય,
હો સજની ૧
પુષ્પતણા શ્રંગારજીને, જુગતીબંદ જણાય હો સજની ૨
આજની નવલખ છબી નિરખતાં આનંદ ઉરના સમાય,
હો સજની ૩

શ્રીજી સંબંધી સીતળથાય. વાયુધીમેવાય;
હો સજની. ૪
જન્મ ધરીનેજેણે શ્રીજી ના નીરખ્યા. ધીક પડયો અવતાર
હો સજની ૫
ચાલે દયાળુમાં રાજની ચાલે, મલક મલક સુખ થાય
હો સજની૦ ૬
પ્રેમાનંદ કહે છે દાસ હરીનો; ચરણ કમળ ચીત થાય
હો સજની ૭

રાગ પુનમ ચાંદનિનો.

સખીઓ ચાલો તો જઇએ શ્રીજી શહેરમાંરે
નવનીત લાલજી બીરાજે સુખ પાલમાંરે,
ગોરધન નાથજી બીરાજે મોતી મેહેલમાંરે સખીઓ ટેક,
પહેલાં દરશન મંગળ સમય સાંભળોરે
બીજાં શંગાર વાલે બહુ ધર્યારે સખીઓ ૧
ત્રીજાં દરસન ગોવાળ બાલ ખેલનારે
ચોથાં દરસન રૂડાં રાજભોગના સખીઓ ૨
નીત્ય નીત્ય નવીન સામગ્રી આરોગતારે
પાંચન દરસવ ઉત્થાપના હરખીયારે સખીઓ ૪
શંખ વાગ્યો વૈષ્ણવ થયા ઉતાવળારે
ભીડ ભારીને વૈષ્ણવ થયા ઉતાવળારે સખીઓ ૫

છડાં ઝંઝન પીતાંબર ઝમઝમનાં વાગે રે
કસ્તૂરી કુમકુમ લુંગે મારી બીનારે સખીઓ ૬
સાતવાં દર ન મેં ન કમાયનાં સાંભળે રે
નીરખ નેન આની મત રે જગત લાગરે સખીઓ ૭

શ્રી રણછોડજીની ગરબી.

જે રણછોડરાય, પ્રભુ જે રણછોડરાય
અજર કપુરે કરૂ આરતી ગોપીવર ગાય જે રણછોડ ૧
મુનીરૂ નામ પ્રભુ ગાંગામતી, જે કો જન સેવે પ્રભુ૦
ત્રિવિધ તાપ ન વ્યાપે તનમાં, હરિચરણ ઉરે જે રણછોડ ૨
અનુભવ તાન સંધાન અખંડાનંદ, શોભાનંદ સમરે
ચરણ પંકજ રજ શિશ ચઢાવે, તે નીરભેનામરે જે રણછોડ ૩
ઈશ્વર રજપૂજસ શ્રીરંગે આગે રંગરાજે
જ્ઞાન વૈરાગ વસે પુરણ ભવ સંકટ ભાંજે જે રણછોડ ૪
રીધી સીધી નવનિધિ મુકી, ચતુર ધા ચરણ તળે લોટે
આનંદ મુર પરમ સુખ પામે હેમ બાંધ્યુ ગોઠે જે રણછોડ ૫
નખશીખ રૂપ રસિકવર કેરૂં જે હૃદયે ધરશે
કહે પ્રાગ ગોધરાની પેરે ભવસાગર તરશે જે રણછોડ ૬

સમાપ્ત.

જાહેર ખબર

મહાભારત (વ્યાસ દુરગાશંકર કૃત)

મહાભારતની કથા કરવામાં પંકાએલા વ્યાસ દુરગાશંકરે રસીક વાણીથી કોઈ ભાગ્યેજ અજાણ્યું હશે. તેમનું રચેલું આ અતિ રસિક અને બોધક છે. લગભગ ૧૦૦ પાના અને સુંદર ચિત્રો હોવા છતાં, દરેક માણસ એનો સહેલાઈથી લાભ મેળવી શકે તેથી કીંમત જુજ રાખી છે. કીંમત રૂ. ૧॥ [પોસ્ટેજ આના]

ભક્તમાળ (પાકું સોનેરી પૂઠું)

આ સંસારની માયામાં જેઓ ફક્ત મગ્ન રહે છે, તેઓએ આ પુસ્તક ખાસ કરીને વાંચવું. ઈશ્વર ભક્તિને લીધે તન નિર્મળ થાય છે, અને આ જગતની ખોટી માયામાંથી મુક્ત થઈ ખરા સુખના ધામ ભણું જાય છે. આ પુસ્તકની અંદર એકસોતોતેર ભક્તોની અન્ય ભક્ત ઇતિહાસીક દ્રષ્ટાંતોથી બનાવવામાં આવેલી છે. પાના ૨૮૮ પાકું સોનેરી પૂઠું છતાં કીં. રૂ ૧] પોસ્ટેજ ૪ આના

આ સિવાય અમારે ત્યાંથી વાર્તાઓના, ભજનોના નાટકોના વગેરે દરેક જાતનાં પુસ્તકો વ્યાજબી ભાવથી મળશે. વધુ માહિતી માટે અમારું નવું સૂચીપત્ર અડધા આનાની ટીકીટ બીડી મંગાવો.

બુકસેલર—સાકરલાલ બુલાખીદાસ

ઠે. રીચીરોડ—અમદાવાદ

તથા માસ્તર જીવણદાસ લલ્લુભાઈ ભીમકાચોક

મુ. સુરત.